# શીલની સંપદા

કુમારપાળ દેસાઈ

# શીલની સંપદા

લેખક

**કુમારપાળ દેસાઈ**

**ગૂર્જર એજન્સી**
રતનપોળ નાકા પાસે,
ગાંધીરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

કુમારપાળ દેસાઈ

આવૃત્તિ : પ્રથમ, ૨૦૧૬

કિંમત :

પૃષ્ઠ સંખ્યા : ૧૬૦

નકલ :

:

પ્રકાશક :

મુદ્રક :

**અર્પણ**

આગવી કાર્યદક્ષતા અને અવિરત કર્મશીલતા

સમાજના કાજે ઘસાઈને ઊજળા થવાની ભાવના ધરાવનાર

સ્નેહ, સૌજન્ય અને સદ્‌ભાવની પ્રેરણામૂર્તિ

**શ્રી પી. કે. લહેરી**

અને

**શ્રીમતી નીલાબહેન લહેરીને**

અર્પણ

## જીવનદૃષ્ટિનું પાથેય

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે 'વિશ્વરંગ' નામનું એક મુખપત્ર પ્રગટ કર્યું. એ સમયે સંસ્થાના પ્રેરક અને માર્ગદર્શક એવા ડૉ. ધીરુભાઈ ઠાકરે ૧૬ પૃષ્ઠના નાનકડા 'વિશ્વરંગ'માં દરેક વખતે એક વિદેશી મહાનુભાવના જીવનનો માર્મિક પ્રસંગ આપવાનો આગ્રહ સેવ્યો. એ પરંપરા એ પછી 'વિશ્વવિહાર'માં પણ જળવાતી રહી અને એને કારણે આજે આ ત્રણ પુસ્તકો 'મનની મિરાત', 'જીવનનું જવાહિર' અને 'શીલની સંપદા' પ્રગટ થઈ રહ્યાં છે. આવા વિદેશી મહાનુભાવોના પ્રસંગોનાં અંગ્રેજીમાં પણ બહુ જૂજ પુસ્તકો મળે છે અને તેથી આ પ્રસંગોનો અંગ્રેજી અનુવાદ કરવાનું પણ વિચારવામાં આવ્યું.

માનવજીવનનાં મૂલ્યો આજે દ્રાવણપાત્રમાં આવીને ઠર્યાં છે. બાહ્ય પરિબળો કરતાંય વિશેષ એને એના ભીતરનાં પરિબળો સાથે સંઘર્ષ ખેડવો પડે છે. ઉપયોગિતાવાદી સંસ્કૃતિ અને ભૌતિકતાનું આકર્ષણ એના વિચારો, મૂલ્યો, સિદ્ધાંતોને કસોટીની એરણે ચડાવે છે. આ સંદર્ભમાં અહીં 'શીલની સંપદા'માં વિદેશના વિચારકો, વિજ્ઞાનીઓ, સર્જકો, ચિત્રકારો અને લોકસેવકોના એવા જીવનપ્રસંગો આલેખ્યા છે કે જેમણે જીવનની કટોકટીની પળે અનેક પડકારો હોવા છતાં સત્ય કે શુભને છોડ્યું નથી. આ પ્રસંગોની સાથોસાથ એ વ્યક્તિની થોડી જીવનરેખા પણ આલેખી છે, જેથી એના વ્યક્તિત્વની ઝાંખી થઈ શકે.

આ પુસ્તકના પ્રકાશન માટે શ્રી મનુભાઈ શાહે ખૂબ જહેમત ઉઠાવી છે. આ પ્રસંગોમાંથી વાચકોને જગતની પ્રતિભાઓના જીવનની માર્મિક ઘટનામાંથી નવીન જીવનદૃષ્ટિ અને મૌલિક અભિગમ પ્રાપ્ત થશે એવી આશા રાખું છું.

૧૩-૬-૨૦૧૬ **કુમારપાળ દેસાઈ**

અમદાવાદ


## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧. | પરોપકારના શ્વાસ | જેન એડમ્સ | ૯ |
| ૨. | સત્કાર્યની પરંપરા | બેન્જામિન ફ્રેન્કલિન | ૧૧ |
| ૩. | આભારની અભિવ્યક્તિ | સિસેરો | ૧૩ |
| ૪. | માનવતાનો બેલી | જ્યૉર્જ સ્ટીફન્સન | ૧૫ |
| ૫. | પુસ્તકની પ્રેરણા | વર્નર હાઇઝનબર્ગ | ૧૭ |
| ૬. | ચણવા માટેનું લેલુ | વૉલ્તેર | ૧૯ |
| ૭. | ભીતરની પ્રેરણા | વુલ્ફગૅંગ મોઝાર્ટ | ૨૧ |
| ૮. | કર્તવ્યનું સંગીત | જ્યૉર્જ હર્બર્ટ | ૨૩ |
| ૯. | પ્રમાણિકતાનો પ્રભાવ | અબ્રાહમ લિંકન | ૨૫ |
| ૧૦. | સંશોધન માટે દોડ | ટેરી ફોક્સ | ૨૭ |
| ૧૧. | સૈનિકનો ગુસ્સો | કૈઝર વિલિયમ બીજો | ૨૯ |
| ૧૨. | શિશુ સમાં છે પુષ્પો | જ્યૉર્જ બર્નાર્ડ શૉ | ૩૧ |
| ૧૩. | સેવા કોની? | રાજા ચાર્લ્સ પાંચમા | ૩૩ |
| ૧૪. | સૂક્ષ્મ અવલોકનદૃષ્ટિ | ચાર્લ્સ ડાર્વિન | ૩૫ |
| ૧૫. | કદી હારીશ નહીં | વિન્સ્ટન ચર્ચિલ | ૩૭ |
| ૧૬. | દસમી વ્યક્તિની ચિંતા | આલ્બર્ટ સ્વાઇત્ઝર | ૩૯ |
| ૧૭. | રાજગુરુનું સ્થાન | ડેમોસ્થિનિસ | ૪૧ |
| ૧૮. | મોટાઈનો મદ | જ્યૉર્જ વૉશિંગ્ટન | ૪૩ |
| ૧૯. | સંશોધનનાં ફળ | ચાર્લ્સ ગુડઇયર | ૪૫ |
| ૨૦. | શરમજનક શરણાગતિ | વિન્સ્ટન ચર્ચિલ | ૪૭ |
| ૨૧. | લાઘવનો મહિમા | અબ્રાહમ લિંકન | ૪૯ |
| ૨૨. | કોઠાસૂઝની જરૂર | રાલ્ફ વાલ્ડો એમર્સન | ૫૧ |
| ૨૩. | હલ હાઉસ | જેઇન એડમ્સ | ૫૩ |
| ૨૪. | અનુગામીના પગલે | બેન્જામિન ફ્રેન્કલિન | ૫૫ |
| ૨૫. | હકીકત ફરશે નહીં ! | ગૅલિલી ગૅલિલિયો | ૫૭ |
| ૨૬. | કવિની પ્રતિભા | ગ્યુથે | ૫૯ |
| ૨૭. | હતાશાને પરાજય | હર્બર્ટ જ્યૉર્જ વેલ્સ | ૬૧ |
| ૨૮. | હૃદયનું ઔદાર્ય | આઇઝેક ન્યૂટન | ૬૩ |

| | | | |
|---|---|---|---|
| ૨૯. | માતાની રમૂજી વાતો | માર્ક ટ્વેન | ૬૫ |
| ૩૦. | આત્મમુગ્ધતાને પાર | નેપોલિયન બોનાપાર્ટ | ૬૭ |
| ૩૧. | સેવાનું ઋણ | માઇકલ ઍન્જેલો | ૬૯ |
| ૩૨. | ભસ્મીભૂત ભૂલો | થોમસ આલ્વા એડિસન | ૭૧ |
| ૩૩. | ઢીંગલીને બદલે બંદૂક | ઍડૉલ્ફ હિટલર | ૭૩ |
| ૩૪. | એક જ લક્ષ્ય | ક્રિસ્ટોફર કોલંબસ | ૭૫ |
| ૩૫. | યુવાનની ઓળખાણ | લિયો ટૉલ્સ્ટૉય | ૭૭ |
| ૩૬. | ઉકળાટનો અર્થ | અબ્રાહમ લિંકન | ૭૯ |
| ૩૭. | ટ્વેનનો ઉત્તર | માર્ક ટ્વેન | ૮૧ |
| ૩૮. | સંપૂર્ણતાનો માર્ગ | માઇકલ ઍન્જેલો | ૮૩ |
| ૩૯. | મોટો ઉપકાર | થૉમસ કૂપર | ૮૫ |
| ૪૦. | સર્વશ્રેષ્ઠ ભેટ | ડેવિડ આઇઝનહોવર | ૮૭ |
| ૪૧. | કવિને ઇનામ | એડમન્ડ સ્પેન્સર | ૮૯ |
| ૪૨. | જીવનની જાણકારી | સૉક્રેટિસ | ૯૧ |
| ૪૩. | સંગીતકારનું ઔદાર્ય | હર્બર્ટ હૂવર | ૯૩ |
| ૪૪. | અદમ્ય અભ્યાસવૃત્તિ | જ્યોર્જ વૉશિંગ્ટન | ૯૫ |
| ૪૫. | દેશનેતાનું કર્તવ્ય | લેનિન | ૯૭ |
| ૪૬. | નવોદિતોને તક | ટર્નર | ૯૯ |
| ૪૭. | કમાણીનો નશો | સમરસેટ મૉમ | ૧૦૧ |
| ૪૮. | લેખકનો ધર્મ | વિલિયમ ફૉકનર | ૧૦૩ |
| ૪૯. | પ્રસન્નતાનું રહસ્ય | વિલિયમ વર્ડ્ઝવર્થ | ૧૦૫ |
| ૫૦. | હિંમત હારવી નહીં | સ્ટીવ જોબ્સ | ૧૦૭ |
| ૫૧. | પીડા અને ઉલ્લાસ | રેન્વા | ૧૦૯ |
| ૫૨. | કલાકારની જવાબદારી | બ્રાહ્મસ | ૧૧૧ |
| ૫૩. | વસ્ત્રોને નિમંત્રણ | જ્યોર્જ બર્નાર્ડ શૉ | ૧૧૩ |
| ૫૪. | દીવાવાળી દેવી | ફ્લોરેન્સ નાઇટિંગેલ | ૧૧૫ |
| ૫૫. | ખેડૂતનો વિશ્વાસ | એ. જે. ક્રોનિન | ૧૧૭ |
| ૫૬. | પ્રારંભે પ્રયોગ | માઇકલ ફેરડે | ૧૧૯ |
| ૫૭. | સૈનિકની જિંદગી | હૉરેશિયો નેલ્સન | ૧૨૧ |
| ૫૮. | સર્જકનું સાહસ | લિયો ટૉલ્સ્ટૉય | ૧૨૩ |
| ૫૯. | માનવજાતની સેવા | લૂઈ પાશ્ચર | ૧૨૫ |
| ૬૦. | માટીનો માનવી | વૉરન બફેટ | ૧૨૭ |
| ૬૧. | વહેવું એ જ જીવન | હો-ચી મિન્હ | ૧૨૯ |
| ૬૨. | સુવર્ણનું ભોજન | સિકંદર | ૧૩૧ |
| ૬૩. | મહાનતાનાં બીજ | અબ્રાહમ લિંકન | ૧૩૩ |
| ૬૪. | અદ્‌ભુત અભિવાદન | જિમી ડૂરાંટ | ૧૩૫ |
| ૬૫. | પણ તેથી શું ? | હેન્રી ફૉર્ડ | ૧૩૭ |
| ૬૬. | સારાં કામ કરજે | લિયો ટૉલ્સ્ટૉય | ૧૩૯ |
| ૬૭. | કીચડમાં આનંદ | ચ્યાંગત્સુ | ૧૪૧ |
| ૬૮. | હતાશા ચાલે નહીં | થોમસ આલ્વા એડિસન | ૧૪૩ |
| ૬૯. | પુરુષાર્થની પ્રતિભા | લૂઈ પાશ્ચર | ૧૪૫ |
| ૭૦. | ડરે તે બીજા | વૂડ્રો વિલ્સન | ૧૪૭ |
| ૭૧. | ઈશ્વરનો વિશ્વાસ | ચાર્લ્સ એન્ડ્રુઝ | ૧૪૯ |
| ૭૨. | લાગણીનો સ્પર્શ | અબ્રાહમ લિંકન | ૧૫૧ |
| ૭૩. | બગીચો કે જંગલ | સૅમ્યુઅલ ટેલર કોલરિજ | ૧૫૩ |
| ૭૪. | એટલી જ પ્રાર્થના | જેક્વેલિન કેનેડી | ૧૫૫ |
| ૭૫. | હું રહી ન શકું | થોમસ જેફરસન | ૧૫૭ |
| ૭૬. | કેસનો ઉકેલ | અબ્રાહમ લિંકન | ૧૫૯ |

# શીલની સંપદા

કુમારપાળ દેસાઈ



## પરોપકારના શ્વાસ

જેન એડમ્સનો શ્વાસ હતો પરોપકાર અને ઉચ્છ્‌વાસ હતો સેવા. બીજાને માટે કંઈક કરી છૂટવાની ભાવના સતત આ યુવતીના હૃદયમાં ગુંજતી હતી. કૉલેજનો અભ્યાસ પૂર્ણ થતાં એણે સેવાશ્રમ સ્થાપવાનો વિચાર કર્યો.

આ વિચાર હજી આકાર ધારણ કરે તે પૂર્વે જેન એડમ્સના જીવનમાં ઝંઝાવાત આવ્યો. એની શારીરિક અસ્વસ્થતાની તપાસ કરતાં ડૉક્ટરોએ કહ્યું કે જેન એડમ્સને એવો જીવલેણ રોગ લાગુ પડ્યો છે કે તેનું આયુષ્ય વધુમાં વધુ છ મહિનાનું ગણાય!

જેન એડમ્સ વિચારવા લાગી કે ખેર, છ મહિનાનું આયુષ્ય તો મળ્યું છે ને ! સેવાનાં સ્વપ્નાંને સાકાર કરવાની અને જિંદગીને સાર્થક કરવાની તક તો હજી ઊભી જ છે ને !

એણે વિકલાંગ બાળકો માટે કાર્યરત એવી સંસ્થામાં રાત-દિવસ કામ કરવા માંડ્યું. બાળકોને ભોજન કરાવે, અભ્યાસ કરાવે, એમની સાથે જાત-જાતની રમતો રમે અને રાત્રે બાળકોને રસભરપૂર બાળવાર્તાઓ કહે.

વિકલાંગ બાળકોને જેન એડમ્સ વિના એક પળ પણ

કપરી લાગવા માંડી. બીજી બાજુ જેન એડમ્સ ઈશ્વર પાસે થોડું વધુ જીવન માગતી કે જેથી આ બાળકોને વિશેષ પ્રેમ આપી શકે, એ સ્વાવલંબી બનીને સમાજમાં આર્થિક રીતે સન્માનભેર જીવી શકે.


વિકલાંગ બાળકો જેન એડમ્સને ભાવભરી ભેટ આપતાં, પણ તે કંઈ સ્વીકારતી નહીં. સમય જતાં એડમ્સે આયુષ્યના શેષ મહિનાઓની ગણતરી પણ છોડી દીધી.

માત્ર એટલો જ નિરધાર કર્યો કે જિંદગીની પળેપળનો વિકલાંગ બાળકોના આનંદ કાજે ઉપયોગ કરવો.

જેન એડમ્સ એંશી વર્ષ સુધી જીવ્યાં અને આજે પણ એમની સ્મૃતિમાં અનાથ અને વિકલાંગ બાળકોનો સેવાશ્રમ ચાલે છે.

**જન્મ : ૬ સપ્ટેમ્બર, ૧૮૬૦, કેડરવિલે, ઇલિનોઇસ, અમેરિકા**
**અવસાન : ૨૧ મે, ૧૯૩૫, શિકાગો, ઇલિનોઇસ, અમેરિકા**





## સત્કાર્યની પરંપરા

કારમી ગરીબાઈ અને અપાર મુશ્કેલીઓ સાથે બેન્જામિન ફ્રેન્કલિનનું બાળપણ વીત્યું. એના પિતા સાબુ અને મીણબત્તી બનાવતા હતા. પિતાનું એ દસમું સંતાન હતા. એમના પિતાને કુલ સત્તર સંતાન હતાં.

બારમે વર્ષે અભ્યાસ છોડીને પ્રિન્ટિંગ પ્રેસમાં એપ્રેન્ટીસ તરીકે જોડાયા. એમણે ‘પેન્સિલવેનિયા ગૅઝેટ’ નામનું દૈનિક શરૂ કર્યું. પંચાંગ છાપવા લાગ્યા.

આ મથામણના દિવસોમાં બેન્જામિન ફ્રેન્કલિને એક મિત્ર પાસેથી ૨૦ ડૉલર ઉછીના લીધા. શરત કરી હતી કે જેવી થોડી કમાણી થશે કે તરત આ રકમ પાછી વાળી દેશે.

થોડા સમયે ૨૦ ડૉલર ભેગા થતાં બેન્જામિન ફ્રેન્કલિન એમને એ રકમ પાછી આપવા ગયા. એમના મિત્રએ એનો અસ્વીકાર કરતાં કહ્યું,

“તમને ખરે વખતે આ ૨૦ ડૉલરની મદદ કરી એ જ રીતે તમે આ ૨૦ ડૉલરથી કોઈ જરૂરિયાતવાળાને મદદરૂપ થજો. એ વ્યક્તિ જ્યારે એ રકમ પાછી આપવા આવે ત્યારે મેં

તમને કહ્યું એમ જ કહેજો.”

બેન્જામિન ફ્રેન્કલિનને આ વાત સાંભળીને આશ્ચર્ય થયું. એણે કહ્યું,

“તમે આવું શા માટે કહો છો ? તમારી વાતનો મર્મ શો છે?”


પેલી વ્યક્તિએ ઉત્તર આપ્યો, “મારી વાતનો મર્મ એ કે આ રીતે મારી આ રકમ જરૂરિયાતવાળાને મળતી રહે અને એ જરૂરિયાતવાળી વ્યક્તિ સમય જતાં એ રકમથી બીજાને સહાયરૂપ થાય.”

બેન્જામિન ફ્રેન્કલિને મિત્રની વાત સ્વીકારી લીધી.

આ વીસ ડૉલર કેટલાય લોકોને સહાયરૂપ બન્યા.

જન્મ : ૧૭ જાન્યુઆરી, ૧૭૦૬, બોસ્ટન, અમેરિકા
અવસાન : ૧૭ એપ્રિલ, ૧૭૯૦, ફિલાડેલ્ફિયા, પેન્સિલવેનિયા, અમેરિકા





# આભારની અભિવ્યક્તિ

રોમન સામ્રાજ્યના પ્રસિદ્ધ રાજપુરુષ અને તેથીય વધુ અતિ સમર્થ વક્તા સિસેરો. એમના વિદ્યાર્થીગણમાં અપાર ચાહના ધરાવતા શિક્ષક હતા.

વળી સામ્રાજ્યના ઉચ્ચ વર્ગમાં આદરપાત્ર વ્યક્તિ તરીકે જાણીતા હતા.

એમની સમારંભોમાં ઉપસ્થિતિ અતિ આનંદદાયી બની રહેતી હતી, તેથી એમને ભોજનનાં સતત નિમંત્રણો મળતાં રહેતાં હતાં.

એક વાર સિસેરોના અત્યંત પ્રિય વિદ્યાર્થીએ ભોજનસમારંભ યોજ્યો. સામાન્ય રીતે સિસેરો પોતાના વિદ્યાર્થીઓને ત્યાં યોજાતા ભોજનસમારંભમાં જતા નહીં, પરંતુ અપવાદ રૂપે પોતાના આ માનીતા વિદ્યાર્થીને ત્યાં ગયા.

એ વિદ્યાર્થી અને એના સમગ્ર પરિવારના આનંદની સીમા ન રહી, કારણ કે સિસેરો જેવી વિખ્યાત વ્યક્તિ એમનું નિમંત્રણ સ્વીકારીને એમને ઘેર આવી હતી.

આ બધાએ સિસેરોને વિખ્યાત ચિંતકો, સામાજિક અગ્રણીઓ અને સામ્રાજ્યના અધિકારીઓ સાથે જોયા હતા.

એમણે સિસેરોને છટાદાર શૈલીમાં પ્રભાવશાળી વક્તવ્ય આપતા સાંભળ્યા હતા અને એનાથી તેઓ મંત્રમુગ્ધ થયા હતા.


ઘરના નોકર-ચાકર પણ આ વિશિષ્ટ વ્યક્તિની ઉપસ્થિતિથી પ્રભાવિત થયા હતા. ભોજનસમારંભ બાદ સિસેરોએ ઘરની દરેક મહત્ત્વની વ્યક્તિને બોલાવીને એમનો આદરપૂર્વક આભાર માન્યો. એ પછી તેઓ ભોજનખંડ તરફ ગયા અને રસોઇયાને મળી એની સાથે હસ્તધૂનન કરતાં કહ્યું,

“તમારો ખૂબ આભાર. તમે બનાવેલી વાનગીઓ સ્વાદિષ્ટ હતી. અને જે પ્રેમથી તમે એ પીરસી તેથી એ અતિ સ્વાદિષ્ટ લાગી.”

ગુલામ જેવા રસોઇયાની આંખમાંથી આંસુ સરી પડ્યાં, કારણ કે આજ સુધી કોઈએ ક્યારેય એનો આવી રીતે આભાર માન્યો નહોતો.

| | | |
|---|---|---|
| જન્મ | : | ૩ જાન્યુઆરી, ૧૦૬ બી.સી., રોમન રિપબ્લિક |
| અવસાન | : | ૭ ડિસેમ્બર, ૪૩ બી.સી., ફોર્મિના, રોમન રિપબ્લિક |





# માનવતાનો બેલી

જ્યોર્જ સ્ટીફન્સને શોધેલા ખાણો માટેના સુરક્ષા લૅમ્પે અનેક ખાણિયાઓનાં જીવન બચાવ્યાં.

બીજાનું જીવન બચાવવા માટે જ્યોર્જ સ્ટીફન્સને પોતાનું જીવન હોડમાં મૂક્યું હતું. એમણે ખાણમાં ઊતરીને જ્વલનશીલ વાયુ વચ્ચે લૅમ્પ રાખીને સ્વયં એનો પ્રયોગ કરવાનો નિરધાર કર્યો.

મિત્રોએ આ સંશોધકને આવું જોખમી કામ કરવા જતાં વાર્યો, પરંતુ સ્ટીફન્સન એના નિશ્ચયમાં દૃઢ રહ્યો.

કોઈએ એમ કહ્યું પણ ખરું કે આ ખાણમાં ઘણો ગૅસ ભરેલો છે અને જો એ એના પ્રયોગમાં નિષ્ફળ જશે તો નિશ્ચિતપણે સળગી જઈને મૃત્યુ પામશે. ખાણ એ જ એમની અંતિમ ક્ષણની અગનપથારી બનશે.

મરજીવો જ્યોર્જ સ્ટીફન્સન લૅમ્પનું પરીક્ષણ કરવા ખાણમાં નીચે જવા લાગ્યો, ત્યારે એના બીજા સાથીઓ ખાણમાંથી પાછા આવ્યા અને સુરક્ષિત સ્થાને ઊભા રહ્યા.

જ્યોર્જ સ્ટીફન્સન ખાણની અંદર ગયો. ખૂબ નીચે પહોંચ્યો

અને જ્વલનશીલ ગૅસ વચ્ચે એણે પોતાનો લૅમ્પ મૂક્યો. ધૈર્યથી પોતાના પ્રયોગના પરિણામની પ્રતીક્ષા કરવા લાગ્યો.

પ્રારંભમાં તો એ લૅમ્પની જ્યોત ભડકાની માફક ખૂબ વધી ગઈ, પછી એ ભડકામાં ધીમું ધીમું કંપન શરૂ થયું અને પછી ધીરે ધીરે ક્ષીણ થઈને એ બુઝાઈ ગઈ. ખાણના ગૅસમાં કોઈ વિકૃતિ આવી નહીં કે આગ ફાટી નીકળી નહીં.

જ્યોર્જ સ્ટીફન્સનને પોતાના પ્રયોગમાં સફળતા મળી અને સફળતાની સાથોસાથ ખાણિયાઓ માટે સૌપ્રથમ સુરક્ષા લૅમ્પ સર્જનાર તરીકેનું આ સાહસિક સંશોધકને ગૌરવ સાંપડ્યું.

જન્મ : ૯ જૂન, ૧૭૮૧, વ્યાલમ, ઇંગ્લૅન્ડ
અવસાન : ૧૨ ઑગસ્ટ, ૧૮૪૮, ટેપટન હાઉસ, ચેસ્ટફિલ્ડ, ઇંગ્લૅન્ડ





# પુસ્તકની પ્રેરણા

ઓગણીસ વર્ષનો જર્મન યુવાન વર્નર હાઇઝનબર્ગ નિશાળના ચોકીદાર તરીકે કામ કરતો હતો. એને વાંચવાનો ભારે શોખ.

એક વાર આ ચોકીદાર હાઇઝનબર્ગને વિખ્યાત તત્ત્વજ્ઞાની પ્લેટોનું ‘ટાઇમેયુસ’ નામનું સંવાદાત્મક પુસ્તક મળ્યું. આ પુસ્તકમાં પ્રાચીન ગ્રીસના પરમાણુ-સિદ્ધાંતની ચર્ચા કરવામાં આવી હતી.

યુવાન ચોકીદારને આમાં ખૂબ રસ પડ્યો. એમાંથી ભૌતિક વિજ્ઞાનના વિષયમાં એની રુચિ જાગી. એણે આ વિશે સતત વાંચવા માંડ્યું અને મનમાં આ ક્ષેત્રમાં આગળ આવવાનો નિર્ધાર કર્યો.

ત્રેવીસ વર્ષનો થયો, ત્યાં સુધીમાં તો ભૌતિક વિજ્ઞાનનાં એનાં સંશોધનોથી સર્વત્ર જાણીતો બની ગયો અને ગોટિંજન યુનિવર્સિટીમાં પ્રો. મૅક્સ પ્લાન્કના સહાયકપદે એની નિયુક્તિ થઈ.

નિશાળનો ચોકીદાર યુનિવર્સિટીનો અધ્યાપક બન્યો. એ પછી સતત ભૌતિક વિજ્ઞાનમાં સંશોધન કરતો રહ્યો અને એક

પછી એક નવાં શિખરો સર કરવાં લાગ્યો.


છવ્વીસ વર્ષે તો લિપઝિક યુનિવર્સિટીમાં પ્રોફેસરનું પદ મેળવ્યું.

એનાં સંશોધનો દેશ-વિદેશમાં ખ્યાતિ અર્જિત કરતાં રહ્યાં અને બત્રીસ વર્ષની ઉંમરે પહોંચતા સુધીમાં તો અગાઉનાં છ-સાત વર્ષનાં સંશોધનોને આધારે ભૌતિક વિજ્ઞાનમાં અસાધારણ પ્રદાન કરવા માટે ૧૯૩૨નું નોબેલ પારિતોષિક એનાયત કરવામાં આવ્યું.

આમ એક પુસ્તકની પ્રેરણાએ સામાન્ય ચોકીદારને નોબેલ પારિતોષિક-વિજેતા અને સમર્થ ભૌતિકશાસ્ત્રી બનાવ્યા.

| | | |
|---|---|---|
| જન્મ | : | ૫ ડિસેમ્બર, ૧૯૦૧, વુર્ઝબર્ગ, જર્મની |
| અવસાન | : | ૧ ફેબ્રુઆરી, ૧૯૭૬, મ્યૂનિક, જર્મની |





## ચણવા માટેનું લેલુ

ફ્રાંસ ક્રાંતિના સર્જકોમાં વોલ્તેર મોખરે રહ્યો. વોલ્તેર તીક્ષ્ણ બુદ્ધિશક્તિ ધરાવતો હતો અને આંજી નાંખે એવી વાક્છટા એની પાસે હતી.

પોતાનો કક્કો સાચો કરી બતાવવામાં એ નિપુણ હતો. વખત આવ્યે પોતાની ખોટી વાતને પણ એવી તર્કજાળથી રજૂ કરતો કે સામી વ્યક્તિને એ સાચી લાગતી. સચોટ દલીલો કરીને એ પોતાની ખોટી વાતને પણ સાચી ઠેરવી શકતો. આવા વોલ્તેરને ટૉમસ કાર્લાઇલનો મેળાપ થયો.

ટૉમસ કાર્લાઇલ ઇંગ્લૅન્ડના વિખ્યાત તત્ત્વચિંતક, નિબંધકાર અને ઇતિહાસકાર હતા. વોલ્તેરની વાણીમાં આગ હતી, તો કાર્લાઇલની વાણીમાં મીઠો છાંયડો હતો.

વોલ્તેરે એક વખત કાર્લાઇલની સમક્ષ દુનિયાની તમામ બાબતો વિશે બળબળતી શૈલીમાં આકરી ટીકાઓ કરી. બધું જ જમીનદોસ્ત કરીને ધ્વંસ કરવાની જરૂર હોવાનું એણે ઉગ્ર અને આક્રોશપૂર્ણ ભાષામાં વર્ણવ્યું.


વોલ્તેરની સઘળી ટીકાઓ સાંભળીને કાર્લાઇલે એને સાવ સીધી-સાદી વાણીમાં કહ્યું,

"તમારી પાસે ભાંગીને ભુક્કો કરી નાખવા માટે હથોડો છે, ચણવા માટેનું લેલુ તમે રાખતા જ નથી."

બુદ્ધિશાળી અને વાક્ચતુર વોલ્તેર કાર્લાઇલના સીધા-સાદા સવાલનો જવાબ આપી શક્યા નહીં.

જન્મ : ૨૧ નવેમ્બર, ૧૬૯૪, પૅરિસ, ફ્રાન્સ
અવસાન : ૩૦ મે, ૧૭૭૮, પૅરિસ, ફ્રાન્સ





## ભીતરની પ્રેરણા

પશ્ચિમી જગતના મહાન સંગીતનિયોજક (કંપોઝર) વુલ્ફગેંગ એમિડિયસ મોઝાર્ટ સંગીતની જન્મજાત પ્રતિભા ધરાવતો હતો.

એના પિતા લોયોપોલ્ડ પુત્રની આ રુચિ પહેલેથી પારખી ગયા. એમણે પિતા અને ગુરુનું બેવડું કામ કર્યું. મોઝાર્ટની પ્રતિભા એટલી ઝડપથી પાંગરી કે એ પાંચ વર્ષનો થયો, ત્યારે એણે સંગીતનિયોજનનું કાર્ય શરૂ કર્યું અને ત્રણ વર્ષમાં તો એની સંગીતરચનાઓ પ્રગટ કરવા માંડી.

આઠ વર્ષની વયનો મોઝાર્ટ પિતાની આંગળી પકડીને યુરોપની યાત્રાએ ગયો અને યુરોપનાં રાજદરબારોમાં અને મહાનગરોમાં એણે પોતાની કલાથી સહુનાં હૃદય જીતી લીધાં.

માત્ર ચૌદ વર્ષની વયે વુલ્ફગેંગ મોઝાર્ટને સાલ્ઝબર્ગના દરબારના વાદકવૃંદમાં નોકરી મળી.

આવા મોઝાર્ટ પાસે સુંદર રીતે પિયાનો વગાડતો બાર વર્ષનો બાળક આવ્યો. એણે કહ્યું, "હું કેટલીક સંગીતરચનાઓ કરવા માગું છું, તો કઈ રીતે એનો પ્રારંભ કરું ?"

મોઝાર્ટે કહ્યું, "આ માટે ઉતાવળ ન કર. અભ્યાસ ચાલુ


રાખ. સંગીતસર્જન કરવા માટે તારે થોડી રાહ જોવી પડશે.”

છોકરાએ કહ્યું, “મારી ઉંમર બાર વર્ષની છે. આપે કામ શરૂ કર્યું ત્યારે આપની ઉંમર પાંચ વર્ષની હતી, તો હું કેમ અત્યારે સંગીતરચના ન કરી શકું ?”

વિશ્વખ્યાત વુલ્ફગેંગ મોઝાર્ટે કહ્યું, “તારી વાત સાચી છે કે મેં પાંચમા વર્ષે સંગીતનિયોજનનો પ્રારંભ કર્યો હતો, પરંતુ મેં આ અંગે કોઈની સલાહ લીધી નહોતી. જ્યારે અંદરથી પ્રેરણા થઈ અને એના વગર રહી શક્યો નહીં, ત્યારે સંગીતરચના કરી હતી. એવી પ્રેરણાની રાહ જો.”

| | | |
|---|---|---|
| જન્મ | : | ૨૭ જાન્યુઆરી, ૧૭૫૬, સાલ્ઝબર્ગ, ઓસ્ટ્રિયા |
| અવસાન | : | ૫ ડિસેમ્બર, ૧૭૯૧, વિયેના, ઓસ્ટ્રિયા |





# કર્તવ્યનું સંગીત

વિખ્યાત સંગીતકાર જ્યોર્જ હર્બર્ટની ખ્યાતિ એટલી બધી પ્રસરેલી હતી કે એમના સંગીતના કાર્યક્રમની ટિકિટો મેળવવી મુશ્કેલ હતી. શ્રોતાઓ કેટલાય દિવસો પૂર્વે આ કાર્યક્રમની ટિકિટો મેળવી લેતા અને આ મહાન સંગીતકારનું સંગીત સાંભળવા સદૈવ ઉત્સુક રહેતા.

એક દિવસ સંગીતકાર જ્યોર્જ હર્બર્ટ સરસ મજાનો, કિંમતી શૂટ પહેરીને કાર્યક્રમના સ્થળે જવા નીકળ્યા. રસ્તામાં એમણે જોયું તો એક મોટું ટોળું એકઠું થયેલું હતું. રસ્તા પર ખુલ્લા રહી ગયેલા ગટરના ઢાંકણામાં એક ઘોડાગાડીવાળાના ઘોડાના બંને પગ ફસાઈ ગયા હતા. ઘોડાગાડીવાળો ઘોડાના પગ બહાર કાઢવા માટે એકલો, ખૂબ મહેનત કરતો હતો, પરંતુ એ પગ બહાર કાઢી શકતો નહોતો.

આસપાસ લોકોનું ટોળું એકઠું થયું હતું, પરંતુ કોઈ ઘોડાગાડીવાળાને મદદ કરવા માટે તૈયાર ન હતા. સહુને પોતાનાં કપડાંની ચિંતા હતી, કારણ કે ઘોડાનો પગ કાઢવા જતાં કાદવ-કીચડ ઊછળે તેમ હતું.

સંગીતકાર જ્યોર્જ હર્બર્ટે આ દૃશ્ય જોયું. એ તરત પોતાના

વાહનમાંથી ઊતર્યા, કોટ કાઢીને ઘોડાગાડીમાં મૂક્યો અને ખમીસની બંને બાંયો ચડાવીને ગાડીવાળાને મદદ કરવા લાગી ગયા. ખૂબ મહેનત પછી ઘોડાના બંને પગ બહાર કાઢ્યા એટલે આ સંગીતકાર પોતાનો કોટ લઈને કાર્યક્રમના સભાગૃહ તરફ ચાલી નીકળ્યો.


ઘોડાગાડીવાળાની ઇચ્છા એમનો આભાર માનવાની હતી, પરંતુ જ્યોર્જ હર્બર્ટ ઝડપથી ચાલ્યા ગયા. કાદવથી ખરડાયેલાં કપડાં સાથે સંગીતકાર જ્યોર્જ હર્બર્ટ સ્ટેજ પર આવ્યા. હજી પડદો ઊંચકાયો નહોતો. એમના સહાયકે કહ્યું, "જ્યોર્જ હર્બર્ટ, આજે તો તમારા સંગીતની સાથે તમારાં વસ્ત્રો પણ સહુના આકર્ષણનું કેન્દ્ર બનશે. શ્રોતાઓ આ કાદવકીચડથી મેલાં કપડાં જોઈને શું વિચારશે ? એમને કાર્યક્રમમાં મજા આવશે ખરી ?"

જ્યોર્જ હર્બર્ટે આખી ઘટના કહી અને કહ્યું, "જો મેં ઘોડાના પગ બહાર કાઢ્યા ન હોત, તો આજે મારા હૈયામાંથી સુરીલું સંગીત નીકળી શકત નહીં. મારું બેસૂરું સંગીત સાંભળીને શ્રોતાજનોને આઘાત થયો હોત. જ્યારે અત્યારે મારા હૃદયમાં અબોલ પ્રાણીને સહાય કરવાનું મારું કર્તવ્ય પૂર્ણ કરવાનો એવો તો આનંદ અને ઉલ્લાસ છે કે મારી સંગીતની સૂરાવલીઓ સહુ કોઈને મુગ્ધ કરી દેશે."

એ દિવસે જ્યોર્જ હર્બર્ટે આપેલું સંગીત સહુ શ્રોતાઓને માટે અવિસ્મરણીય બની રહ્યું.

જન્મ : ૩ એપ્રિલ, ૧૫૯૩, મોન્ટગોમરી, વેલ્સ બેમરટોન, ઇંગ્લૅન્ડ
અવસાન : ૧ માર્ચ, ૧૬૩૩, બૅમર્ટોન, ઇંગ્લૅન્ડ





## પ્રમાણિકતાનો પ્રભાવ

૧૮૩૭ની ૧૫મી એપ્રિલે અબ્રાહમ લિંકને સ્પ્રિંગફિલ્ડમાં જઈને વકીલાત કરવાનો નિરધાર કર્યો. ન્યૂ સાલેમમાં વસતો અબ્રાહમ લિંકન જ્યારે સ્પ્રિંગફિલ્ડથી નીકળ્યો, ત્યારે તેને માથે ૧૧૦૦ ડૉલરનું દેવું હતું. ખિસ્સામાં ગણીને ૭ ડૉલરની રોકડ રકમ હતી. એક થેલીમાં સમાય એટલી એની માલમત્તા હતી. મિત્રની પાસેથી માગીને આણેલા ઘોડા પર બેસીને લિંકન સ્પ્રિંગફિલ્ડ જવા નીકળ્યો.

સ્પ્રિંગફિલ્ડની બજારમાં એક દુકાનમાં બેઠેલા સ્પીડ નામના યુવાન પાસે લિંકને રહેવા માટેની ઘરવખરીની માગણી કરી. સ્પીડે સ્પષ્ટપણે કહ્યું કે એક એક ખાટલો અને ગાદલાં-ચાદરની કુલ કિંમત સત્તર ડૉલર થશે. અબ્રાહમના ગજવામાં તો માત્ર સાત ડૉલર હતા. સત્તર ડૉલર લાવવા ક્યાંથી ?

ગરીબીથી ઘેરાયેલા લિંકને હિંમત એકઠી કરીને સ્પીડને કહ્યું, "હું સ્પ્રિંગફિલ્ડ શહેરમાં વકીલાત કરવા આવ્યો છું. નાતાલ સુધી મને ખાટલો, ગાદલું અને ચાદર ઉધાર આપો. એટલા સમયમાં હું તમારા પૈસા જરૂર ચૂકવી દઈશ."

સ્પીડને સહજ રીતે સહાનુભૂતિ થઈ અને એણે કહ્યું,


"જુઓ, આટલી રકમ ન હોય તો એક બીજો રસ્તો બતાવું. મારી આ દુકાનના માળ પરના ઓરડામાં બે માણસ સૂઈ શકે તેવો મોટો ખાટલો છે. આપણે બંને એ ખાટલામાં સૂઈ જઈશું, આથી તમારે કોઈ ખર્ચ કરવો નહીં પડે."

આમ, ૨૮ વર્ષના અબ્રાહમ લિંકનને સ્પીડની દુકાનના માળ પર રહેવાનું મળ્યું. અહીં સમી સાંજે પ્રગતિશીલ યુવાનો ભેગા થઈને રાજકારણ, સમાજ અને સાહિત્ય વિશે ચર્ચાઓ કરતા.

એ પછી પચીસેક વર્ષ બાદ લિંકન અમેરિકાના પ્રમુખ બનતાં સ્પ્રિંગફિલ્ડ છોડ્યું, પરંતુ સ્પીડ સાથેની એની મૈત્રી જીવનપર્યંત ટકી રહી.

| | | |
|---|---|---|
| જન્મ | : | ૧૨ ફેબ્રુઆરી, ૧૮૦૯, હોજેનવિલે, કેન્ટુકી રાજ્ય, અમેરિકા |
| અવસાન | : | ૧૫ એપ્રિલ, ૧૮૬૫, વૉશિંગ્ટન ડી.સી., અમેરિકા |






## સંશોધન માટે દોડ

૧૯૭૭માં કૅનેડાની હૉસ્પિટલમાં બાવીસ વર્ષનો ટેરી ફૉક્સ જીવલેણ કૅન્સરનો ભોગ બન્યો.

કૅન્સરને વધતું અટકાવવા માટે ઑપરેશન કરીને ટેરી ફૉક્સનો પગ કાપી નાખવામાં આવ્યો અને કપાયેલા પગની જગાએ કૃત્રિમ પગ લગાડવામાં આવ્યો.

ટેરી ફૉક્સે જાણ્યું કે કૅન્સર અસાધ્ય રોગ છે અને નાણાંના અભાવે એને વિશે જોઈએ તેટલું સંશોધન થતું નથી. આથી ટેરી ફૉક્સે એક પગના સહારે કૅનેડાના સમગ્ર દરિયાકિનારાને ઘૂમી વળવાનું નક્કી કર્યું.

પોતાની આ દોડ દ્વારા એ કૅન્સરના સંશોધન માટે ફાળો એકત્રિત કરવા માગતો હતો. એની આ દોડ તે 'એક પગની દોડ' તરીકે કૅનેડામાં જાણીતી થઈ અને એને કૅન્સરના સંશોધન માટે દસ લાખ ડૉલર મળ્યા.

એની આ દોડમાં અડધે પહોંચ્યો ત્યારે કૅન્સરના રોગે એને ઘેરી લીધો. ટેરી ફૉક્સે એક પગે ૩,૩૩૯ માઈલનું અંતર પસાર કર્યું હતું.

અખબાર, રેડિયો અને ટેલિવિઝને 'ટેરી ફોક્સ કૅન્સર ફંડ'માં ફાળો આપવાની જેહાદ જગાવી.

આના પરિણામે આ ફંડમાં બે કરોડ ડૉલર રકમ એકઠી થઈ જે કૅન્સરના સંશોધન માટે વાપરવામાં આવી.

કૅનેડાના ગવર્નર જનરલે ટેરી ફોક્સને "કૅનેડાનો સૌથી મહાન નાગરિક" તરીકેનું સન્માન આપ્યું.

આજે પ્રતિ વર્ષ ૧૯મી સપ્ટેમ્બરે કૅનેડામાં ટેરી ફોક્સની સ્મૃતિમાં દોડનું આયોજન થાય છે. આમાં ભાગ લેનારા લોકો કૅન્સરના રોગ પરના સંશોધન માટે આજેય ફાળો એકત્રિત કરે છે.

**જન્મ : ૨૮ જુલાઈ ૧૯૫૮, વિનિપેગ, મનીટોબા, કૅનેડા**
**અવસાન : ૨૮ જૂન ૧૯૮૧, બ્રિટિશ કોલંબિયા**





# સૈનિકનો ગુસ્સો

જર્મનીનો સમ્રાટ કૈઝર વિલિયમ બીજો ઉગ્ર રાષ્ટ્રવાદ અને પ્રખર સામ્રાજ્યવાદનો પુરસ્કર્તા હતો.

જર્મનીના આ સમ્રાટે લશ્કરી તાકાત વધારી, નૌકાદળને મજબૂત કર્યું, એમનો ઇરાદો એશિયા અને આફ્રિકાના દેશોમાં જર્મન સંસ્થાનો સ્થાપવાનો હતો.

આનું એક કારણ એ હતું કે જર્મનીએ અપ્રતિમ ઔદ્યોગિક વિકાસ સાધ્યો હતો. તે ઉદ્યોગને માટે કાચા માલની જરૂર પડે. આથી બીજા દેશો પર વિજય મેળવીને ત્યાંથી કાચો માલ લાવવો, જેથી જર્મનીની ઔદ્યોગિક પ્રગતિ જળવાઈ રહે.

કૈઝરે બર્લિનથી બગદાદ સુધીની રેલવે લાઇનની એક યોજના પણ બનાવી હતી, પરંતુ ઇંગ્લૅન્ડ અને ફ્રાંસનો વિરોધ થતાં એ યોજના સાકાર ન થઈ.

પ્રથમ વિશ્વયુદ્ધમાં ઝંપલાવ્યું તે પહેલાં કૈઝર સ્વિટ્ઝર્લૅન્ડની મુલાકાતે ગયો હતો. સ્વિટ્ઝર્લૅન્ડના અધિકારીઓએ એમને લશ્કરી કિલ્લા બતાવ્યા. એના કસાયેલા સૈનિકોની કવાયત બતાવી.

આ સમયે કૈઝરે સ્વિટ્ઝર્લૅન્ડના એક સૈનિકને પૂછ્યું, "તમે

પાંચ લાખ સૈનિકો છો અને ધાર્યું નિશાન સાધો છો પણ અમે દશ લાખ માણસો લઈને તમારા દેશ પર આક્રમણ કરીએ તો તમે શું કરો ?"

"તો અમારામાંથી પ્રત્યેક સૈનિકને બંદૂકમાંથી એકને બદલે બે ગોળી છોડવી પડે."

સૈનિકના આ જવાબે સ્વિટ્ઝર્લૅન્ડના જુસ્સાનો પરિચય આપ્યો. આને પરિણામે પ્રથમ વિશ્વયુદ્ધ માટે કૈઝર સ્વિટ્ઝર્લૅન્ડના રસ્તે જવાને બદલે પોતાની સેનાને બેલ્જિયમના માર્ગે લઈ ગયો હતો.


જન્મ : ૨૭ જાન્યુઆરી ૧૮૫૯, ક્રાઉન પ્રિન્સ પૅલેસ, બર્લિન, પર્સિયા, જર્મની
અવસાન : ૪ જૂન ૧૯૪૧, હુઇસ દૂર્ન, દૂર્ન, નેધરલૅન્ડ



# શિશુ સમાં છે પુષ્પો

પ્રસિદ્ધ અંગ્રેજ નાટ્યકાર જ્યૉર્જ બર્નાર્ડ શૉ એમના ચાતુર્ય માટે સર્વત્ર પ્રસિદ્ધ હતા. એમનું હૃદય ઉમદા માનવીય ભાવોથી ભરેલું હતું.

એ જમાનામાં બ્રિટનવાસીઓને ફૂલદાનીનો આંધળો શોખ જાગ્યો હતો. ઘરની સજાવટમાં ફૂલદાનીનું ઘણું મહત્ત્વ હતું. કોઈ પણ ઘરમાં પ્રવેશો એટલે ઠેર ઠેર જુદાં જુદાં ફૂલોની ગૂંથણી કરીને તૈયાર કરેલી ફૂલદાનીઓ જોવા મળતી.



જ્યૉર્જ બર્નાર્ડ શૉનો એક મિત્ર એમને મળવા આવ્યો. શૉના ઘરમાં પ્રવેશતાં એણે જોયું તો કોઈ પુષ્પ-સજાવટ નહોતી. ફૂલદાનીની વાત તો દૂર રહી, પરંતુ ક્યાંય કોઈ ફૂલ પણ નજરે ચડતું ન હતું.

આગંતુકે આશ્ચર્યથી પૂછ્યું, "હું તો એમ માનતો હતો કે આપ ફૂલને ખૂબ ચાહો છો, તેથી આપનું ઘર રંગબેરંગી ફૂલદાનીઓથી સુશોભિત હશે, પરંતુ મારે માટે આશ્ચર્યની વાત એ છે કે આપના ઘરમાં ફૂલદાની તો શું, પણ એક નાનું સરખું ગુલાબ પણ જોવા મળતું નથી."

જ્યોર્જ બર્નાર્ડ શૉએ કહ્યું, “આપની વાત સાચી છે. હું ફૂલોને પુષ્કળ ચાહું છું, પણ મારો પ્રેમ અનોખો છે.”

આગંતુકને જિજ્ઞાસા થઈ કે આ અનોખો એટલે શું ? બધાં ફૂલોને ચાહતા હોય છે, એમાં વળી કયા પ્રકારનું જુદાપણું ?

જ્યોર્જ બર્નાર્ડ શૉએ કહ્યું, “મારે મન આ ફૂલો એટલે નાનાં કુમળાં બાળકો. હું જેટલાં બાળકોને ચાહું છું, એટલાં આ ફૂલોને ચાહું છું. નાનકડા નિર્દોષ શિશુને જોઈને આપણને કેટલું બધું વહાલ થાય છે! પણ એ વહાલને આપણે તોડી-મચડીને વ્યક્ત કરતા નથી. બસ, આ જ રીતે સુંદર રંગબેરંગી પુષ્પોને તોડીને એનાથી ફૂલદાની સજાવવાની ગુસ્તાખી હું કરી શકું નહીં.”

જન્મ : ૨૬ જુલાઈ, ૧૮૫૬, ડબ્લિન, આયર્લૅન્ડ
અવસાન : ૨ નવેમ્બર, ૧૯૫૦, ઍયોટ સેંટ લૉરેન્સ, ઇંગ્લૅન્ડ





## સેવા કોની?

એક દિવસે ઇંગ્લૅન્ડના રાજા ચાર્લ્સ પાંચમાએ પોતાના અંગત સચિવને કહ્યું કે એના દરબારી વર્તુળનો મહત્ત્વનો અંગત સભ્ય અને એનો વફાદાર મિત્ર બીમાર છે. એના સ્વાસ્થ્યની સ્થિતિ જાણીને એમને જાણ કરે.

અંગત સચિવે તપાસ કરીને રાજાને કહ્યું કે એમના વફાદાર દરબારીની સ્થિતિ અત્યંત ગંભીર છે. આ સાંભળતાં જ રાજા ચાર્લ્સ એના ઘેર દોડી ગયા.

દરબારીના ખંડમાં ગયા, એના સ્વાસ્થ્ય અંગે પૃચ્છા કરી. રાજાએ એની સાથે એકાંતમાં વાતચીત કરવાની ઇચ્છા પ્રગટ કરતાં બધા એ ખંડની બહાર નીકળી ગયા.

રાજાએ દરબારીને એકાંતમાં અત્યંત ગળગળા, લાગણીભર્યા અવાજે પૂછ્યું, “મારા પરમ સાથી, કેમ છે તારી તબિયત ?”

દરબારી માંડ માંડ બોલી શકતો હતો. એણે ધીમા અવાજે કહ્યું, “શહેનશાહ, મારી તબિયત ઘણી ખરાબ છે.”

રાજાએ આશ્વાસન આપતાં કહ્યું, “ના, તું જરૂર સ્વસ્થ

થઈ જઈશ. આમ હિંમત હારીશ નહીં. કહે, હું તારે માટે શું કરું?"

વફાદાર દરબારીએ ધીમા ત્રુટક અવાજે કહ્યું, "મને.... એક દિવસ... વધુ જિવાડો."

રાજાએ કહ્યું, "ઓહ ! એમાં મારું ન ચાલે. એ તો ઈશ્વરના હાથની વાત."

અંતિમ શ્વાસ લેતાં દરબારીએ કહ્યું, "ઓહ ! આના બદલે મેં ઈશ્વરની સેવા કરી હોત તો વધુ સારું થાત !"


જન્મ : ૨૧ જાન્યુઆરી, ૧૩૩૮, ઇંગ્લૅન્ડ
અવસાન : ૧૬ સપ્ટેમ્બર, ૧૩૮૦, ઇંગ્લૅન્ડ



## સૂક્ષ્મ અવલોકનદૃષ્ટિ

એ છોકરાને ન ભણવું ગમે, ન રમવું ગમે. એના જીવનમાં બસ એક જ વાત અને તે - એને કુદરતના ખોળે રાત-દિવસ રહેવું ગમે.

પિતા આ છોકરાને ડૉક્ટર બનાવવા માટે સઘળા પ્રયત્ન કરી છૂટ્યા, પરંતુ આ છોકરો આવો કે ઊંડા અભ્યાસને બદલે તક કે રજા મળતાં કુદરતના ખોળે જઈને બેસી જાય.



પિતાને લાગ્યું કે દીકરો કોઈ પણ સંજોગોમાં ડૉક્ટર થાય એમ નથી, તેથી નિરુપાયે એને પાદરી બનાવવા માટેની સ્કૂલમાં ભરતી કર્યો.

આ છોકરાએ પાદરી થવાની પદવી અને યોગ્યતા મેળવી, પરંતુ એનું મન તો ધર્મ-દર્શનના બદલે કુદરત-દર્શનમાં ડૂબેલું હતું.

આને માટે એણે પશુપક્ષીઓનાં અવલોકનો કર્યાં. પથ્થરો કે ખડક, વન કે વનસ્પતિ અને માનવી કે પ્રાણીઓના જરૂરી નમૂનાઓ એકઠા કર્યા. એની બારીકાઈથી તપાસ કરીને નોંધ લખી. એ નોંધ પર પણ ઊંડું મનન કર્યું.

એવામાં પાંચ વર્ષની લાંબી સફર કરવાની તક મળી. પછી તો પૂછવું જ શું ? આ છોકરાએ પોતાના અનુભવોનું પુસ્તક લખવા માંડ્યું. એમાં એણે ઉત્ક્રાંતિવાદની વિચારણા આપી.

આ પુસ્તકે જગતની વિચારધારાની સિકલ પલટી નાખી. પુસ્તક ઘણું મોંઘું હોવા છતાં દોઢ મહિનામાં તો એની બધી નકલ વેચાઈ ગઈ. એની બીજી આવૃત્તિ થઈ.

આ છોકરો ઉત્ક્રાંતિવાદના પુરસ્કર્તા ચાર્લ્સ રોબિન ડાર્વિન તરીકે જગતમાં જાણીતો થયો.

જન્મ : ૧૨ ફેબ્રુઆરી, ૧૮૦૯, ધ માઉન્ટ, શ્રોબરી, ઇંગ્લૅન્ડ
અવસાન : ૧૯ એપ્રિલ, ૧૮૮૨, ડાઉન, ઇંગ્લૅન્ડ



# કદી હારીશ નહીં

આઠમા ધોરણમાં ભણતો વિન્સ્ટન ચર્ચિલ અંગ્રેજી વિષયમાં ઘણો નબળો હતો. આને કારણે એને આઠમા ધોરણમાં ત્રણ વર્ષ કરવાં પડ્યાં. આ જ ચર્ચિલને કેટલાંક વર્ષ બાદ ઑક્સફર્ડ યુનિવર્સિટીએ પ્રવચન માટે બોલાવ્યા.



પોતાની રોજિંદી છટા પ્રમાણે મુખમાં સિગાર, હાથમાં લાકડી અને ઊંચી હૅટ સાથે ચર્ચિલ સભાખંડમાં આવ્યા. તેઓ વક્તવ્ય આપવા ઊભા થયા ત્યારે શ્રોતાઓએ શિષ્ટાચાર મુજબ વક્તાનું તાલીઓના ગડગડાટથી અભિવાદન કર્યું. પોતાની આગવી છટાથી ચર્ચિલે શ્રોતાસમૂહને બેસવાનું કહ્યું અને પોતે પોડિયમ સામે જઈને ઊભા રહ્યા.

સિગારને બાજુએ મૂકી. પોડિયમ પર સંભાળપૂર્વક ઊંચી હૅટ મૂકી અને પોતાના ચાહકો સમક્ષ આત્મવિશ્વાસપૂર્વક ઊભા રહ્યા.

ચર્ચિલનું આ પહેલું મહત્ત્વનું પ્રવચન હતું. એમણે જનમેદની તરફ દૃષ્ટિપાત કર્યો. ચર્ચિલના કાનમાં 'કોઈ' કહી ગયું, 'નેવર ગિવ અપ.' અર્થાત્ હતાશ થયા વિના કાર્યસિદ્ધિ મેળવજે.

એમના કર્ણપટલ પર આ અવાજો અથડાયા. જનમેદનીમાં નીરવ શાંતિ હતી.


ચર્ચિલે એમનું પ્રારંભિક પ્રવચન આપ્યું. તાળીઓનો ધ્વનિ ગાજી ઊઠ્યો. ચર્ચિલ હૅટ લઈને ઊભા થયા. લાકડી લઈને સભામંચ છોડી ગયા.

વિશ્વયુદ્ધમાં ઇંગ્લૅન્ડને સફળ નેતૃત્વ પૂરું પાડનાર સર વિન્સ્ટન ચર્ચિલની અદ્‌ભુત વાક્‌છટાથી સહુ કોઈ મંત્રમુગ્ધ થઈ જતા હતા.

એમનાં પ્રવચનોએ વિશ્વયુદ્ધના કપરા સમયમાં ઇંગ્લૅન્ડનું ખમીર ટકાવી રાખ્યું.

| | | |
|---|---|---|
| જન્મ | : | ૩૦ નવેમ્બર, ૧૮૩૪, વુડસ્ટોક, ઇંગ્લૅન્ડ |
| અવસાન | : | ૨૪ જાન્યુઆરી, ૧૯૬૫, હાઇડ પાર્ક ગેટ, ઇંગ્લૅન્ડ |





## દસમી વ્યક્તિની ચિંતા

મહાન માનવતાવાદી આલ્બર્ટ સ્વાઇત્ઝર ઘણા લાંબા સમય બાદ અમેરિકાની મુલાકાતે આવ્યા હતા.

આફ્રિકાનાં ઘનઘોર જંગલોમાં એ સમયના અણઘડ અને એવા આફ્રિકનોની સેવાનું કાર્ય કરનાર આ ડૉક્ટરની નામના સર્વત્ર ફેલાયેલી હતી.

ડૉ. આલ્બર્ટ સ્વાઇત્ઝરના આગમન અંગે આનંદ વ્યક્ત કરવા માટે એમના નિકટના કેટલાક મિત્રો અને શુભેચ્છકોએ એક સમારંભનું આયોજન કર્યું.

આ સમારંભ હોટલમાં રાખવામાં આવ્યો હતો અને હોટલને શણગારવામાં આવી હતી.

વળી પ્રસંગને અનુરૂપ સાદાઈપૂર્ણ કિંતુ સુંદર લાગે તેવું એક ટેબલ ખાસ શણગારેલું હતું.

આલ્બર્ટ સ્વાઇત્ઝરનું આગમન થયું અને સહુએ ટૂંકાં પ્રવચનોથી એમને આવકાર આપ્યો. એના આયોજકે આલ્બર્ટ સ્વાઇત્ઝરની આદરપૂર્વક ઓળખવિધિ કરાવી. સહુએ તાલીઓના હર્ષધ્વનિથી આલ્બર્ટ સ્વાઇત્ઝરને વધાવી લીધા.

ભોજનના પ્રારંભે એક કેક લાવવામાં આવી અને તેને સુશોભિત ટેબલ પર મૂકીને આલ્બર્ટ સ્વાઇત્ઝરને કેક કાપવાનું કહેવામાં આવ્યું.

સ્વાઇત્ઝરે ચળકતું ચપ્પું હાથમાં લીધું અને પોતાના સહિત કુલ કેટલી વ્યક્તિઓ છે તેની ગણતરી કરી. કુલ નવ વ્યક્તિઓ હતી. સ્વાઇત્ઝરે બરાબર ધ્યાનથી કેકના દસ ટુકડા કર્યા.

સહુને આશ્ચર્ય થયું. વ્યક્તિ નવ અને દસ ટુકડા કેમ ?

સ્વાઇત્ઝરે કહ્યું, "આપણે નવ છીએ, પણ આ દસમો ટુકડો એ સન્માનનીય નારી માટે છે જે આ ભોજનસમારંભ દરમિયાન આપણને સહુને ભોજન પીરસવાની છે."


જન્મ : ૧૪ માર્ચ, ૧૮૭૫, કૈસરબર્ગ, જર્મની
અવસાન : ૪ સપ્ટેમ્બર, ૧૯૬૫, લેમ્બારેને, આફ્રિકા



# રાજગુરુનું સ્થાન

લોકશાહીના ચાહક અને મહાન વક્તા ડેમોસ્થિનિસ ઍથેન્સના રાજનીતિજ્ઞ પુરુષ તરીકે મોટી નામના ધરાવતા હતા.

ગ્રીસના વિશ્વવિજેતા સિકંદરના પિતા ફિલિપની સામે એ નિર્ભયતાથી પ્રવચનો આપતા હતા. રાજા ફિલિપને લોકશાહી વિરોધી સામ્રાજ્યવાદી અને ક્રૂર વિજેતા તરીકે ઓળખાવતા હતા.



ત્રીસ ત્રીસ વર્ષ સુધી રાજા ફિલિપની જોહુકમીનો વિરોધ કરનાર ડેમોસ્થિનિસે ઍથેન્સના લોકોની આગેવાની લઈને મોટી લડત આપી. એક રાજાએ એમને રાજગુરુનું પદ સ્વીકારવા નિમંત્રણ મોકલ્યું.

મહાન વિદ્વાન અને વિચારક ડેમોસ્થિનિસ પાસે રાજસેવક આવ્યો અને કહ્યું, "રાજા સ્વયં આપને બોલાવે છે. ત્વરાથી ચાલો. આપને માટે રથ પણ મોકલ્યો છે. ચાલો, રાજા રાહ જુએ છે."

ડેમોસ્થિનિસે રાજસેવકને જરા ધીરો પાડતાં કહ્યું, "ભાઈ, કોણ છે તારા રાજા ? એમનું નામ કહીશ મને ? મારું એમને શું કામ પડ્યું છે ?"

રાજસેવકે ઉત્સાહભેર કહ્યું, “રાજા આપને રાજગુરુના સિંહાસને સ્થાપવા માગે છે. હમણાં જ હાલના રાજગુરુનું અવસાન થયું છે, એ સ્થાન માટે આપને પસંદ કર્યા છે. કેટલું મહાભાગ્ય આપનું!”

ડેમોસ્થિનિસે કહ્યું, “ભાઈ, મારે એ સ્થાન નથી જોઈતું. પછી શું?”

રાજસેવક પાછો આવ્યો અને રાજાને સમગ્ર ઘટનાથી વાકેફ કર્યા. રાજાએ રાજગુરુના પદે બીજા વિદ્વાનને નીમ્યો.

નવા નિમાયેલા રાજગુરુ ડેમોસ્થિનિસને મળવા આવ્યા. એમણે એમના ઘરની કંગાલિયત જોઈ. ડેમોસ્થિનિસ વાસણ માંજતા હતા. એમનાં વસ્ત્રો મેલાં-ઘેલાં અને ફાટેલાં હતાં.

રાજગુરુએ કહ્યું, “જો તમે રાજગુરુનું સ્થાન સ્વીકાર્યું હોત તો આવી દુર્દશા થાત નહીં. તમારાં વસ્ત્રો આટલાં મલિન હોત નહીં.”


સ્વમાની ડેમોસ્થિનિસે કહ્યું, “ભાઈ, મારાં કપડાં ગંદાં હશે, પણ મારું મુખ મેલું નથી. જ્યારે તમે તો રાજાની સતત પ્રશંસા કરીને તમારા મુખને મલિન કર્યું છે.”

જન્મ : ઈ. પૂ. ૩૮૪, ઍથેન્સ, ગ્રીસ
અવસાન : ૧૨ ઑક્ટોબર ઈ. પૂ. ૩૨૨, કેલોરિમા, ગ્રીસ



# મોટાઈનો મદ

જ્યોર્જ વૉશિંગ્ટનના નેતૃત્વ હેઠળ અમેરિકા સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટે યુદ્ધ ખેલતું હતું. લશ્કરના ચીફ કમાન્ડર જ્યોર્જ વૉશિંગ્ટન વિરોધીઓને પરાસ્ત કરવાની યુદ્ધરચના ઘડતા હતા અને સૈન્યને યોગ્ય દોરવણી આપતા હતા.



એક વાર જ્યોર્જ વૉશિંગ્ટન સાદા નાગરિક પોશાકમાં ફરવા નીકળ્યા હતા. એમણે જોયું તો એક કોર્પોરલ પોતાની સૈનિક ટુકડી સાથે અત્યંત ઉદ્ધતાઈથી વર્તતો હતો. લશ્કરમાં સાર્જન્ટથી પણ નીચલી પાયરીનો હોદ્દો ધરાવનાર આ કોર્પોરલ ઘણો મિજાજી અને ઘમંડી હતો.

લશ્કરની ટુકડી ખૂબ વજનદાર વસ્તુને ઉપાડીને બીજે મૂકવા કોશિશ કરતી હતી. આવી રીતે એક-બે વાર પ્રયત્ન કર્યો, પણ એ વજનદાર વસ્તુ આસાનીથી ખસે તેમ નહોતી.

બીજી બાજુ કોર્પોરલનો પિત્તો ફાટી રહ્યો હતો. એ બૂમો પાડતો હતો, અપશબ્દો બોલતો હતો. મહેનત કરનારા લોકોનો ઉત્સાહ વધારવાને બદલે એમને હતોત્સાહ કરતો હતો.

સાદા પોશાકમાં ઘૂમતા જ્યોર્જ વૉશિંગ્ટને આ દૃશ્ય જોયું.

એમણે કોર્પોરલને કહ્યું કે, "આટલી બધી વજનદાર વસ્તુ ખસેડવા માટે મહેનત કરતા સૈનિકોને તમે થોડી મદદ કરો તો કેવું સારું ! એમને એમના કામમાં ટેકો રહે અને વસ્તુ ખસેડી શકે !"

પેલા અમલદારે મિજાજ ગુમાવતાં કહ્યું, "જુઓ, હું કોર્પોરલ છું! સમજ્યા ? આ આખી લશ્કરી ટુકડીનો હું ઉપરી છું. હું એમનું કામ કઈ રીતે કરી શકું ?"


"ભલે ત્યારે, સાહેબ !" આમ કહીને જ્યોર્જ વૉશિંગ્ટને પોતાનો ઓવરકોટ ઉતાર્યો અને સૈનિકોને સહાય કરવા લાગ્યા. આખરે પેલી વજનદાર વસ્તુ ખસેડાઈ. કામ પૂરું થયા પછી જ્યોર્જ વૉશિંગ્ટને તુંડમિજાજી કોર્પોરેલને કહ્યું,

"જુઓ, જ્યારે તમારી પાસે પૂરતા માણસો ન હોય અને મદદની જરૂર હોય ત્યારે તમે લશ્કરના ચીફ કમાન્ડરને બોલાવી લેજો. તેઓ આવાં કામ માટે આવતાં અને તેમાં મદદરૂપ થતાં આનંદિત થશે."

કોર્પોરલ સ્તબ્ધ થઈ ગયો. એને સમજાયું કે આ સાદા પોશાકમાં બીજું કોઈ નહીં, પણ સ્વયં લશ્કરના ચીફ કમાન્ડર જ્યોર્જ વૉશિંગ્ટન છે.

જન્મ : ૨૨ ફેબ્રુઆરી, ૧૭૩૨, વેસ્ટમોરલૅન્ડ, વર્જિનિયા, અમેરિકા
અવસાન : ૧૪ ડિસેમ્બર, ૧૭૯૯, માઉન્ટ વેરનોન, વર્જિનિયા, અમેરિકા





## સંશોધનનાં ફળ

અમેરિકાનો ચાર્લ્સ ગુડઇયર દારુણ ગરીબી વચ્ચે જીવતો હતો. એણે ૧૮૩૮માં અકસ્માતે એક ઐતિહાસિક શોધ કરી. હીવિયા વૃક્ષના થડમાંથી ઝરતા દૂધ જેવા અપરિષ્કૃત રસમાંથી રબર બનાવવામાં આવતું હતું. એ રબર અમેરિકામાં જાણીતું થયું હતું.

૧૮૨૦માં ચાર્લ્સ મૅકિન્ટૉસે આ રબરનો એક રેઇનકોટ બનાવીને બજારમાં મૂક્યો હતો, પરંતુ એ સમયે મુશ્કેલી એ હતી કે આ રબરમાંથી બનાવેલી ચીજવસ્તુઓ સામાન્ય તાપમાનમાં પણ ચીકણી બની જતી, ચોંટી જતી, ગરમીમાં ઓગળી જતી. એ ઓગળે પછી રબરમાંથી એવી દુર્ગંધ પેદા થતી કે અમેરિકામાં આવા રબરને જમીનમાં દાટી દેવામાં આવતું.

આવે સમયે ચાર્લ્સ ગુડઇયરે રબર અને ગંધકને એક સાથે ગરમ કરીને એક એવો પદાર્થ સર્જ્યો કે જેને પરિણામે ૭૦ ડિગ્રી. સે. તાપમાન ઉપર સ્થિતિસ્થાપકતા ગુમાવતું રબર તાપમાનના મોટા ફેરફાર ખમવાની ક્ષમતા ધરાવતું બન્યું. વળી, ઘસારા સામે પ્રતિકાર પણ કરવા લાગ્યું.

ગરીબી અને દેવાના ડુંગર નીચે દબાયેલા ચાર્લ્સ ગુડઇયરે

સામાન્ય તાપમાને ચીકણો, ચોંટી જાય તેવો અને ઠંડીમાં કડક અને બરડ થઈ જતા રબરમાં ગંધકના ઉમેરણથી નવું પરિવર્તન આણ્યું.

એણે અકસ્માતે કરેલા આ સંશોધનને વલ્કનીકરણ (વલ્કેનાઇઝેશન) કહેવામાં આવ્યું. આ રીતે બનાવાયેલી નીપજમાંથી બૂટ, ટાયરો વગેરે બનાવવામાં આવ્યાં. આ સંશોધને રબર ઉદ્યોગમાં ક્રાંતિ સર્જી.

ગુડઇયરના સંશોધનનો લાભ મેળવીને રબરનો ઉદ્યોગ ખીલ્યો, પણ ચાર્લ્સ ગુડઇયર તો દેવા હેઠળ જ દબાયેલો રહ્યો. એને એનો સહેજેય અફસોસ નહોતો કે પોતાના સંશોધનનાં ફળ કોઈ અન્ય ભોગવી રહ્યું છે.

એ કહેતો કે માણસે અફસોસ તો ત્યારે જ કરવાનો હોય કે એ કોઈ શોધ-સંશોધન કરે અને એનાં ફળ કોઈને ય ન મળે.

ગુડઇયરના સંશોધને રબરના ઉદ્યોગની બાબતમાં ક્રાંતિ સર્જી અને એના અવસાન પછી કેટલાંય વર્ષો બાદ એનું નામ ધરાવતી કંપની સ્થપાઈ, જે જગપ્રસિદ્ધ બની.

**જન્મ : ૨૯ ડિસેમ્બર, ૧૮૦૦, ન્યૂ હેવન, કનેક્ટિકટ**
**અવસાન : ૧ જુલાઈ, ૧૮૬૦**



# શરમજનક શરણાગતિ

ભારત પર અંગ્રેજ સરકારનું રાજ હતું, તે સમયે બ્રિટનની એક શેરીમાં બાળકો પકડદાવ ખેલી રહ્યાં હતાં. એક બાળક ‘ભારતીય બહારવટિયો’ બન્યો હતો અને બીજાં બાળકો એને પકડવા નીકળેલા પોલીસ બન્યા હતા.



બહારવટિયો બનેલો બાળક પોલીસને થાપ આપીને ક્યાંક છુપાઈ જતો હતો. બાળકો એને પકડવા પાછળ પડતાં. સંતાયેલા ભારતીય બહારવટિયાને બીજાં બાળકો જોઈ ગયાં. તેઓએ પકડવા માટે દોટ લગાવી.

પેલો બાળક પુલ પર ચડી ગયો. પોલીસ બનેલાં બાળકોએ બંને બાજુએથી બરોબર ઘેરી લીધો.

ભારતીય બહારવટિયાને શરણે આવવું પડે એવી સ્થિતિ હતી, પરંતુ એ બાળકે આવી શરણાગતિ સ્વીકારવાને બદલે પ્રાણની પરવા કર્યા વિના પુલ પરથી નીચે નદીમાં કૂદકો માર્યો.

એને પકડવા આવેલાં બાળકો આ સાહસથી સ્તબ્ધ બની ગયાં. કૂદકો મારનારો બાળક પાણીમાં પડ્યો અને બેશુદ્ધ બની ગયો. બીજા લોકોની સહાયથી એ બેશુદ્ધ બાળકને બહાર કાઢવામાં


આવ્યો. થોડી વારે એને ભાન આવ્યું, ત્યારે એના સાથીઓએ એને પૂછ્યું, "અરે ! તેં પુલ પરથી નદીમાં ભૂસકો શા માટે માર્યો ? કદાચ મરી ગયો હોત તો ?"

બાળકે કહ્યું, "હું ભારતીય બહારવટિયાનો વેશ ભજવતો હતો. હું જાણું છું કે ભારતના બહારવટિયા કદી શરણાગતિ સ્વીકારતા નથી. એને બદલે એ મૃત્યુને વધુ પસંદ કરે છે. મેં શરણાગતિ સ્વીકારી હોત તો મારો વેશ લજવાત અને સાથોસાથ ભારતીય બહારવટિયાઓની આન-શાન જાળવવામાં હું નિષ્ફળ ગણાત. આથી મારા માટે પુલ પરથી ભૂસકો મારવા સિવાય બીજો કોઈ વિકલ્પ નહોતો."

પોલીસ બનેલાં બાળકો આ બાળકની સાહસિકતા અને નિર્ભીકતા પર પ્રસન્ન થયાં. આ બાળક તે દ્વિતીય વિશ્વયુદ્ધમાં નિર્ભયતા, કાબેલિયત અને સાહસિકતાથી મિત્રદેશોને વિજય અપાવનાર વિન્સ્ટન ચર્ચિલ. બાળપણમાં ભારતીય બહારવટિયો બનેલા મહામુત્સદ્દી ચર્ચિલ બ્રિટનના વડાપ્રધાન બન્યા.

જન્મ : ૩૦ નવેમ્બર, ૧૮૭૪, વુડસ્ટોક, ઑક્સફર્ડશાયર, લંડન, ઇંગ્લૅન્ડ
અવસાન : ૨૫ જાન્યુઆરી, ૧૯૬૫, લંડન, ઇંગ્લૅન્ડ





# લાઘવનો મહિમા

અમેરિકાના માનવતાવાદી પ્રમુખ અબ્રાહમ લિંકનના સમયમાં આંતરવિગ્રહ ફાટી નીકળ્યો હતો. અમેરિકાના સોળમા પ્રમુખ સામે વિકટ સમસ્યા ઊભી થઈ.

દક્ષિણ અમેરિકાનાં રાજ્યોએ યુનિયનમાં રહેવાનો ઇન્કાર કર્યો અને યુદ્ધની ઘોષણા કરી.

આવા આંતરવિગ્રહ સમયે તદ્દન નવા પ્રકારની બંદૂકની શોધ થઈ. અમેરિકાના પ્રમુખ અબ્રાહમ લિંકન સમક્ષ આવી તાજેતરમાં શોધાયેલી બંદૂક લાવવામાં આવી.

અબ્રાહમ લિંકને આ માટે વિશેષજ્ઞોની સમિતિ રચી અને એમને આ નવી બંદૂકની વિશેષતાની ઊંડી તપાસ કરીને અહેવાલ આપવાનું જણાવ્યું.

વિશેષજ્ઞોની સમિતિએ કેટલીય બેઠકો કરી. ઘણો ઊંડો વિચાર કર્યો. સહુના અભિપ્રાયો નોંધીને કેટલાંય પૃષ્ઠોનો વિસ્તૃત અહેવાલ તૈયાર કર્યો.

અબ્રાહમ લિંકને દળદાર અહેવાલ જોયો. એમને આશ્ચર્ય થયું કે નવી બંદૂકની વિશેષતા દર્શાવવા માટે આટલો બધો મોટો અહેવાલ ? અબ્રાહમ લિંકને અહેવાલ પાછો આપ્યો અને

વિશેષજ્ઞોને કહ્યું, "આપનો અહેવાલ આરંભથી અંત સુધી વાંચું તો ઓછામાં ઓછો એક દિવસ થાય. મને તો માત્ર સંક્ષેપમાં જ સમજાવો."

વિશેષજ્ઞોએ અદબપૂર્વક કહ્યું, "આપની વાત અમે સમજી શકતા નથી."

અબ્રાહમ લિંકને કહ્યું, "જો તમને હું ઘોડા ખરીદવાનું કામ સોંપું અને તમે એની વિશેષતાઓ અને મર્યાદાઓ બતાવો એટલું પૂરતું છે પરંતુ એ ઘોડાના પૂંછડામાં કેટલા વાળ છે એની સંખ્યા બતાવવાનું કામ કરો, તે સહેજે જરૂરી નથી."


જન્મ : ૧૨ ફેબ્રુઆરી, ૧૮૦૯, હોજેનવિલે, કેન્ટુકી રાજ્ય, અમેરિકા
અવસાન : ૧૫ એપ્રિલ, ૧૮૬૫, વૉશિંગ્ટન ડી.સી., અમેરિકા



# કોઠાસૂઝની જરૂર

પિતા અને પુત્ર બંને કુશળ સાહિત્યસર્જક. અમેરિકાના વિખ્યાત ચિંતક રાલ્ફ વાલ્ડો એમર્સનને પિતાનો સાહિત્યિક વારસો મળ્યો હતો.

રાલ્ફ વાલ્ડો એમર્સન સમગ્ર અમેરિકામાં ચિંતક, કવિ અને નિબંધકાર તરીકે વિખ્યાત હતા.



એક દિવસ રાત્રે પિતા અને પુત્ર સાહિત્યસર્જનમાં લીન હતા. એવામાં એમની ગૌશાળામાંથી એક વાછરડું દોરડું તોડીને બહાર ભાગી નીકળ્યું.

પિતા અને પુત્ર બંને સાહિત્યસર્જનનું કાર્ય બાજુએ મૂકીને બહાર દોડ્યા. બંનેએ વાછરડાને પકડ્યું, એને વાડમાં લઈ જવા માંડ્યા, પરંતુ વાછરડું એવું અડિયલ કે એક ડગલું પણ આગળ ચાલે નહીં.

પિતા-પુત્રએ વિચાર્યું કે આ અડિયલ વાછરડાને ગૌશાળામાં પાછું બાંધવા માટે કોઈ પણ ભોગે અંદર લઈ જવું પડશે. આ માટે જોર જમાવવું પડશે. વાછરડાને કઈ રીતે ધક્કો મારીને અંદર લઈ જવું, તેની પિતા-પુત્રએ મજબૂત વ્યૂહરચના કરી. પુત્ર આગળથી એના બે કાન ખેંચે અને પિતા એને પાછળથી

ધક્કો મારે. બંને જોર અજમાવતા હતા, પણ વાછરડું સહેજે ખસતું નહોતું.

એવામાં એમર્સનના ઘરમાં કામ કરતી નોકર સ્ત્રી આવી. એણે પિતા-પુત્રનો પ્રચંડ પણ વિફળ 'પુરુષાર્થ' જોયો.

નોકર સ્ત્રી વાછરડાની પાસે આવી. એને થોડું થપથપાવ્યું એટલે વાછરડું ગૌશાળા ભણી ચાલવા લાગ્યું. નોકર સ્ત્રીએ સરળતાથી વાછરડાને પાછું બાંધી દીધું.

રાલ્ફ વાલ્ડો એમર્સન અને એના પિતા વિચારમાં ડૂબી ગયા. એમર્સનને લાગ્યું કે કામ નાનું હોય કે મોટું - પરંતુ એ કામ કરવાની તરકીબ જાણવી જોઈએ. માત્ર આંધળી મજૂરી કરવાથી કશું વળતું નથી. કોઈ પણ કામ સૂઝ અને અનુભવ માંગે છે. માત્ર પરિશ્રમ કરીએ એટલું જ પૂરતું નથી. વ્યક્તિમાં કાર્યકૌશલ હોવું જોઈએ.

જન્મ : ૨૫ મે, ૧૮૦૩, બોસ્ટન, અમેરિકા
અવસાન : ૨૭ એપ્રિલ, ૧૮૮૨, કોન્કોર્ડ, મેસેચ્યૂસેટ્સ, અમેરિકા



# હલ હાઉસ

૧૯૩૧નું શાંતિનું નોબેલ પારિતોષિક મેળવનાર જેઇન એડમ્સ (૧૮૬૦થી ૧૯૩૫) અમેરિકાની મેડિકલ કૉલેજમાં અભ્યાસ કરતી હતી. નાદુરસ્ત જેઇન એડમ્સને એનું સ્વાસ્થ્ય સુધારવા માટે ડૉક્ટરોએ હવાફેર માટે ઇંગ્લૅન્ડ જવાનું સૂચન કર્યું. જેઇન ઇંગ્લૅન્ડ આવી.



એક વાર રાતના સમયે બસમાં બેસીને એ ઇંગ્લૅન્ડની શેરીઓમાંથી પસાર થતી હતી. એની બસ વારે વારે થોભી જતી હતી, કારણ કે રસ્તા પર આવેલી સડેલી અને વાસી શાકભાજીની દુકાન પર ખરીદનારાઓનાં ટોળેટોળાં ઊમટ્યાં હતાં.

જેઇન એડમ્સને આશ્ચર્ય થયું કે આવી વાસી શાકભાજી ખરીદવા માટે આટલી બધી ભીડ ! શાકભાજી ખરીદવા માટે લોકો અંદરોઅંદર ધક્કામુક્કી કરતા હતા. એકબીજાને ગાળો ભાંડતા હતા. હાડપિંજર જેવા અર્ધનગ્ન ગરીબ માણસો આ ગંધાતી શાકભાજી મેળવવા માટે મરણિયો પ્રયાસ કરતા હતા.

એ દિવસે મેડિકલ વિદ્યાશાખાની વિદ્યાર્થિની જેઇન એડમ્સને ગરીબાઈ એટલે શું એનો ખ્યાલ આવ્યો. આ દૃશ્ય જોઈને એણે મનોમન નક્કી કર્યું કે મારે જીવનમાં આવા ગરીબોની સેવા કરવી

છે. મજૂરોને મદદ કરવી છે. કચડાયેલા હબસીઓના હિતની વાત કરવી છે. અમેરિકા આવીને શિકાગોમાં 'હલ હાઉસ' નામની સંસ્થાની સ્થાપના કરી. એના આ 'હલ હાઉસ' દ્વારા ગરીબો અને મજૂરોને એમના હક્કો અપાવવા માટે અથાગ મહેનત કરી.

બાળકો માટેની અદાલત, સ્ત્રીઓ માટે દિવસના આઠ કલાકની મજૂરી, કારખાનાંની તપાસ અને કારીગરો માટે વળતર વગેરે સુધારાઓ કરાવ્યા. સ્ત્રીઓના મતાધિકાર માટે ઝુંબેશ ચલાવી.

હબસી લોકોની હાલત વિશે અને અમેરિકામાં સ્થળાંતર કરીને આવેલાઓની સામાજિક-આર્થિક સ્થિતિ વિશે સંશોધનો કરાવ્યાં અને એમને ન્યાય મળે તે માટે સતત પ્રયત્નો કર્યા.

આ 'હલ હાઉસ' તરફથી બાળગૃહો અને બાળમંદિરો ચલાવવામાં આવતાં. વૃદ્ધાશ્રમો અને સદાવ્રતો શરૂ કર્યાં. રંગદ્વેષ, હિંસા અને વેરઝેરની સામે સ્વસ્થ સમાજ સર્જવામાં 'હલ હાઉસ' કારણભૂત બન્યું.

જેઇન એડમ્સે સ્થાપેલું 'હલ હાઉસ' યુરોપ અને અમેરિકામાં કેટલીય સંસ્થાઓના સર્જન માટે પ્રેરકબળ બન્યું.


જન્મ : ૬ ડિસેમ્બર, ૧૮૬૦, કાર્ડવિલે, ઇલિનોઇસ, અમેરિકા
અવસાન : ૨૧ મે, ૧૯૩૫, શિકાગો, ઇલિનોઇસ, અમેરિકા



# અનુગામીના પગલે

અઢારમી સદીના સ્મરણીય મહામાનવો તરીકે બેંજામિન ફ્રેંકલિન સદાય યાદ રહેશે.

સમગ્ર વિશ્વ એને વીજળીના મહાન વૈજ્ઞાનિક, સંશોધક વૈજ્ઞાનિક તરીકે ઓળખે છે, પરંતુ એ ઉપરાંત બેંજામિન ફ્રેંકલિન ઉમદા રાજપુરુષ અને કુશળ લેખક પણ હતા. માત્ર વૈજ્ઞાનિક તરીકે એમને જગતવ્યાપી ખ્યાતિ મળી. પરંતુ સાથોસાથ બેંજામિન ફ્રેંકલિન પ્રકાશક, મુદ્રક અને રાજકીય વિચારક પણ હતા.



એક વ્યક્તિ કેટલાં ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં સામર્થ્ય દાખવી શકે એના દૃષ્ટાંત તરીકે સહુ બેંજામિન ફ્રેંકલિનનું નામ લેતા હતા.

અમેરિકાએ પોતાના રાજદૂત તરીકે બેંજામિન ફ્રેંકલિનને ફ્રાન્સ મોકલ્યા અને લાંબા સમય સુધી ફ્રાન્સમાં રાજદૂત તરીકેની સફળ કામગીરી બજાવીને બેંજામિન ફ્રેંકલિન નિવૃત્ત થયા.

એ પછી ફ્રાન્સના રાજદૂત તરીકે થૉમસ જેફરસનની નિમણૂક થઈ.

આ થૉમસ જેફરસન ત્યારબાદ સતત બે વખત અમેરિકાના

પ્રમુખ તરીકે ચૂંટાયા અને અમેરિકાના સમર્થ પ્રમુખોમાં એમની કાર્યકુશળતાથી સ્થાન પામ્યા.

ઈ. સ. ૧૭૮૪માં થૉમસ જેફરસન અમેરિકાના રાજદૂત તરીકે ફ્રાન્સ ગયા, ત્યારે ફ્રાન્સના વડાપ્રધાને એમનું ઉમળકાભેર સ્વાગત કર્યું.

ફ્રાન્સના વડાપ્રધાને કહ્યું, “આવો, પધારો થૉમસ જેફરસન. મને કહેવાયું છે કે તમે ડૉ. બેંજામિન ફ્રેંકલિનનું સ્થાન લેવા આવ્યા છો.”

થૉમસ જેફરસને નમ્રતાથી કહ્યું, “ના જી. હું તો એમના પછી આવ્યો છું. કોઈ પણ વ્યક્તિ ડૉ. બેંજામિન ફ્રેંકલિનના સ્થાને આવી શકે નહીં.”


થૉમસ જેફરસનની આ નમ્રતા જોઈને ફ્રાન્સના વડાપ્રધાન સ્તબ્ધ થઈ ગયા.

જન્મ : ૧૭ જાન્યુઆરી, ૧૭૦૬, બોસ્ટન, મેસેચૂસેટ્સ, અમેરિકા
અવસાન : ૧૭ એપ્રિલ, ૧૭૯૦, ફિલાડેલ્ફિયા, પેન્સિલવેનિયા, અમેરિકા



## હકીકત ફરશે નહીં !

પંચોતેર વર્ષના બીમાર અને વયોવૃદ્ધ વિજ્ઞાની ગૅલિલી ગૅલિલિયોએ દીર્ઘ સમય સુધી સંશોધન કર્યા બાદ જાહેર કર્યું કે પૃથ્વી સૂર્યની આસપાસ ભ્રમણ કરે છે. ધર્મશાસ્ત્રોએ લોકોના મનમાં ઠસાવ્યું હતું કે સૂર્ય પૃથ્વીની પરિક્રમા કરે છે. ગૅલિલિયોના સંશોધને એક નવું રહસ્ય પ્રગટ કર્યું. ધર્મસંસ્થાઓ (ચર્ચ) અકળાઈ ઊઠી. એમની વર્ષો જૂની માન્યતાઓ ધરાશાયી થઈ જતી લાગી.



આથી ધર્મગુરુઓએ ગૅલિલિયોને હાજર થવા ફરમાન કર્યું. વૃદ્ધ, બીમાર અને જીવનનાં અંતિમ વર્ષો પસાર કરતો ગૅલિલિયો ધર્મગુરુ સામે ઊભો રહ્યો. ધર્મગુરુઓએ કહ્યું કે “ધર્મગ્રંથ કહે છે કે સૂર્ય પૃથ્વીની આસપાસ ફરે છે અને એ જ સાચું છે. એમાં કોઈ તર્ક-વિતર્ક ચાલી શકે નહીં.”

ધર્મગુરુઓએ ગૅલિલિયોને ચેતવણી આપતાં કહ્યું કે, “કાં તો તું તારી વાત બદલી નાખ, નહીં તો તને મોતની સજા મળશે.”

ગૅલિલિયોએ કહ્યું, “મને મારવાનું કષ્ટ લેવાની જરૂર નથી. હું તો હવે જિંદગીના આરે આવી ચૂકેલો છું. મૃત્યુનાં દ્વાર

આગળ ઊભો છું. પુસ્તકમાં રજૂ કરેલો મારો વિચાર બદલવો હોય તો તે બદલવા હું તૈયાર છું.”

ચર્ચને લાગ્યું કે એમનો વિજય થયો, પરંતુ ગૅલિલિયોએ કહ્યું, “જુઓ, મારા પુસ્તકમાં હું હકીકત બદલી નાંખીશ એથી પૃથ્વી બદલાવાની નથી અને સૂરજ પણ બદલાવાનો નથી.”

ચર્ચે પૂછ્યું, “તમે આવું કેમ કહી શકો ?”

ગૅલિલિયોએ કહ્યું, “જુઓ, પૃથ્વી કંઈ મારું પુસ્તક વાંચતી નથી. એમાં કરેલું પરિવર્તન જોવાની નથી. એ તો સૂર્યની પરિક્રમા કરતી જ રહેશે.”

ગૅલિલિયોએ પુસ્તકમાંથી એ સંશોધન કાઢી નાખ્યું, કારણ કે એ જાણતો હતો કે એનાથી વાસ્તવિકતામાં કશો ફરક પડવાનો નથી. હકીકત તો એ જ રહેશે !

જન્મ : ૧૫ ફેબ્રુઆરી, ૧૫૬૪, પીઝા, ઇટાલી
અવસાન : ૮ જાન્યુઆરી, ૧૬૪૨, ફ્લોરેન્સ નજીક, અર્સેલી, ઇટાલી





# કવિની પ્રતિભા

ફ્રાન્સના સમ્રાટ અને સમગ્ર વિશ્વને ધ્રુજાવનાર નેપોલિયને જર્મન મહાકવિ ગ્યુથેને કાનમાં ધીમા સાદે વિનંતી કરી, ‘આપ મારું એક કામ કરી આપશો, તો હું આપનો કૃતજ્ઞ રહીશ. વળી એ કાર્યના બદલામાં આપને ઘણા દેશોમાં કીર્તિ મળશે અને અઢળક સંપત્તિ પ્રાપ્ત થશે.’

મહાકવિ ગ્યુથેએ પૂછ્યું, ‘રાજવી, મારે કરવાનું છે શું ?’

‘તમારે બીજું કશું નથી કરવાનું, માત્ર રશિયાના સમ્રાટ ઝાર વિશે માર્મિક અને હૃદયસ્પર્શી પ્રશસ્તિકાવ્ય લખવાનું છે.’

‘જુઓ, તેઓ મારી જમણી બાજુ બેઠા છે અને તમે મારી ડાબી બાજુએ છો. બસ, લખી નાખો એક શીઘ્ર કવિતા અને મને આપી દો. આજે સાંજે સમ્રાટ ઝારના સન્માનમાં આયોજિત ભોજન-નૃત્ય સમારોહમાં આપે રચેલી કવિતા અમે વાંચવા માગીએ છીએ.’

મહાકવિ ગ્યુથેએ કહ્યું, ‘રાજવી ! મને ક્ષમા કરજો. આવી રીતે હું કવિતા લખી શકું તેમ નથી. આ બાબતમાં તમારે મને માફ કરવો પડશે.’


ફ્રાન્સના સમ્રાટ નેપોલિયને કહ્યું, ‘ઓહ ! કેવી વિચિત્ર વાત ! અમારા રાષ્ટ્રમાં તો દરેક રાજવી વિશે કવિઓ આવાં પ્રશસ્તિકાવ્ય લખે છે અને એનાથી કવિઓ સંપત્તિથી લાભાન્વિત થાય છે. અરે ! રાજા લૂઈ ચૌદમા વિશે લખેલા કાવ્યને પરિણામે કેટલાય કવિઓ ઘણા સંપત્તિશાળી અને સમૃદ્ધ બન્યા છે.’

ગ્યુથેએ અસ્વીકારમાં ખભો હલાવતાં કહ્યું, ‘ભલે બન્યા હોય, પરંતુ એ કવિઓના મનમાં તો ચોક્કસ એમ થયું હશે કે તેઓ એમની પ્રેરણાને દગો દઈ રહ્યા છે. માનવી સામાન્ય હોય કે અસાધારણ હોય, રસ્તે રખડતો ગરીબ હોય કે ધનમાં આળોટતો અમીર હોય, કિંતુ પ્રતિભાશાળી કવિ ક્યારેય જીવંત માનવીનું પ્રસંશાગાન નહીં રચે.’

સાયંકાલે ભોજન-નૃત્ય સમારોહનું ‘ઇવનિંગ બોલ’નું આયોજન થયું. આ સમયે ફ્રાન્સના સમ્રાટ નેપોલિયને રશિયાના સમ્રાટ ઝારને ગ્યુથેની ઓળખાણ આપતાં કહ્યું, ‘સમ્રાટ ! આ છે જર્મનીના મહાન કવિ. તેમનું નામ છે ગ્યુથે. તેઓ સિદ્ધાંતનિષ્ઠ અને આત્મગૌરવ ધરાવતા માનવી છે. આવા કવિઓ એમના રાષ્ટ્રને માટે સમૃદ્ધિરૂપ અને સંપત્તિરૂપ હોય છે.’

**જન્મ : ૧૫ ઑગસ્ટ, ૧૭૬૯, એજેસીઓ, કોર્સિકા, ફ્રાન્સ**
**અવસાન : ૫ મે, ૧૮૨૧, સેંટ હેલેના ટાપુ, ઇંગ્લૅન્ડ**





## હતાશાને પરાજય

લંડનના એક સ્ટોર્સમાં હર્બર્ટ જ્યોર્જ વેલ્સને કારકુન તરીકે નોકરી મળી, પણ કામ તો ઝાડુ લગાવવાથી માંડીને કારકુની સુધીનું બધું જ કરવાનું હતું. સવારે પાંચ વાગે ઊઠીને એચ. જી. વેલ્સ સ્ટોર્સમાં ઝાડુ લગાવતો, સાફસૂફી કરતો, પોતાં લગાવતો. ચૌદ કલાક સુધી એને આકરી મહેનત કરવી પડતી, છતાં સાવ ઓછું મહેનતાણું મળતું.

એચ. જી. વેલ્સ આ ભયાનક યાતનાથી ત્રાહિમામ્ ત્રાહિમામ્ પોકારી ગયો. એક દિવસ વહેલી સવારે માતાને મળવા માટે દોડી ગયો. એણે નાસ્તો પણ નહોતો કર્યો. સતત પંદર માઈલ ચાલ્યો અને માને યાતનાભરી ગુલામીની વાત કરી. એચ. જી. વેલ્સે એમ કહ્યું પણ ખરું કે હવે જો તમે મને ધક્કો મારીને આ રીતે કાળી મજૂરી માટે મોકલશો તો હું રસ્તામાં આત્મહત્યા કરીશ.

એચ. જી. વેલ્સના પિતા સામાન્ય દુકાનદાર હતા. માતા લોકોનાં ઘરકામ કરતી હતી.

૧૪મા વર્ષે રોજી-રોટી રળવા એચ. જી. વેલ્સને ભણવાનું

છોડવું પડ્યું. એણે પોતાના શિક્ષકને જીવનની કરુણ કથની જણાવી.

તો શિક્ષકે આ વિદ્યાર્થીને કહ્યું કે, "તારા જેવી બુદ્ધિશાળી વ્યક્તિએ આમ હતાશ થવાની જરૂર નથી. તને તમામ સહાય કરીશ અને શિક્ષક બનાવીશ."

સાવ ભાંગી પડેલા એચ. જી. વેલ્સમાં છુપાયેલું સામર્થ્ય પ્રગટ થવા માંડ્યું. એને સ્કૉલરશિપ મળી અને ચાર વર્ષ બાદ એચ. જી. વેલ્સે વિજ્ઞાનની વિદ્યાશાખામાં અભ્યાસનો પુનઃ પ્રારંભ કર્યો.

સમય જતાં કૉમિક નોવેલ અને સાયન્સ ફિક્શનના લેખનમાં એચ. જી. વેલ્સે વિશ્વવ્યાપી નામના મેળવી.


૧૮૯૫થી ૧૯૨૦ના સમયગાળામાં એચ. જી. વેલ્સના અભિપ્રાયોની જગતભરમાં ચર્ચા થતી. અંગ્રેજી સાહિત્યના સમર્થ સર્જક એચ. જી. વેલ્સે સિત્તેરથી વધુ ગ્રંથો લખ્યા.

જન્મ : ૨૧ સપ્ટેમ્બર, ૧૮૬૬, બ્રોમલી કેન્ટ, ઇંગ્લૅન્ડ
અવસાન : ૧૩ ઑગસ્ટ, ૧૯૪૯, લંડન, ઇંગ્લૅન્ડ



## હૃદયનું ઔદાર્ય

એકાવન વર્ષની વયના મહાન વૈજ્ઞાનિક આઇઝેક ન્યૂટન ટ્રિનિટી કૉલેજમાં અધ્યાપનકાર્ય કરી રહ્યા હતા. તેઓ એમનાં વર્ષોનાં સંશોધનોના પરિપાક રૂપે એક ગ્રંથ લખી રહ્યા હતા. રાત-દિવસની અવિરત સાધના અને અનેક પ્રયોગોનાં તારણ મેળવીને તૈયાર કરેલી વિગતોનું લેખનકાર્ય ચાલતું હતું.



એક વખત સવારે તેઓ પ્રાર્થના કરવા માટે ચર્ચમાં ગયા. પોતાના સંશોધનાત્મક પુસ્તકની હસ્તપ્રત ટેબલ પર એમ ને એમ પડી રહી.

આઇઝેક ન્યૂટને એક કૂતરો પાળ્યો હતો. એ માલિકની એકેએક આજ્ઞાનું પૂર્ણ પાલન કરતો હતો. આ કૂતરો આઇઝેક ન્યૂટનના ટેબલ પાસે બેઠો હતો. એવામાં એક ઉંદરડો ફરતો ફરતો ટેબલ પર આવ્યો અને ન્યૂટનની હસ્તપ્રતના કાગળો કાપવા લાગ્યો.

વફાદાર ડાયમંડે આ જોયું. માલિકની ગેરહાજરીમાં ઉંદરડાનું દુષ્કૃત્ય તેનાથી સહન ન થયું. પોતાના માલિકના કાગળો ઉંદરડો આ રીતે કાતરે તે કઈ રીતે ચાલે ? એણે ઉંદરડા પર પગના

પંજાથી ઝાપટ લગાવી. આમ કરવા જતાં મેજ પર મૂકેલી સળગતી મીણબત્તી પડી ગઈ અને ન્યૂટનના ગ્રંથની હસ્તપ્રત ભડભડ સળગી ગઈ.


મહાન વૈજ્ઞાનિક આઇઝેક ન્યૂટન પાછો આવ્યો. એણે જોયું તો એની વર્ષોની સાધના બળીને ખાખ થઈ ગઈ હતી. જિંદગીની સઘળી મહેનત, એની વર્ષોની સાધના પર પાણી ફરી વળ્યું હતું. સામાન્ય માનવી હોત તો આ કૂતરાને લાકડીએ ને લાકડીએ મારે ને પોતાનો ગુસ્સો ઓગાળે. પણ આ તો યુગપુરુષ આઇઝેક ન્યૂટન હતા. એમણે માત્ર એટલું જ કહ્યું :

"ઓ ડાયમંડ ! તને ખબર નથી કે તેં કેટલું મોટું નુકસાન પહોંચાડ્યું છે ?"

આમ કહી ન્યૂટન પોતાના સંશોધનકાર્યમાં ડૂબી ગયા.

**જન્મ : ૨૫ ડિસેમ્બર, ૧૬૪૨,**
**અવસાન : ૨૦ માર્ચ, ૧૭૨૭, વુલ્સવોર્થ, લૅંકેશાયર, ઇંગ્લૅન્ડ**





# માતાની રમૂજી વાતો

અમેરિકાના સર્વશ્રેષ્ઠ હાસ્યલેખક માર્ક ટ્વેનનું બાળપણ ઘણું ગરીબીમાં વીત્યું. મિસિસિપી નદીને કાંઠે હૅનિબાલમાં એમનું બાળપણ વીત્યું હતું. નદીમાં નૌકા લઈને ઘૂમવાની માર્કને ખૂબ મજા આવે. એ પછી ન્યૂયૉર્ક, ફિલાડેલ્ફિયા અને વૉશિંગ્ટન વિસ્તારમાં મુદ્રક તરીકે કામ કર્યું.

પશ્ચિમી કિનારાના દેશોમાં ચાંદીની ખાણો શોધવામાં ઘણો પ્રયત્ન કર્યો, પણ સઘળું નિષ્ફળ ગયું. મુદ્રક પછી પ્રકાશક અને અંતે લેખક બન્યા. પિતા જ્હૉનનાં પાંચ સંતાનોમાં તેઓ એમના ત્રીજા પુત્ર હતા. માર્ક બાર વર્ષના હતા અને પિતાનું મૃત્યુ થયું. આર્થિક હાલત સાવ સામાન્ય હતી, તે હવે કથળી ગઈ. ઘરમાં સતત રોજિંદી ચીજવસ્તુઓનો અભાવ જોવા મળતો. વાત આટલેથી અટકી નહોતી. બાળક માર્ક ટ્વેનનું સ્વાસ્થ્ય ઘણું નબળું રહેતું. માતાપિતાને સતત ચિંતા રહેતી કે આ નબળો છોકરો કઈ રીતે જિંદગી પસાર કરશે.

માર્ક ટ્વેનની માતા જેન ખૂબ આનંદી હતી. એ માર્ક ટ્વેનને રોજેરોજ રમૂજી વાતો કહેતી. બાળક માર્ક ખુશખુશાલ થઈ જતો. માતાની રમૂજી વાતો કહેવાની રીત પણ એવી કે

પોતે સહેજે હસ્યા વિના નિરાંતે આનંદભરી વાત કરી શકે.

માની રમૂજ અને માની રીત એ બંને માર્ક ટ્વેનના ચિત્ત પર પ્રભાવ પાડી ગયા. એણે સ્વયં પોતાની જિંદગી આનંદભરી રાખવા માંડી. આ આનંદને કારણે એની બીમારી ચાલી ગઈ.


બીજી બાજુ આ જ હાસ્ય-વિનોદને એણે પોતાના જીવનમાં અપનાવ્યાં. સમય એવો આવ્યો કે હાસ્યલેખક તરીકે માર્ક ટ્વેન પ્રખ્યાત થયો, પણ સાથોસાથ એણે કેટલાય કાર્યક્રમો કર્યા, જેમાં એણે રમૂજી અને આનંદભરી વાતોથી શ્રોતાઓને હસાવ્યા.

માર્ક ટ્વેનનો કાર્યક્રમ સાંભળવા માટે શ્રોતાઓ ટિકિટ લઈને પણ જતા હતા. એને લોકપ્રિયતા એટલી બધી મળી કે શહેરમાં પણ માર્ક ટ્વેનના શ્રોતાઓનો સમાવેશ થાય તેવો મોટો હૉલ મળતો નહોતો.

જિંદગીને આનંદથી જોનાર માર્ક ટ્વેન સમગ્ર દેશમાં જાણીતા થયા. માતાના એક સામાન્ય ગુણે જગતને અસામાન્ય હાસ્યસર્જક આપ્યો.

**જન્મ : ૩૦ નવેમ્બર, ૧૮૩૫, ફ્લોરિડા, મિસૂરી, અમેરિકા**
**અવસાન : ૨૧ એપ્રિલ, ૧૯૧૦, કનિક્ટિકટ, અમેરિકા**





## આત્મમુગ્ધતાને પાર

ફ્રાંસના સમ્રાટ નેપોલિયન બોનાપાર્ટ વિદ્યાપ્રિય કુટુંબમાં જન્મ્યો હતો અને એના પિતા કાર્ગો બોનાપાર્ટ વ્યવસાયે ધારાશાસ્ત્રી હતા. નેપોલિયને બ્રિયેનની લશ્કરી શાળામાં પાંચ વર્ષ સુધી અભ્યાસ કર્યો અને તે પછી એક વર્ષ પૅરિસની કૉલેજમાં શિક્ષણ લીધું. એની લશ્કરી કારકિર્દી શરૂ થઈ તે પૂર્વે નેપોલિયન એની યુવાવસ્થામાં અધ્યયન અને લેખનમાં ઊંડો રસ ધરાવતો હતો અને વખતોવખત જુદા જુદા વિષયો પર લેખ લખતો હતો.

એક વાર લીયેંસ નગરમાં લેખ-સ્પર્ધાનું આયોજન થયું અને એમાં નેપોલિયનનો લેખ સર્વશ્રેષ્ઠ ઘોષિત થયો. એ પછી સમય જતાં લશ્કરી હોદ્દાઓ અને રાષ્ટ્રની ધુરા સંભાળતા નેપોલિયનને માટે વાચન અને લેખન ઘણું ઓછું થઈ ગયું. એ એનો લેખ ભૂલી ગયો હતો; પરંતુ એના એક મંત્રી ટેલીરાન્તને જાણ થઈ કે સમ્રાટ નેપોલિયને એક લેખ માટે પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. તેથી તેણે એ લેખની મૂળ પ્રત મંગાવી અને સમ્રાટને આપતાં હસતાં હસતાં પૂછ્યું, “તમે આ લેખના લેખકને જાણો છો ?”

લેખને જોઈને નેપોલિયન ક્ષણભર વિચારમાં પડી ગયો. ટેલીરાન્ત સમ્રાટની મુખમુદ્રા જોતો હતો અને વિચારતો હતો કે સમ્રાટ એના પર પ્રસન્ન થશે અને એને પુરસ્કાર આપશે.

થોડીક ક્ષણો સુધી નેપોલિયને એ લેખ એકીટસે જોયો અને પછી એના ખંડમાં રહેલી સગડીઓમાં સળગતા કોલસા વચ્ચે ફાડીને ફેંકી દીધો.

ટેલીરાન્તના આશ્ચર્યનો પાર ન રહ્યો. તેણે કહ્યું, “તમે આવો મહત્ત્વપૂર્ણ લેખ શા માટે સળગાવી દીધો ?”


નેપોલિયને ઉત્તર આપ્યો, “હું આને સહેજે મહત્ત્વનો માનતો નથી. એક સમયે ચોક્કસ મારે મન એ અતિ મહત્ત્વનો હતો; પરંતુ આજે એમાં વ્યક્ત કરેલા વિચારોથી હું ઘણો આગળ નીકળી ગયો છું. કોઈ જૂની ચીજને પકડી રાખવી તે આત્મમુગ્ધતા છે. આજે આ વિષય પર લખું તો તદ્દન જુદી જ રીતે લખું. તો પછી આનો મોહ શા માટે રાખવો ? મને લાગે છે કે સમયની સાથે પોતાના વિચારને પણ નવું સ્વરૂપ આપતા રહેવું જોઈએ.”

| | | |
|---|---|---|
| **જન્મ** | **:** | **૧૫ ઑગસ્ટ, ૧૭૬૯, એજેસીઓ, કોર્સિકા, ફ્રાન્સ** |
| **અવસાન** | **:** | **૫ મે ૧૮૨૧, સેંટ હેલેના ટાપુ, ઇંગ્લૅન્ડ** |



# સેવાનું ઋણ

છેલ્લાં છવ્વીસ વર્ષથી માઇકલ ઍન્જેલોની સેવા કરનાર આરબીનો બીમાર પડ્યો. બીમારી ઘણી વસમી હતી અને આરબીનોને લાગ્યું કે હવે મોત બારણે આવીને ઊભું છે. એણે વિશ્વના મહાન ચિત્રકાર માઇકલ ઍન્જેલોને કહ્યું, “માલિક ! મારા આયુષ્યનો અંત સાવ નજીક લાગે છે.”



માઇકલ ઍન્જેલોએ એને સાંત્વન આપતાં કહ્યું, “ના આરબીનો, આ તો બીમારીની નબળાઈ કહેવાય, તારે તો હજી વધુ જીવવાનું છે. થોડો આરામ લે, એટલે ફરી સાજો થઈ જઈશ.”

આરબીનોએ કહ્યું, “અરે, પણ મારી બીમારીમાં તમે મારી આટલી બધી સારસંભાળ રાખો છો. રાત-દિવસ મારી સેવા-શુશ્રૂષા કરો છો.”

માઇકલ ઍન્જેલોએ કહ્યું, “અરે, આરબીનો છેલ્લાં છવ્વીસ વર્ષથી તેં મારી કેટલી બધી સેવા કરી છે, તે હું ક્યારેય નહીં ભૂલી શકું.”

આરબીનોની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી અને

તે બોલ્યો, "પણ માલિક, તમે અત્યારે આવી બીમારીમાં મારી જે સેવા કરો છો એનું ઋણ હું કઈ રીતે ચૂકવી શકીશ ?"

ચિત્રકારના ચહેરા પર હાસ્ય આવ્યું અને એણે કહ્યું, "પૂરતો આરામ લઈ અને ફરી સાજા થઈને."

આરબીનોની બીમારી વધતી જતી હતી. એની બચવાની આશા ઘટતી જતી હતી. માઇકલ ઍન્જેલો પોતાના આ સેવકની બીમારીથી વ્યથિત બની ગયો અને કલા મારફતે પોતાની લાગણી વ્યક્ત કરવા લાગ્યો. એણે આરબીનોના અંતિમ દિવસોનું ચિત્ર દોરવાનું શરૂ કર્યું. એ ચિત્ર મરણપથારીએ પડેલા આરબીનોને બતાવ્યું. અતિ નિર્બળ બની ગયેલા આરબીનોએ એ જોયું. જેમાં માઇકલ ઍન્જેલોની સારસંભાળ લેતો આરબીનો બતાવવામાં આવ્યો હતો.


થોડા સમય પહેલાં આરબીનોએ વિદાય લીધી પરંતુ જગતને એક મહાન કલાકૃતિ મળી.

જન્મ : ૬ માર્ચ, ૧૪૭૫, એરિઝો પાસે, તુસ્કેની
અવસાન : ૧૮ ફેબ્રુઆરી, ૧૫૬૪, રોમ



## ભસ્મીભૂત ભૂલો

વિખ્યાત વૈજ્ઞાનિક થોમસ આલ્વા એડિસનની લૅબોરેટરીમાં એકાએક આગ ફાટી નીકળી. ૧૯૧૪ના ડિસેમ્બરની એ રાત હતી, જ્યારે થોડી ક્ષણોમાં એડિસનના જીવનની સઘળી મહેનત ભસ્મીભૂત થઈ ગઈ. આગથી તૂટીને નીચે પડેલા ભંગારની વચ્ચે ધુમાડાઓમાં હાથ વીંઝતો એડિસનનો ...સ વર્ષનો પુત્ર ચાર્લ્સ પિતાને શોધતો હતો.



... એણે જોયું તો એડિસન શાંતિથી સળગતી આગને જોતા ... એમની આંખમાં ચમક હતી અને પવનના સુસવાટામાં ...ના શ્વેત વાળ અહીંતહીં ઊડતા હતા.

... ચાર્લ્સ આગથી અત્યંત વ્યથિત હતો. વીસ લાખ ડૉલરથી પણ વધુ નુકસાન થયું હતું. વીમો માત્ર બે લાખ અને આડત્રીસ હજારનો હતો. વળી વિચારતો હતો કે એના પિતા એડિસન સડસઠ વર્ષના થયા છે. યુવાન હોત તો વાત જુદી હતી, પણ આ ઉંમરે જે આગમાં હોમાઈ ગયું તે ફરી ક્યાંથી સર્જી શકશે ?

ઉદાસીન વિચારો કરતા ચાર્લ્સને પિતા એડિસનનો અવાજ સંભળાયો, "અરે ચાર્લ્સ, ક્યાં છે તારી માતા ?"

ચાર્લ્સે કહ્યું કે એને ખબર નથી કે અત્યારે એની માતા ક્યાં છે.

થોમસ આલ્વા એડિસને કહ્યું, “અરે શોધી લાવ એને ! લઈ આવ અહીંયાં ! જિંદગીમાં ક્યારેય એને આવું દૃશ્ય ફરી જોવા નહીં મળે.”

બીજે દિવસે એડિસન એની ભસ્મીભૂત થયેલી લૅબોરેટરીને જોઈને બોલ્યો,

“આ વિનાશ પણ મૂલ્યવાન છે. આપણી બધી ભૂલો એમાં બળીને ખાખ થઈ ગઈ. ઈશ્વરનો આભાર કે હવે બધું નવેસરથી શરૂ થશે.”

ભીષણ આગ પછી ત્રણ અઠવાડિયાં બાદ એડિસને જગતને ગ્રામોફોનના શરૂઆતના સ્વરૂપ સમો ફોનોગ્રામ શોધીને આપ્યો.

જન્મ : ૧૧ ફેબ્રુઆરી, ૧૮૪૭, મિલાન, ઓહાયો, અમેરિકા
અવસાન : ૧૮ ઑક્ટોબર, ૧૯૩૧, વેસ્ટ ઑરેન્જ, ન્યૂજર્સી, અમેરિકા





# ઢીંગલીને બદલે બંદૂક

જર્મનીનો પ્રથમ વિશ્વયુદ્ધમાં પરાજય થયો અને ૧૯૧૯માં નાઝી પક્ષ સ્થાપીને હિટલરે જર્મનીના રાજકીય ફલક પર પ્રવેશ મેળવ્યો. એણે જર્મનીની પ્રજાને એની પ્રાચીન ગરિમા પુનઃ સંપાદિત કરવાનું વચન આપ્યું અને એક હજાર વર્ષ સુધી જર્મન સામ્રાજ્યની એકચક્રી આણ ફેલાય એવું સ્વપ્ન આપ્યું.

એના તેજાબી શબ્દો અને ચળકતી આકર્ષક ભૂરી આંખોએ શ્રોતાજનોને મંત્રમુગ્ધ કર્યા. જર્મનો એને મિત્ર, રક્ષક અને તારણહાર માનવા લાગ્યા અને એનાં જોશીલાં પ્રવચનો પછી જનમેદની ‘હેઈલ હિટલર’ કહીને એનું ગગનભેદી અવાજે અભિવાદન કરતી હતી.

૧૯૩૩માં હિટલર જર્મનીનો સરમુખત્યાર બન્યો. એની ઇચ્છાઓ અમર્યાદ હતી અને સામ્રાજ્ય ફેલાવવા માટે એણે એના સૈનિકોને એમનું કર્તવ્ય દર્શાવતાં કહ્યું, “દિલમાં દયાનો છાંટો ન રાખશો, ક્રૂરતા આચરશો.”

સરમુખત્યાર બનેલા હિટલરે સૌપ્રથમ કાર્ય બાળકોનાં રમકડાં બદલવાનું કર્યું. નિશાળો અને હૉસ્પિટલોમાં બાળકો

માટેનાં ઢીંગલા-ઢીંગલી કે પશુ-પક્ષીનાં રમકડાંઓ ફેંકી દેવાનો હુકમ કર્યો. એણે બાળકો માટે નવાં તૈયાર કરાવેલાં બંદૂક અને તોપનાં રમકડાં પ્રચારમાં મૂક્યાં.

એને ખ્યાલ હતો કે બાળક બાળપણમાં ઢીંગલા-ઢીંગલી અથવા તો પશુ-પક્ષી જોશે, તો મોટો થશે ત્યારે આ જ એની ચિત્તસૃષ્ટિમાં હશે. બાળપણમાં ફૂટતી બંદૂકો અને ઘૂમતી તોપનાં રમકડાંથી રમ્યો હશે, તો મોટી વયે એણે જોઈ હશે અને એનાથી બંદૂક કે તોપ ચલાવવાનું એનામાં સ્વપ્ન જાગશે.

હિટલરને જગત પર આર્ય રાજ્ય સ્થાપવું હતું. એને માટે સુદૃઢ લશ્કરી તાકાત ઊભી કરવી હતી.

હિટલર આધુનિક ઇતિહાસનો સૌથી મહાન હત્યારો ગણાયો અને એના લશ્કરે લાખ્ખો માણસોને જીવતા રહેંસી નાખ્યા અને કેટલાયને કારાવાસની કાળી કોટડીમાં ગોંધી રાખ્યા. પ્રજામાં ક્રૂરતા જગાવવાના પ્રથમ ચરણ રૂપે બાળકોનાં રમકડાંમાં પરિવર્તન કરીને એમનું માનસ બદલવાનું કામ કર્યું.


જન્મ : ૨૦ એપ્રિલ, ૧૮૮૯ ઑસ્ટ્રિયા હંગેરી
અવસાન : ૩૦ એપ્રિલ, ૧૯૪૫ બર્લિન, જર્મની



## એક જ લક્ષ્ય

વણકર પિતાના પુત્ર ક્રિસ્ટોફર કોલંબસે માત્ર ચૌદ વર્ષની ઉંમરે દરિયાઈ સફર શરૂ કરી.

આ સાહસવીર અમેરિકાના શોધક તરીકે વિશેષ જાણીતો થયો, પરંતુ એણે પોતાના આખા જીવનમાં ચાર મહત્ત્વની સફર ખેડી. અનેક મુશ્કેલીઓ આવી તેમ છતાં એમણે એમની યોજના પાર પાડવા માટે અથાગ પ્રયત્નો ચાલુ રાખ્યા.



પશ્ચિમ તરફ સફર કરવાની એમની યોજનામાં મદદ કરવાની ઇંગ્લૅન્ડ અને ફ્રાંસના રાજાઓએ ચોખ્ખી ના પાડી, પરંતુ સ્પેનના ફર્ડિનાન્ડ અને ઇઝાબેલાએ આ સફરમાં એમને સહાય કરી. ત્રણ જહાજમાં ૮૮ માણસોને લઈને એ નીકળ્યા. ત્રણમાંથી એક જહાજ ગુમાવ્યું, પણ આ સફરને પરિણામે ક્યૂબા અને હાઇતી જેવા દેશો શોધી લાવ્યા.

એ પછી ફરી વાર પંદરસો માણસોનો કાફલો લઈને વેસ્ટઇન્ડિઝ ગયા અને જમૈકા અને બીજા ટાપુઓની ખોજ કરી.

હજી દરિયાઈ સફરનાં સ્વપ્ન ક્રિસ્ટોફરને આવતાં હતાં.

એમણે ત્રીજી સફર શરૂ કરી અને દક્ષિણ અમેરિકા સુધી પહોંચ્યા. એ દરમિયાન એમના પર ગેરવહીવટનો આરોપ મૂકીને એમને સ્પેનમાં કેદ પણ કરવામાં આવ્યા, પરંતુ ફરી વાર એમણે ચોથી સફર ખેડી અને હોંડુરસ, કોસ્ટારિકા અને પનામા સુધી પહોંચ્યા.


આ દરિયાઈ સફરો દરમિયાન નાવિકોએ એમની સામે સામૂહિક બળવો કર્યો. દિવસોના દિવસો સુધી કોઈ જમીન ન દેખાતાં પાછા ફરવા માટે આગ્રહ કર્યો. આ બધા વચ્ચે કોલંબસ અડગ રહ્યો. સાથી નાવિકોએ એને મારી નાખવાની પણ ધમકી આપી. આમ છતાં એ આગળ વધતો ગયો.

એની આંખો સામે એક જ લક્ષ હતું અને તે પોતાની ખોજ પૂરી કરવી, આથી બધી જ મુશ્કેલીઓનો સામનો કરીને કોલંબસ સફળતા હાંસલ કરી શક્યો.

૧૯૯૨માં એની દરિયાઈ સફરની પાંચસોમી જયંતી દુનિયાભરમાં ઊજવાઈ અને સહુએ આ સાગરસફરીના દૃઢ મનોબળને અંજલિ આપી.

જન્મ : ૧૪૫૧ ગોના, રિપબ્લિક ઓફગોના
અવસાન : ૨૦ મે, ૧૫૦૬, વલ્લાડોલિડ, કાઉન ઑફ કેસલ





## યુવાનની ઓળખાણ

રશિયાના વિખ્યાત નવલકથાકાર કાઉન્ટ લિયો ટૉલ્સ્ટૉયને એમના મિત્રે અકળાયેલા અવાજે ફરિયાદ કરી, "અરે! તમે તો કેવા છો ? તમારી ઑફિસમાં તમારે એક મદદનીશ જોઈતો હતો, એ માટે મેં એક યુવાનને મારી ભલામણ ચિઠ્ઠી સાથે મોકલ્યો હતો, પણ મેં જાણ્યું કે તમે એને નાપસંદ કર્યો. મિત્ર થઈને તમે આટલુંય કામ ન કરો તો દોસ્તીનો અર્થ શો ?"

ટૉલ્સ્ટૉયે મિત્રની સામે હળવું હાસ્ય વેર્યું, પણ ઉત્તર ન આપ્યો. અકળાયેલા મિત્રએ હૈયાવરાળ ઠાલવતાં કહ્યું, "તમારી પસંદગી પણ કેવી ? કશીય પહેચાન વિનાના અજાણ્યા યુવાનને પસંદ કર્યો ! આવી અજાણી વ્યક્તિને પસંદ કરવાને બદલે પેલી પરિચિત વ્યક્તિને પસંદ કરો તો તમને કેટલો લાભ થાય !"

આખરે લિયો ટૉલ્સ્ટૉયે કહ્યું, "તમારી વાત સાચી છે. જેને પસંદ કર્યો એ મારા કોઈ પરિચિતની ચિઠ્ઠી લાવ્યો નહોતો. એની પાસે કોઈની ભલામણ નહોતી, આમ છતાં એની પાસે એક મહત્ત્વની ઓળખ-ચિઠ્ઠી હતી ખરી."

ટૉલ્સ્ટૉયનો જવાબ સાંભળીને વિમાસણમાં પડી ગયેલા

એમના મિત્રે પૂછ્યું, "એવી કઈ મહત્ત્વની ઓળખ-ચિઠ્ઠી એની પાસે હતી ?"

ટૉલ્સ્ટૉયે કહ્યું, "તો ઓળખ આપું એ ઓળખ-ચિઠ્ઠીની. જુઓ, એણે રૂમમાં પ્રવેશતા પૂર્વે મારી પરવાનગી માંગી. એ પછી પગલુછણિયા પર એણે એના બૂટ સાફ કર્યા. ત્યાર બાદ એ મારી પાસે આવ્યો અને મારી ખુરશી આગળ ઊભો રહ્યો. જ્યાં સુધી મેં એને બેસવાનું કહ્યું નહીં ત્યાં સુધી એ ઊભો રહ્યો. એ પછી પૂર્ણ આત્મવિશ્વાસ સાથે એણે મારા પ્રશ્નો અને મારી બધી પૂછપરછનો સ્પષ્ટ જવાબ આપ્યો. મુલાકાત પૂરી થઈ ત્યારે ફરી એણે જવા માટે મારી પરવાનગી માંગી અને પરવાનગી લીધા બાદ એ કૅબિનમાંથી બહાર નીકળ્યો. મને લાગ્યું કે એ માણસ આ સ્થાન માટે પૂરેપૂરો યોગ્ય છે."

ટૉલ્સ્ટૉયનો આ ઉત્તર સાંભળીને એમનો મિત્ર ચૂપ થઈ ગયો.

જન્મ : ૯ સપ્ટેમ્બર, ૧૮૨૮, યાસ્નાયા પોલિયાના, રશિયા
અવસાન : ૨૦ નવેમ્બર, ૧૯૧૦, આસ્ટાપોવા, રશિયા





## ઉકળાટનો અર્થ

અબ્રાહમ લિંકન અને એની પત્ની મેરી વચ્ચે આભ-જમીનનું અંતર હતું. અબ્રાહમ લિંકન માયાળુ, પરોપકારી અને મિલનસાર હતા, જ્યારે એમની પત્ની મેરી ઝઘડાળુ, સ્વાર્થી અને કંકાસ કરનારી નારી હતી.

એક વાર એક વકીલ વકીલાત કરતા લિંકનને ઘેર કોઈ કામ અંગે આવ્યા. બંને વચ્ચે ગંભીર ચર્ચા-વિચારણા ચાલતી હતી. આવે સમયે એકાએક રસોડાનું બારણું ખૂલ્યું. અંદરથી મેરી ધસી આવી. એ ખૂબ ક્રોધમાં ધૂંવાંપૂંવાં થયેલી હતી. એણે લિંકનને પૂછ્યું, "પેલું કામ તમને સોંપ્યું હતું તે કર્યું છે કે નથી કર્યું ? જરા બોલશો ખરા ?"

વકીલ તો મેરીની બોલવાની આવી રીત-ભાત જોઈને સ્તબ્ધ જ થઈ ગયો.


અબ્રાહમ લિંકને ખૂબ શાંતિથી મેરીને ઉત્તર વાળ્યો, "તમે મને સોંપેલું કામ યાદ છે, પણ એક મહત્ત્વના કામમાં રોકાયેલો હતો તેથી એ કરી શક્યો નથી. હવે વહેલામાં વહેલી તકે એ કરી દઈશ."

લિંકનના આ શબ્દો સાંભળતાં જ મેરીના ક્રોધનો જ્વાળામુખી ફાટી નીકળ્યો. લાવારસ જેવા એના શબ્દો મોટા બરાડા રૂપે બહાર નીકળવા લાગ્યા. એણે લિંકનને વઢી નાખ્યો. એને બેફામ બોલતી જોઈ વકીલ તો ચકિત થઈ ગયો. મેરી રસોડામાં પાછી ગઈ ત્યારે વકીલ તો સ્તબ્ધ બનીને લિંકન સામે જોઈ રહ્યો. લિંકને જાણે કશું બન્યું ન હોય તેમ હસતાં હસતાં કહ્યું,

"મિત્ર, હું મેરીનો સ્વભાવ બરાબર ઓળખું છું. આ રીતે ગુસ્સો કરીને ઉકળાટ કાઢવામાં અને બેફામ બોલવામાં એને ખૂબ આનંદ આવે છે. તમે જો એને ઓળખતા હોત તો તમને આવું આશ્ચર્ય ન થાત, બલ્કે એ એનો ઉકળાટ ઠાલવી રહી છે તે જોઈને આનંદ થાત."

જન્મ : ૧૨ ફેબ્રુઆરી, ૧૮૦૯, હોજેનવિલે, કેન્ટુકી રાજ્ય, અમેરિકા
અવસાન : ૧૫ એપ્રિલ, ૧૮૬૫, વૉશિંગ્ટન ડી.સી., અમેરિકા





# ટ્વેનનો ઉત્તર

પ્રસિદ્ધ અમેરિકન હાસ્યલેખક માર્ક ટ્વેન(૧૮૩૫થી ૧૯૧૦)નું મૂળ નામ સૅમ્યુઅલ લેંગહાર્ન ક્લેમન્સ હતું, પરંતુ એણે વહાણવટાની પરિભાષામાં પાણીની સહીસલામત સપાટી દર્શાવતો ઉદ્ગાર 'માર્ક ટ્વેન'ને પોતાના તખલ્લુસ તરીકે પસંદ કર્યો. મુદ્રક, આત્મકથાલેખક, ખબરપત્રી અને સફળ વક્તા તરીકે માર્ક ટ્વેને ઘણી ખ્યાતિ મેળવી.

એણે અમેરિકન વસાહતીઓમાં ચાલી આવતી ટોળટપ્પાંની પરંપરા દ્વારા વિનોદી લખાણો કર્યાં. 'ધ ઍડ્વેન્ચર્સ ઑવ્ ટૉમ સૉયર' અને 'ઍડ્વેન્ચર્સ ઑવ્ હકલબરી ફિન' જેવી કિશોરકથાઓએ માર્ક ટ્વેનને ખ્યાતિ અપાવી.

તળપદી લોકબોલીનું પ્રાધાન્ય ધરાવતી માર્ક ટ્વેનની હળવી અને સાદગીપૂર્ણ શૈલી એ એના લેખનની અને વક્તવ્યની વિશેષતા બની રહી.

અમેરિકન લેખક માર્ક ટ્વેન એક વાર ઇંગ્લૅન્ડના પ્રવાસે ગયા હતા. લંડનમાં કેટલાક લોકોએ આ પ્રસિદ્ધ હાસ્યલેખકને સકંજામાં લેવા યુક્તિ કરી.

એ સમયે ઇંગ્લૅન્ડમાં શેક્સપિયરનાં નાટકોના કર્તૃત્વ અંગે ઘણો મોટો વિવાદ ચાલતો હતો. એક મત એવો હતો કે શેક્સપિયરનાં નાટકો શેક્સપિયરને બદલે બેકને લખેલાં છે.

આ અંગે બેકનના એક સમર્થકે માર્ક ટ્વેનને પ્રશ્ન કર્યો, "શું તમે એમ માનો છો કે શેક્સપિયરનાં નાટક બેકન દ્વારા લખવામાં આવ્યાં હતાં ?"

માર્ક ટ્વેને કહ્યું, "ભાઈ, એનો ઉત્તર તો હું સ્વર્ગમાં જઈને સ્વયં શેક્સપિયરને પૂછીને જ આપી શકું."

પ્રશ્નકર્તાએ કહ્યું, "મને એમ લાગે છે કે તમને સ્વર્ગમાં શેક્સપિયર નહીં મળે."


"તો પછી નરકમાં તો માત્ર આપ જ એમને પૂછી શકશો, ખરું ને?" માર્ક ટ્વેને ઉત્તર આપ્યો.

જન્મ : ૩૦ નવેમ્બર, ૧૮૩૫, ફ્લોરિડા, મિસૂરી, અમેરિકા
અવસાન : ૨૧ એપ્રિલ, ૧૯૧૦, કનિક્ટિકટ, અમેરિકા



# સંપૂર્ણતાનો માર્ગ

પ્રસિદ્ધ શિલ્પકાર માઇકલ ઍન્જેલોનો એક મિત્ર એમને મળવા આવ્યો. માઇકલ ઍન્જેલોની કલાકૃતિઓએ કલાજગતમાં નવી ક્ષિતિજો ઉઘાડી આપી હતી. શિલ્પકલાની પૂર્ણતા એમાં પ્રગટ થતી. વ્યક્તિની નાનામાં નાની રેખાઓ એ પથ્થરમાં ઉપસાવતો અને તેને નખશિખ પૂર્ણતા આપવા પ્રયત્ન કરતો હતો.



મિત્રએ માઇકલ ઍન્જેલોને એની કલાકૃતિ દર્શાવવા કહ્યું. માઇકલ ઍન્જેલો એ સમયે જે કલાકૃતિ તૈયાર કરી રહ્યા હતા, એ તેને બતાવી. મિત્રએ તે જોઈ. બન્યું એવું કે અઠવાડિયા બાદ ફરી એ મિત્ર કામસર માઇકલ ઍન્જેલોને મળવા આવ્યા. ફરી વાર એને એ કલાકૃતિ જોવાનું મન થયું. માઇકલ ઍન્જેલોએ એ શિલ્પ બતાવ્યું. મિત્રએ કહ્યું,

"ઍન્જેલો, આપણે મળ્યાને આખું અઠવાડિયું વીતી ગયું, એ દરમિયાન તમે ખાસ કંઈ કામ કર્યું હોય તેમ લાગતું નથી."

માઇકલ ઍન્જેલોએ હસીને કહ્યું, "ના, મિત્ર એવું નથી. આખું અઠવાડિયું સતત કામ કરતો રહ્યો છું. આની પાછળ સખત મહેનત કરી છે."

મિત્રએ કહ્યું, "શી મહેનત કરી ?"


ઍન્જેલો બોલ્યો, "જુઓ, એના કપાળ પર થોડી ઊંડી કરચલી હતી, તેથી એ કરચલી જરા વધારે ઊંડી કરી. ચહેરા પર નવી રેખાઓ કરી અને એને વધુ હૂબહૂ બનાવવા માટે પ્રયત્ન કર્યો. આંખનાં ભવાં બરાબર થયાં ન હતાં, આથી તે ભવાં બદલી નાખ્યાં. આ બધાની પાછળ આખું અઠવાડિયું ગયું."

"ઓહ ! આવા ઝીણવટભર્યા ફેરફાર કરવાની શી જરૂર ? તમારી કલાકૃતિઓ તો જગપ્રસિદ્ધ છે. આટલી મહેનત લીધી ન હોત તો પણ ચાલત."

માઇકલ ઍન્જેલોએ હસતાં હસતાં કહ્યું, "જગપ્રસિદ્ધ છે એનું કારણ જ આ ચીવટ અને ઝીણવટ છે. આવી ચીવટથી જ કલાકૃતિની સંપૂર્ણતા સાધી શકાય."

જન્મ : ૬ માર્ચ, ૧૪૭૫, એરિઝો પાસે, તુસ્કેની
અવસાન : ૧૮ ફેબ્રુઆરી, ૧૫૬૪, રોમ





## મોટો ઉપકાર

ડૉ. થૉમસ કૂપર નામના વિદ્વાન શબ્દકોશ તૈયાર કરતા હતા. શબ્દકોશનું કામ ઘણું લાંબું ચાલનારું અને અત્યંત પરિશ્રમભર્યું ગણાય. આની પાછળ ડૉ. થૉમસ કૂપરનાં વર્ષોનાં વર્ષો વીતતાં ગયાં.

આઠેક વર્ષ સુધી કામ કર્યા બાદ ડૉ. થૉમસ કૂપર બીમાર પડ્યા. મનમાં તો એક જ લગની અને તે શબ્દકોશ રચવાની. પલંગમાં સૂતાં સૂતાં આ જ વિચાર ચાલે.

ડૉ. થૉમસ કૂપરની લગની જોઈને એમનાં પત્ની ખિજાયાં. એક વાર એમનો ગુસ્સો કાબૂમાં ન રહ્યો એટલે ડૉ. થૉમસ કૂપરે શબ્દકોશ માટે કરેલી નોંધોના કાગળ બાળી નાખવા લાગ્યાં.

એવામાં ડૉ. થૉમસ કૂપર આવી ચડ્યા. એમણે જોયું તો ગુસ્સામાં ને ગુસ્સામાં એમનાં પત્ની એમની નોંધના કાગળ બાળી રહ્યાં છે. એમણે પૂછ્યું, 'શું બાળી રહ્યાં છો તમે ?'

થૉમસ કૂપરની પત્નીએ કહ્યું, 'ઘરમાં રખડતી નકામી પસ્તી.'

ડૉ. થૉમસ કૂપરે શાંતિથી કહ્યું, 'એ નકામી પસ્તી નથી, પરંતુ શબ્દકોશ અંગે મારા કામના કાગળો છે.'

ડૉ. થૉમસ કૂપરની પત્નીએ કહ્યું, 'હા, મને ખબર છે આ તમારા શબ્દકોશના કાગળો છે. તમે એની લપમાંથી છૂટો, માટે બાળી રહી છું.'

ડૉ. થૉમસ કૂપરે કહ્યું, 'કાગળોને તું બાળી શકીશ, પણ મારી અભ્યાસવૃત્તિને ક્યાંથી બાળી શકવાની છે ? વળી આવું કરીને તો તેં મારા પર મોટો ઉપકાર કર્યો છે.'

'કયો ?'


થૉમસ કૂપરે કહ્યું, 'તેં મારી જિંદગીનાં કામ કરવાનાં આઠ વર્ષો વધારી આપ્યાં.'

જન્મ : ૨૨ ઑક્ટોબર, ૧૭૫૯, વૅસ્ટમિનિસ્ટર, ઇંગ્લૅન્ડ
અવસાન : ૧૧ મે, ૧૮૪૦, કૉલંબિયા



## સર્વશ્રેષ્ઠ ભેટ

કાબેલ સૈનિકમાંથી સર્વોચ્ચ સેનાપતિ અને પંચતારક જનરલ બનેલા ડ્વાઇટ ડેવિડ આઇઝનહોવર (૧૮૯૦-૧૯૬૯) અમેરિકાના ૩૪મા પ્રમુખ બન્યા.



અમેરિકાના રિપબ્લિકન પક્ષ તરફથી ઊભા રહીને ચૂંટાઈ આવેલા આઇઝનહોવરે 'શાંતિ માટે અણુ'ની વાત કરીને આંતરરાષ્ટ્રીય અણુપંચની સ્થાપના કરી.

પ્રમુખ તરીકે આઇઝનહોવર ચૂંટાઈ આવ્યા ત્યારે એમના પર દેશભરમાંથી અભિનંદનની વર્ષા થઈ અને એમને અનેક ભેટસોગાદો મળી. આ ભેટસોગાદમાં અત્યંત કીમતી આભૂષણથી માંડીને કેટલીયે મોંઘી ચીજવસ્તુઓ હતી.

પ્રમુખપદે બિરાજેલા આઇઝનહોવર પ્રજાપ્રેમના પ્રતીકરૂપ આ ઉપહાર જોઈને પ્રસન્ન થતા હતા.

એમને મળેલી બધી ભેટમાં એક સામાન્ય ઝાડુ પણ ભેટ રૂપે મળ્યું હતું. અમેરિકાના પ્રમુખને આવી ભેટ જોઈને આશ્ચર્ય થયું. મોકલનારે એની સાથે અભિનંદનપત્ર પણ પાઠવ્યો હતો અને તેમાં લખ્યું હતું,

"માનનીય પ્રમુખશ્રી, તમારા ભવ્ય વિજય બદલ આ ભેટ મોકલી રહ્યો છું. એ કદાચ તમને વિચિત્ર કે અણગમતી લાગશે, પરંતુ હું માનું છું કે આ આજના દિવસની સૌથી યોગ્ય ભેટ છે. તમે ચૂંટણી સમયે તમારાં ભાષણોમાં ઘોષણા કરી હતી કે જો હું અમેરિકાનો પ્રમુખ થઈશ, તો મારું પહેલું કામ રાજવ્યવસ્થામાં ફેલાયેલી ગંદકી દૂર કરવાનું છે. આ ઝાડુની ભેટ તમને હંમેશાં પ્રજાને આપેલા વચનની યાદ આપશે."

થોડા સમય પછી પ્રમુખને મળેલી ભેટસોગાદોનું પ્રદર્શન યોજવામાં આવ્યું. એમાં રાષ્ટ્રપતિ આઇઝનહોવરે પેલા ઝાડુને ઉઠાવીને કહ્યું,

"મને મળેલી આ સર્વશ્રેષ્ઠ ભેટ છે. એના દ્વારા દેશના આત્માએ મારી સાથે પ્રત્યક્ષ વાતચીત કરી છે."

જન્મ : ૧૪ ઑક્ટોબર, ૧૮૯૦, ડેનિસન, ટેક્સાસ, અમેરિકા
અવસાન : ૨૮ માર્ચ, ૧૯૬૯, વૉશિંગ્ટન ડી.સી., અમેરિકા





# કવિને ઇનામ

ઇંગ્લૅન્ડના એલિઝાબેથન યુગના કવિ એડમન્ડ સ્પેન્સરે ઇંગ્લૅન્ડની મહારાણી વિશે પ્રશસ્તિકાવ્ય લખ્યું. આ કાવ્યમાં કવિ એડમન્ડ સ્પેન્સરે અર્લ ઑફ સાઉથમ્પટનના ગુણોનાં વખાણ કર્યાં હતાં.

એમની કાવ્યરસિકતા અને મહાનતાને બિરદાવી હતી. અર્લ ઑફ સાઉથમ્પટન કવિતાના ચાહક હોવાની સાથોસાથ કવિઓના મિત્ર અને મદદગાર પણ હતા.

પ્રશસ્તિ-કાવ્ય લઈને એડમન્ડ સ્પેન્સર અર્લના નિવાસસ્થાને પહોંચ્યા. એમણે સ્વરચિત કાવ્યનો કાગળ અર્લના નોકરને આપ્યો અને પછી દીવાનખંડમાં બેસીને રાહ જોવા લાગ્યા.

કાવ્યરસિક અર્લે કાગળ ખોલીને કવિતા વાંચવા માંડી. કાવ્યનો પ્રારંભ એમને ખૂબ ગમી ગયો એટલે તરત જ નોકરને હુકમ કર્યો, "આ કવિ મહાશયને વીસ પાઉન્ડ ભેટ આપો."

નોકર અર્લના હુકમનો અમલ કરવા ઊભો થયો. એવામાં અર્લે કાવ્યની થોડી વધુ પંક્તિઓ વાંચી અને બોલી ઊઠ્યા, "અરે ઓ ! સાંભળ. એમને બીજા વધુ વીસ પાઉન્ડ આપજે."


નોકર એટલી રકમ આપવા માટે ઊભો થયો કે વળી પાછો અર્લનો અવાજ ગાજી ઊઠ્યો, "અરે ! થોભી જા ! આવા કવિનું યોગ્ય સન્માન થવું જોઈએ. એમને વીસ વધુ પાઉન્ડ આપજે."

નોકર એ હુકમનો અમલ કરવા આગળ વધ્યો. એવામાં અર્લે સમગ્ર કાવ્યનું પઠન કરી લીધું અને એમનો અવાજ આખા ખંડમાં ગાજી ઊઠ્યો.

એમણે કહ્યું, "અરે ! પેલા કવિને તત્કાળ અહીંથી હાંકી કાઢજે. કાવ્યમાં એમણે કરેલી અતિપ્રશંસા પતનનું કારણ બની જાય તેવી છે."

જન્મ : ૧૫૫૨, લંડન, ઇંગ્લૅન્ડ
અવસાન : ૧૩ જાન્યુઆરી, ૧૫૯૯, લંડન, ઇંગ્લૅન્ડ





## જીવનની જાણકારી

પ્રાચીન ગ્રીસના પ્રસિદ્ધ એથેન્સ નગરમાં પ્રતિવર્ષ એક સ્પર્ધા યોજાતી હતી. આ સ્પર્ધા નગરના સૌથી વધુ બુદ્ધિશાળી વિદ્યાર્થીને શોધવાની. આ સ્પર્ધાના નિર્ણાયકો તરીકે અત્યંત વિચક્ષણ બુદ્ધિ અને વિશાળ અનુભવ ધરાવતી સાત વ્યક્તિઓની સમિતિ કાર્ય કરતી હતી. એમની પરીક્ષામાં જે સૌથી વધુ સફળ થાય તેને સમગ્ર દેશના સૌથી વધુ બુદ્ધિશાળી વિદ્યાર્થી તરીકે જાહેર કરવામાં આવતો હતો.

એથેન્સ નગરનો વિદ્યાર્થી સૉક્રેટિસ આ સ્પર્ધામાં ભાગ લેનારો સર્વપ્રથમ વિદ્યાર્થી હતો. એ સ્પર્ધા પૂર્વે ખૂબ તૈયારી કરતો હતો. અસંખ્ય ગ્રંથો વાંચી નાખતો. કેટલાય વિચારો વાગોળતો, જીવન વિશે ઊંડું ને ગહન ચિંતન કરતો હતો. જગતની પ્રવર્તમાન સમસ્યાઓનો કઈ કઈ રીતે ઉકેલ લાવી શકે, તે વિશેના વિકલ્પો શોધતો હતો.

સ્પર્ધાના દિવસે તો સૉક્રેટિસ રોજના સમય કરતાં વહેલો ઊઠી જતો. પાણીથી મોઢું ધોઈને તરત જ તૈયારી કરવા લાગી જતો. મનોમન કેટલીય સમસ્યાઓ વિશે વિચારતો, એના ઉત્તરો અને ઉકેલો તૈયાર કરતો. સંપૂર્ણ સજ્જતા અને તૈયારી સાથે

સાત સભ્યોની સમિતિ સમક્ષ ઇન્ટરવ્યૂ માટે હાજર થતો હતો. એને પહેલો પ્રશ્ન પૂછવામાં આવતો, “શું તમે અત્યંત બુદ્ધિશાળી વિદ્યાર્થી છો ? તમારી પાસે જીવન વિશેનું સઘળું જ્ઞાન છે ?”

સૉક્રેટિસ એનો ઉત્તર આપતો, “હા. હું જીવન વિશે સઘળું જ્ઞાન ધરાવું છું.”

નિર્ણાયક સમિતિ આવા વિદ્વાન વિદ્યાર્થીને એને બીજો પ્રશ્ન પૂછતી નહીં. એનો આ એક જ ઉત્તર સાંભળીને એને વિદાય આપી દેતી હતી.

બન્યું એવું કે એક વાર સૉક્રેટિસ આ પરીક્ષામાં ઉપસ્થિત રહી શક્યો નહીં, આથી એણે નિર્ણાયક સમિતિને કાગળ લખ્યો અને સાથે હંમેશાં પુછાતા એ પ્રશ્નના ઉત્તરમાં લખ્યું કે એ જીવન વિશે કશું જાણતો નથી !

એ દિવસે નિર્ણાયક સમિતિએ સૉક્રેટિસને શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકે જાહેર કર્યો.

જન્મ : ઈ. પૂ. ૪૬૯/૪૭૦, ઍથેન્સ, ગ્રીસ
અવસાન : ઈ. પૂ. ૩૯૯, ઍથેન્સ, ગ્રીસ



# સંગીતકારનું ઔદાર્ય

કૅલિફૉર્નિયા યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા હર્બર્ટ હૂવરની આર્થિક સ્થિતિ અત્યંત નબળી હતી. ઉત્કૃષ્ટ ગણાતી યુનિવર્સિટીની ઊંચી ફી ભરવાની પણ ભારે મુશ્કેલી પડતી હતી. આ સમયે પોલૅન્ડનો વિખ્યાત સંગીતકાર પેડ્રેવ્સ્કી કૅલિફૉર્નિયામાં સંગીતના કાર્યક્રમો આપતો હતો. કૉલેજિયન હર્બર્ટ હૂવરને થયું કે આ મહાન સંગીતકારનો એક કાર્યક્રમ યોજવો અને એમાંથી જે કંઈ નફો મળે એ દ્વારા ફી ભરવાની રકમ મેળવી લેવી.



યુવાન હર્બર્ટ હૂવરે બે હજાર ડૉલર આપવાની શરતે ...ના સંગીતકારનો કાર્યક્રમ યોજ્યો, પરંતુ હર્બર્ટનું દુર્ભાગ્ય એ કે ધાર્યા પ્રમાણે ટિકિટ વેચાઈ નહીં અને પરિણામે નફાને બદલે ખોટનો ધંધો થયો ! સંગીતકાર પેડ્રેવ્સ્કીને નિશ્ચિત રકમ કઈ રીતે ચૂકવી શકાશે એનો સવાલ ઊભો થયો. કાર્યક્રમની આવક લઈને આ યુવાન વિદ્યાર્થી સંગીતકાર પાસે આવ્યો અને સઘળી વાત કરી. સંગીતકારે કહ્યું કે, “જે કંઈ આવક થઈ હોય, તેમાંથી તમારો ખર્ચ બાદ કરીને જે કંઈ રકમ વધે એ મને આપજો.”

યુવાન હર્બર્ટના ચહેરા પર આનંદ છલકાઈ ઊઠ્યો. સંગીતકારનું ઔદાર્ય જોઈ ખુશખુશાલ થયો. એણે હૉલનું ભાડું, વીજળીનું બિલ, નાસ્તાનો ખર્ચ, છપામણીનું બિલ તથા અન્ય ખર્ચા બાદ કરીને બાકીની રકમ સંગીતકારને આપી.

આ ઘટનાને બે-ચાર દિવસ વીતી ગયા. એક દિવસ એ સંગીતકાર સ્વયં યુવાન વિદ્યાર્થી હર્બર્ટને મળવા આવ્યો અને એને કહ્યું,

"તમે ઘણી આશા સાથે મારો કાર્યક્રમ રાખ્યો હતો. મારાથી તમને નિરાશ ન કરાય. તમે નફો મેળવીને અભ્યાસ આગળ વધારવા ચાહતા હતા, તો મારી આ રકમ સ્વીકારો."


યુવાન હર્બર્ટ સંગીતકારની મહાનતા જોઈને હૃદયથી ઉપકારભાવ અનુભવી રહ્યા. સમય જતાં આ હર્બર્ટ હૂવર અમેરિકાના પ્રમુખ બન્યા, પણ પેલા પોલૅન્ડના મહાન સંગીતકારનું ઔદાર્ય જીવનભર યાદ કરતા રહ્યા.

જન્મ : ૧૦ ઑગસ્ટ ૧૮૭૪,
અવસાન : ૨૦ ઑક્ટોબર, ૧૯૬૪



## અદમ્ય અભ્યાસવૃત્તિ

જ્યોર્જ વૉશિંગ્ટન (ઈ. સ. ૧૭૩૨ - ઈ. સ. ૧૭૯૯) અગિયાર વર્ષના હતા ત્યારે એમના પિતાનું અવસાન થયું. તેઓ ઓરમાન ભાઈ સાથે માઉન્ટ વરનોનની પોતાની જાગીર પર વસવા આવ્યા. બાળક જ્યોર્જ વૉશિંગ્ટનને દરિયાકાંઠે સહેલગાહે જવાની તીવ્ર ઉત્કંઠા હતી, પરંતુ એની માતા એને હંમેશાં હતોત્સાહ કરતી હતી.



બાળપણમાં અભ્યાસ માટે ફી મેળવવાનાં એમને ફાંફાં હતાં. ઓરમાન માતા કે ઓરમાન ભાઈ કશું આપતા નહીં, પરંતુ આ બાળકમાં અભ્યાસની ધગશ એટલી કે કોઈ ને કોઈ માર્ગ શોધતો રહેતો.

એક દિવસ એ નજીકની નિશાળના આચાર્ય પાસે ગયો. ગભરાટ વગર એમની પાસે પહોંચીને પોતાની આર્થિક સ્થિતિની વાત કરી. આની સાથોસાથ ભણવાની લગનીનો પણ ખ્યાલ આપ્યો.

નિશાળના આચાર્યે કહ્યું, "તારી વિકટ આર્થિક સ્થિતિને કારણે હું તારે માટે નિઃશુલ્ક શિક્ષણની વ્યવસ્થા કરું, પરંતુ એના બદલામાં તારે કંઈક કામ કરવું પડશે."

બાળક જ્યોર્જ વૉશિંગ્ટને કહ્યું, "આપ કહો તે કામ કરવા હું રાજી છું. મને ભણવાનું મળે તો કોઈ પણ કામ કરવાની મારી તૈયારી છે."

આચાર્યે કહ્યું, "પણ તું કયું કામ કરી શકે ? તને કંઈ ખ્યાલ આવે છે ખરો ?"


જ્યોર્જ વૉશિંગ્ટને કહ્યું, "સર, હું રોજ સવાર-સાંજ સ્કૂલની સફાઈ કરીશ અને એના બદલામાં તમે મને નિઃશુલ્ક અભ્યાસની સગવડ કરી આપજો."

વાત પાકી થઈ. બીજા દિવસથી જ જ્યોર્જ વૉશિંગ્ટને દિલ દઈને નિશાળનું સફાઈકામ શરૂ કર્યું અને એનો અભ્યાસ આગળ ચાલવા લાગ્યો. સમય જતાં આ જ્યોર્જ વૉશિંગ્ટન જમીનમાપણીના અધિકૃત અધિકારી બન્યા.

એ પછી વર્જિનિયા રાજ્યના નાગરિક-લશ્કરના સેનાપતિ થયા. માઉન્ટ વરનોન ખાતે એક અગ્રણી અને વગદાર ફેરફેક્સ કુટુંબના માર્થા સાથે એમનાં લગ્ન થયાં અને સમય જતાં અમેરિકાની ક્રાંતિ દરમિયાન લશ્કરના સરસેનાધિપતિ, લોકચાહના ધરાવતા રાષ્ટ્રપતિ અને અમેરિકાના પ્રથમ પ્રમુખ બન્યા.

જન્મ : ૨૨ ફેબ્રુઆરી, ૧૭૩૨, વેસ્ટમોરલૅન્ડ, વર્જિનિયા, અમેરિકા
અવસાન : ૧૪ ડિસેમ્બર, ૧૭૯૯, માઉન્ટ વેરનોન, વર્જિનિયા, અમેરિકા





# દેશનેતાનું કર્તવ્ય

વ્લાદિમિર ઇલિચ ઇલિયાનૉવ લેનિન (૧૮૭૦થી ૧૯૨૪) મહાન ક્રાંતિકારી અને શ્રમજીવીઓના રાહબર હતા, પરંતુ એની સાથોસાથ ચતુર રાજકારણી, વિલક્ષણ વ્યૂહરચનાકાર અને વ્યવહારકુશળ નેતા પણ હતા.

માર્ક્સવાદી વિચારસરણીને વરેલા વિશ્વના આ ક્રાંતિકારી નેતા પર દુશ્મનોએ સશસ્ત્ર હુમલો કર્યો હતો. આને પરિણામે એમના શરીર પર અનેક જગાએ ઘા વાગ્યા હતા. એમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

એવામાં અતિવૃષ્ટિને કારણે ધોરી રેલવે માર્ગ તૂટી જતાં ટ્રેન-વ્યવહાર અનિયમિત થઈ ગયો હતો. આનો રશિયામાં ચાલતી શસ્ત્રક્રાંતિ પર દુષ્પ્રભાવ પડે તેમ હતું, કારણ કે જો રસ્તાના સમારકામમાં વિલંબ થાય તો ક્રાંતિકારીઓને સમયસર પહોંચવું મુશ્કેલ બને તેમ હતું.

રસ્તાનું સમારકામ કરવા માટે મજૂરો કામે લાગ્યા, પરંતુ એમને ક્યાંથી આની ઉતાવળ હોય ? આથી લેનિને રાષ્ટ્રભક્તોને કહ્યું કે તમે આ મજૂરોની સાથે કામે જોડાઈ જાવ. અનેક

દેશભક્તો રસ્તાના સમારકામ માટે અથાગ પરિશ્રમ કરો.

એક દેશભક્ત બીમાર હતો. એના માથાના વાળ વધી ગયા હતા. દાઢી ઊગી ગઈ હતી, પરંતુ એ પણ બીજા મજૂરોની સાથે હરોળમાં રહીને દિવસોના દિવસો સુધી સખત મજૂરી કરતો રહ્યો.

એક વાર મજૂરોની હરોળમાં બેઠેલો આ દેશભક્ત ઓળખાઈ ગયો. સહુએ કહ્યું, "અરે, બિરાદર લેનિન ! તમે તંદુરસ્તીની કાળજી લેવાને બદલે આટલા બધા દિવસ સુધી આવો અતિ શ્રમ લીધો ? અમે બધાં આવાં કામ કરીએ, પણ આપના જેવા મહાન દેશનેતાએ આવાં કામો કરવાનાં ન હોય. તમારે તો મહાન કાર્ય કરવાનાં હોય."

આ વાત સાંભળીને લેનિને કહ્યું, "બિરાદરો, જો દેશને માટે હું આટલું કામ ન કરું તો કઈ રીતે મહાન કામ કરી શકું ? ભલે મારી તબિયત નાદુરસ્ત હોય, પરંતુ મારે પણ દેશવાસી તરીકે શ્રમ કરવો જોઈએ. દેશનેતાનું આ પ્રથમ કર્તવ્ય છે."

જન્મ : ૨૨ એપ્રિલ ૧૮૭૦, રશિયન એમ્પાયર, રશિયા
અવસાન : ૨૧ જાન્યુઆરી, ૧૯૨૪, ગોર્કી, રશિયા



# નવોદિતોને તક

વિખ્યાત ચિત્રકાર ટર્નર ઇંગ્લૅન્ડની રૉયલ અકાદમીમાં યોજાયેલા વિશ્વભરના ચિત્રકારોના પ્રદર્શનને આખરી ઓપ આપવા આવી પહોંચ્યા.

વૈશ્વિક ધોરણે યોજાયેલા આ ચિત્રપ્રદર્શનમાં અનેક કલાકારોએ ભાગ લીધો હતો અને આમાં સ્થાન પામીને કલાકાર ધન્યતા અનુભવતો હતો.



આ રૉયલ એકૅડેમીનું માનદ સભ્યપદ ધરાવતા ટર્નર પ્રત્યેક ચિત્રની ગોઠવણીને ધ્યાનપૂર્વક નિહાળતા હતા.

એમણે જોયું તો એક ચિત્ર દીવાલની બાજુમાં મૂકવામાં આવ્યું હતું.

એ અંગે પૃચ્છા કરતાં આયોજકોએ જણાવ્યું, "આ ચિત્ર મૂકવાની કોઈ જગા નથી. નવોદિત કલાકારનું આ સુંદર ચિત્ર આપણે પ્રદર્શનમાં મૂકીશું નહીં તેથી એનું દિલ દુભાશે, પરંતુ આપણી પાસે એ સિવાય બીજો કોઈ ઉપાય નથી."

ચિત્રકાર ટર્નરે એ ચિત્ર જોયું તો ખ્યાલ આવ્યો કે ઊગતા કલાકારની સુંદર કલાકૃતિ હતી. મનમાં વિચાર્યું કે આવી સુંદર કલાકૃતિને કેટલો મોટો અન્યાય થઈ જશે.

ટર્નરે વિશ્વ ચિત્ર-પ્રદર્શનના આયોજકોને કહ્યું કે આને માટે તમારે અફસોસ કરવાની જરૂર નથી. મારી પાસે આનો ઉપાય છે. આમ કહીને ટર્નરે દીવાલ પર ટાંગેલું પોતાનું ચિત્ર ઉતારી લીધું અને નવોદિત ચિત્રકારનું ચિત્ર મૂક્યું.

આયોજકોએ કહ્યું, "ચિત્ર-પ્રદર્શનમાં આપનું ચિત્ર ન હોય તે કેમ ચાલે ?"

ટર્નરે જવાબ આપ્યો, "નામાંકિત કલાકારોએ ખસી જતાં પણ શીખવું જોઈએ. નવોદિત કલાકારોની કલાને પ્રગટ થવાનો અવકાશ આપવો જોઈએ."

જન્મ : ૨૩ એપ્રિલ, ૧૭૭૫, કોન્વેન્ટ ગાર્ડન, લંડન, ઇંગ્લૅન્ડ
અવસાન : ૧૯ ડિસેમ્બર, ૧૮૫૧, ચાઇના વૉક, ચેલ્સિયા, લંડન, ઇંગ્લૅન્ડ





# કમાણીનો નશો

વિખ્યાત ફ્રેન્ચ સર્જક સમરસેટ મૉમે (૧૮૭૪–૧૯૬૫) નવલકથા, નાટક, નવલિકા જેવાં સાહિત્યસ્વરૂપોમાં યશસ્વી પ્રદાન કર્યું. ફ્રાંસમાં સમરસેટ મૉમનું અનેક કલાકૃતિઓથી સજાવેલું સુંદર અને વૈભવશાળી નિવાસસ્થાન જોવા માટે વિશ્વપ્રસિદ્ધ વ્યક્તિઓ આવતી હતી.

તેણે મોન્ટે કાર્લો અને નાઇસ વચ્ચે આવેલા કેપ ફેરાટ વિસ્તારમાં વૈભવશાળી 'વિલા મોરેસ્ક' ખરીદી હતી. એના નિવાસસ્થાને અનેક જગપ્રસિદ્ધ કલાકૃતિઓ હતી. ઉત્તમ ફર્નિચર હતું. કીમતી ચીજવસ્તુઓ હતી અને આ બધાંની વચ્ચે પાણીના કુંજા પાસે એક તિરાડવાળો કાચનો પ્યાલો હતો.

સમરસેટ મૉમના નિવાસસ્થાને આવેલા પત્રકારોએ પાણીના કુંજા પાસે પડેલો કાચનો તિરાડવાળો પ્યાલો જોઈને વિશ્વખ્યાત સર્જકને કહ્યું, "તમારા આ વૈભવશાળી સ્થળે આવો પ્યાલો ? કીમતી અને મૂલ્યવાન વસ્તુઓથી શોભતા ઘરમાં આવો તિરાડવાળો પ્યાલો આંખને કઠે છે."

સમસસેટ મૉમે કહ્યું, "આ પ્યાલો એ તો મારા ભૂતકાળનું સ્મરણ છે."

“એટલે ?”

“જીવનના પ્રારંભકાળે એવા પણ દિવસો હતા કે જ્યારે સાંજના ભોજનનાં પણ ફાંફાં હતાં. એ સમયે આ તિરાડવાળા ગ્લાસમાં હું પાણી પીતો. આજે હું ખૂબ કમાઉં છું, સર્વત્ર મારી પ્રશંસા થાય છે. ક્યારેક મગજમાં એનો નશો પણ ચડે છે, આવે સમયે આ કુંજામાંથી તિરાડવાળા ગ્લાસમાં પાણી નાખીને ધીરે ધીરે ઘૂંટડા ભરું છું. ભૂતકાળને વાગોળું છું. સાથે વિચારું છું કે આજે ભલે હું ફ્રેન્ચ રિવેરા વિસ્તારના આ વૈભવશાળી મકાનમાં રહેતો હોઉં, મને મારી નવલકથાઓમાંથી અઢળક કમાણી થઈ હોય, પરંતુ એ ગરીબીના દિવસો કેવા હતા ! મનમાં આટલું ગુમાન શાને?”

જન્મ : ૨૪ જાન્યુઆરી, ૧૮૭૪, પૅરિસ, ફ્રાન્સ
અવસાન : ૧૬ ડિસેમ્બર, ૧૯૬૫, નિસ, ફ્રાન્સ



## લેખકનો ધર્મ

અમેરિકાના પ્રસિદ્ધ નવલકથાકાર વિલિયમ ફૉકનરે પોતાની કૃતિઓમાં આર્થિક સ્થિતિ, સામાજિક પરિવર્તન અને નૈતિક જીવનનું દર્શન કરાવ્યું. એની કૃતિઓમાં વિષયવસ્તુ, કલા-કસબ અને મનોભાવોનો વ્યાપક વિસ્તાર આલેખ્યો. ૧૯૪૯માં એમને નોબેલ પારિતોષિક મળ્યું. ૧૯૫૫માં ‘ફેબલ’ માટે એમને પુલિત્ઝર પારિતોષિક મળ્યું. આ કૃતિમાં આ સર્જકે પ્રથમ વિશ્વયુદ્ધના સૈનિકના અનુભવ વર્ણવ્યા છે.



એમની ઘણી કૃતિમાં હિંસાનું વર્ણન મળે છે. તેઓએ કહ્યું કે પ્રેમ, અનુકંપા અને સ્વાર્પણ જેવાં સનાતન મૂલ્યોના પ્રતિપાદન માટે એમણે આવાં વિરોધી તત્ત્વોનું દર્શન કરાવ્યું છે. વિલિયમ ફૉકનર કહેતા કે વાચકોને આ પરિસ્થિતિ વિશે જાગ્રત કરવા તે લેખકનો ધર્મ છે.

બે વિશ્વયુદ્ધો પૂર્ણ થયાં. ભય અને સંહારથી આખું વિશ્વ ધ્રૂજી ઊઠ્યું. માનવીની સત્તાલાલસાએ માનવીને જ માનવભક્ષી બનાવ્યો. આ સમયે વિલિયમ ફૉકનરે ત્રીજા વિશ્વયુદ્ધ પછીના વિશ્વની નોંધ લીધી. એમણે લખ્યું,

“ત્રીજું વિશ્વયુદ્ધ સમાપ્ત થયું. વિનાશના તાંડવમાં સંપૂર્ણ

માનવજાત ભરખાઈ ગઈ. આ સમયે ઊંડી ગુફામાંથી એક વાનર બહાર આવ્યો. એ વાનરે ચોતરફ દૃષ્ટિ ફેરવી, તો સર્વત્ર તબાહી અને બરબાદી જોવા મળી. વાનર ધ્રૂજી ઊઠ્યો. એનું માથું ભમવા લાગ્યું. ચિત્ત સ્તબ્ધ થઈ ગયું. અતિ સંતપ્ત થઈને નજીકમાં આવેલા પર્વતની ટોચ પર ચડીને આત્મહત્યા કરવાની એ વાનર તૈયારી કરતો હતો. નીચે ઊંડી ખીણમાં પડીને જીવનનો અંત આણવો હતો. ત્યાં જ પાછળથી એક અવાજ આવ્યો. એ અવાજ વાનરે તત્ક્ષણ ઓળખી કાઢ્યો. બીજી ગુફામાંથી નીકળેલી વાંદરીએ એને બૂમ પાડી. અંતે આ ગુફાવાસી વાનર આત્મહત્યાનો ખ્યાલ છોડીને વાનરકન્યા પાસે આવ્યો. વાનરે પૂછ્યું, "તમે વિશ્વદહનમાંથી બચી ગયાં લાગો છો."

વાંદરીએ કહ્યું, "હા, ઊંડી ગુફામાં હોવાને કારણે."

વાનરે ખૂબ પરેશાની સાથે કહ્યું, "ઓ ભગવાન ! શું હવે અમારે ફરીથી સૃષ્ટિની રચના કરવી પડશે ?"

જન્મ : ૨૫ સપ્ટેમ્બર, ૧૮૯૭, ન્યૂ આલ્બેની, મિસિસિપી, અમેરિકા
અવસાન : ૬ જુલાઈ, ૧૯૬૨, બાયથેલિયા, મિસિસિપી, અમેરિકા





## પ્રસન્નતાનું રહસ્ય

વિખ્યાત કવિ વિલિયમ વર્ડ્ઝવર્થના જીવનનો સૂર્ય અસ્તાચળ તરફ ઢળતો હતો, છતાં મુખ પર અપૂર્વ પ્રસન્નતા હતી. મૃત્યુ ધીરે ધીરે એમની સમીપ આવતું હોવા છતાં વર્ડ્ઝવર્થનાં સંતોષ અને સ્વસ્થતા અનુપમ હતાં.

એક કવિ-મિત્ર વર્ડ્ઝવર્થને મળવા માટે રાતના સમયે આવ્યા. વર્ડ્ઝવર્થના સ્વજનો સહુ વીખરાઈ ગયા હતા. ત્યારે આ કવિમિત્રે વર્ડ્ઝવર્થને પૂછ્યું,

"કવિ, મારા ચિત્તમાં કેટલાય દિવસથી આપના વિશે એક પ્રશ્ન ઘોળાતો હોવાથી ભારે અજંપો અનુભવતો હતો. અંગત વાત પૂછવાની હોવાથી આપ એકલા હો તેવો સમય શોધતો હતો. આજે અનાયાસે એકાંતમાં મળવાનો સુયોગ સાંપડ્યો."


ઇંગ્લૅન્ડના મહાકવિ વર્ડ્ઝવર્થે પૂછ્યું, "એવો તે મારા વિશેનો કયો પ્રશ્ન છે, જે તમને અતિ બેચેન બનાવી મૂકે છે ? મારું જીવન તો ખુલ્લી કિતાબ જેવું છે. તમારા મનની જિજ્ઞાસા નિઃસંકોચ કહો."

કવિ-મિત્રએ કહ્યું, “મનમાં એક જ વાત મૂંઝવે છે કે આપ આવી ગંભીર માંદગીમાં પણ જીવન વિશે કેવો પરમ સંતોષ દાખવો છો ? આશ્ચર્યજનક લાગે તેવું પરમ જીવનસાર્થક્ય અનુભવો છો ! આપની વાણીમાં પણ એ જ પ્રસન્નતાનો ધોધ પ્રગટ થાય છે. આનું કારણ શું?”

કવિ વર્ડ્ઝવર્થે કહ્યું, “કોઈ પણ સર્જક એના શબ્દોથી જીવતો રહે છે. એના વિચારો એ એના હૃદયનો ધબકાર હોય છે. એની વાણી એ પ્રજાને અપાયેલો સંસ્કારવારસો હોય છે. આજે મરણપથારીએ વિચારું છું કે મેં જે કાવ્યો આપ્યાં, જે વિચારો આલેખ્યા, જે ભાવપૂર્ણ રચના કરી, એ બધાંને આ જગતમાંથી વિદાય લીધા પછી પણ જગત યાદ કરશે. મારા કોઈ વિચાર કે ભાવ કશાય અંગત સ્વાર્થ માટે કે નવો સાહિત્યિક વાદ ઊભો કરવા આલેખ્યા નથી. મારાં સર્જનોમાં ક્યારેય માનવજાતને અનર્થકારી અથવા તો વિકારયુક્ત વાત મળશે નહીં. આને કારણે જ મારા જીવનકાર્ય અંગે પરમ સંતોષ અનુભવું છું. આ જ છે મારી પ્રસન્નતાનું રહસ્ય !”

જન્મ : ૭ એપ્રિલ, ૧૭૭૦, કોકરમાઉથ, ઇંગ્લૅન્ડ
અવસાન : ૨૩ એપ્રિલ, ૧૮૫૦, કેમ્બરલૅન્ડ, ઇંગ્લૅન્ડ





# હિંમત હારવી નહીં

અપાર જિજ્ઞાસાવૃત્તિને કારણે ચીલાચાલુ અભ્યાસ-પદ્ધતિમાંથી મુક્ત બનીને પોતાને જે વિષયોમાં રસ પડતો હતો, તેવા વર્ગોમાં સ્ટીવ જોબ્સ અભ્યાસ કરવા લાગ્યા. આ સમયે હૉસ્ટેલમાં એમની પાસે રહેવા માટે અલાયદો રૂમ નહોતો. પોતાના મિત્રોની રૂમમાં જમીન પર સૂઈ રહેતા હતા. કોકાકોલાની ખાલી બાટલીઓ પાછી આપીને એમાંથી મળતી રકમમાંથી થોડુંક ખાઈ લેતા હતા. દર રવિવારે સાતેક માઈલ ચાલીને હરે રામ મંદિરમાં જતા, જેથી પેટ ભરીને ભોજન કરવા મળે.

જિજ્ઞાસાવૃત્તિને કારણે એ કૅલિગ્રાફી શીખવા લાગ્યા. એમાં જુદા જુદા પ્રકારના અક્ષરો, આંખને ગમી જાય તેવા અક્ષરના મરોડ, બે અક્ષર વચ્ચે છોડવી પડતી ખાલી જગા, અક્ષરો વચ્ચે અંતર રાખીને એની સુંદર ગોઠવણ - એ બધું કરતાં સ્ટીવ જોબ્સને આનંદનો અનુભવ થયો. વિજ્ઞાન સમજાવી ન શકે એવા સૌંદર્ય અને કલાત્મકતાનો સ્પર્શ અનુભવ્યો. આમ તો કલ્પના પણ નહોતી કે કૅલિગ્રાફી એમને ભવિષ્યમાં ઉપયોગમાં આવશે, પરંતુ દસ વર્ષ બાદ મેકિન્ટોસ કમ્પ્યૂટરની ડિઝાઇનમાં સ્ટીવ જોબ્સે એના આ જ્ઞાનનો ઉપયોગ કર્યો. સુંદર અક્ષરોની

સગવડ ધરાવતું એ પહેલું કમ્પ્યૂટર હતું. જો એમણે સુલેખનનો અભ્યાસ ન કર્યો હોત તો કમ્પ્યૂટરમાં જાતજાતના સુંદર અક્ષરોની સગવડ મળી ન હોત, કારણ કે વિન્ડોઝ એ આ મેકિન્ટોઝ કમ્પ્યૂટરની જ નકલ છે.

વીસ વર્ષની ઉંમરે સ્ટીવ વોઝનેટની સાથે પોતાના ઘરના ભંડકિયામાં એણે એપલ કમ્પ્યૂટર બનાવ્યું અને માત્ર દસ વર્ષમાં તો ભંડકિયામાંથી શરૂ થયેલો આ પ્રયત્ન એપલ કંપનીમાં પરિવર્તિત થયો. બે અબજ ડૉલર અને ચાર હજાર કર્મચારીઓ ધરાવતી એપલ કંપનીમાં મેકિન્ટોસ કમ્પ્યૂટર બનાવ્યું, પણ ત્રીસ વર્ષની વયે મતભેદો થતાં સ્ટીવ જોબ્સને પોતે સ્થાપેલી કંપનીમાંથી પાણીચું મળ્યું. દુનિયા આખીએ એક તમાશાની માફક આ ઘટના જોઈ, પણ સ્ટીવ જોબ્સે વિચાર્યું કે ભલે મારી અવગણના થઈ હોય, છતાં કાર્યો પ્રત્યેનો મારો પ્રેમ તો એટલો જ સાબૂત ને મજબૂત છે. એણે નવેસરથી શરૂઆત કરી. પછીનાં પાંચ વર્ષ એણે પોતાની કંપની 'નેક્સ્ટ' સ્થાપવામાં પસાર કર્યાં. એ પછી બીજી કંપની 'પિક્સલ' સ્થાપી અને એ કંપનીએ 'ટોય સ્ટોરીઝ' નામની પહેલી કમ્પ્યૂટર એનિમેટેડ ફિલ્મ બનાવી.


આ પ્રયાસોએ સ્ટીવ જોબ્સને દુનિયાભરમાં ખ્યાતિ અપાવી. સ્ટીવ જોબ્સનો એનિમેશન સ્ટુડિયો અભૂતપૂર્વ સફળતાને પામ્યો. ઘટનાઓ એવી બનતી ગઈ કે એપલ કંપનીએ ફરી સ્ટીવ જોબ્સને બોલાવ્યો. સ્ટીવ જોબ્સે 'નેક્સ્ટ'માં જે ટેક્નોલૉજી વિકસાવી હતી, તે ફરી એપલના પુનરુત્થાનનું કારણ બની. એ માનવા લાગ્યો કે એપલમાંથી મળેલી રૂખસદ આશીર્વાદરૂપ બની, કારણ કે જો એપલમાંથી એની હકાલપટ્ટી થઈ ન હોત, તો ટેક્નોલૉજીના આવા વિશાળ ક્ષેત્રની ખોજ કરવાની એની સર્જનશીલતાને તક સાંપડી ન હોત.

જન્મ : ૨૪ ફેબ્રુઆરી, ૧૯૫૫, સાન ફ્રાન્સિસ્કો, કૅલિફૉર્નિયા, અમેરિકા
અવસાન : ૫ ઑક્ટોબર, ૨૦૧૧, પોલો અલ્ટો, કૅલિફૉર્નિયા, અમેરિકા



## પીડા અને ઉલ્લાસ

ફ્રાંસનો પ્રભાવવાદી ચિત્રકાર પિયરે-આગુસ્તે રેન્વાએ ચિત્રકલાને પ્રશિષ્ટ અને પ્રાચીન વળગણોના ભારથી મુક્ત કરી નવી તાજગી અને મૌલિકતા આપી. ઐતિહાસિક, ધાર્મિક કે પૌરાણિક વિષયોને તિલાંજલિ આપીને એણે ચિત્રકલામાં જિવાતા જીવનનો ધબકાર રજૂ કર્યો. એનાં ચિત્રોની મોહકતા અને આકર્ષકતા અનોખી રહી. ૧૮૯૨માં રેન્વાની તબિયત કથળી. ૧૮૯૯માં દક્ષિણ ફ્રાન્સના કેઇન્સમાં મોટી જાગીર ખરીદીને કાયમી વસવાટ કર્યો.



૧૯૧૦ પછી એ ચાલી શકતો નહોતો. પથારીમાં પડ્યા પડ્યા આ કલાસાધકે ક્ષણેક્ષણ પોતાની કલા-આરાધનામાં વિતાવી.

ધીરે ધીરે એની આંખોનું તેજ ઓછું થવા લાગ્યું. હાથ ધ્રૂજવા લાગ્યા. થોડી વાર બેસે અને શરીર થાકીને લોથપોથ થઈ જતું. ધ્રૂજતી આંગળીઓથી માંડ માંડ પીંછી પકડી શકતો. મૃત્યુ એના આયુષ્યની નિકટ આવી ઊભું હતું, આમ છતાં ધ્રૂજતે હાથે રેન્વા પીંછી પકડતો અને ધીરે ધીરે પોતાનું સર્જન કરતો હતો.

રેન્વાના સ્વાસ્થ્યની ખબર પૂછવા આવેલા એના મિત્રએ આ કલાકારને કહ્યું, “દોસ્ત, હવે તો રહેવા દે. આખી જિંદગી તેં ચિત્રકલાની અનુપમ ઉપાસના કરી. હવે જિંદગીના અંતે થોડો તો વિશ્રામ કર. આંખે ઓછું દેખાય છે અને આંગળીઓ ધ્રૂજે છે. આખરી ક્ષણો તો આરામમાં વિતાવ.”


રેન્વાએ ધીમા તૂટતા અવાજે કહ્યું, “દોસ્ત ! ચિત્રો એ જ મારો વિશ્રામ છે અને એની સાધના સાથે જ ચિરવિશ્રામ મેળવવો છે. આ ચિત્રો દોરતાં મને પીડા થાય છે ખરી, પરંતુ ચિત્ર-આલેખનના આનંદ સમક્ષ મારી પીડા ઓસરી જાય છે. કહે, આવો વિશ્રામ અને આવો ઉલ્લાસ બીજી કોઈ રીતે મળે ખરો ?”

રેન્વાનો મિત્ર ચિત્રકલાના આ પરમ ઉપાસકને મનોમન વંદી રહ્યો.

જન્મ : ૨૫ ફેબ્રુઆરી, ૧૮૪૧, લીમોગેસ, ફ્રાન્સ
અવસાન : ૩ ડિસેમ્બર, ૧૯૧૯, ફ્રાંસ



# કલાકારની જવાબદારી



હંગેરીમાં વિખ્યાત સંગીતકાર બ્રાહ્મસના ‘કૉન્સર્ટ’નો કાર્યક્રમ યોજાયો હતો. એની સાથે એનો સાથી અને વિખ્યાત વાયોલિનવાદક જોઆકીમ હતો. હંગેરીના પ્રવાસમાં સારી એવી સફળતા મળશે એવી ધારણાથી બંને ઉત્સાહિત હતા. કૉન્સર્ટના કાર્યક્રમમાં સંગીતચાહકો ઊમટી પડશે એવી આશા હતી, પરંતુ એમના પહેલા કાર્યક્રમમાં માત્ર એક જ વ્યક્તિ આવી હતી. આ પરિસ્થિતિ જોઈને જોઆકીમ નિરાશ થયો અને એણે ઉદાસીન સ્વરે બ્રાહ્મસને કહ્યું, “હું માનું છું કે આપણે આજનો કાર્યક્રમ રદ કરવો જોઈએ.”

બ્રાહ્મસે સવાલ કર્યો, “શા માટે ? આપણે કાર્યક્રમ આપવા માટે તો અહીં આવ્યા છીએ.”

જોઆકીમે કહ્યું, “તારી વાત સાચી છે, પણ આપણી હાલત તો જો ! માત્ર એક જ વ્યક્તિ ટિકિટ ખર્ચીને આવી છે.”

બ્રાહ્મસે કહ્યું, “એમાં શું ? આપણે એને માટે કાર્યક્રમ રજૂ કરીશું.”

જોઆકીમે આશ્ચર્ય પ્રગટ કરતાં કહ્યું, “ એક માણસ

માટે ત્રણ કલાકનો આટલો મોટો કાર્યક્રમ રજૂ કરવો એ નરી મૂર્ખતા કહેવાય.”

બ્રાહ્મસે કહ્યું, “જરા વિચાર તો કર. આ પ્રેક્ષક જે સ્થળે રહેતો હશે ત્યાંથી ખાસ આ કાર્યક્રમને માટે અને આપણને સાંભળવા માટે છેક અહીં સુધી આવ્યો છે. આથી પ્રિય જોઆકીમ, આપણે એને ના પાડી શકીએ નહીં.”

જોઆકીમે કહ્યું, “અરે ! ના પાડીએ તો કંઈ આકાશ તૂટી પડવાનું નથી. પૈસા તો પાછા આપીએ છીએ ને !”

બ્રાહ્મસે કહ્યું, “તારી વાત સાચી છે, પરંતુ કલા અને વ્યવસાય પ્રત્યે આપણી પણ કંઈ જવાબદારી છે અને એથીય વધુ આપણે આપણી જાતને જવાબ આપવાનો હોય છે, આથી હું કાર્યક્રમ રજૂ કરીશ.” કાર્યક્રમ રજૂ કરવાની અનિચ્છા પ્રગટ કરીને જોઆકીમ બહાર નીકળી ગયો.


થોડી જ વારમાં બ્રાહ્મસે એક વ્યક્તિના ‘ઓડિયન્સ’ સમક્ષ પોતાનો કાર્યક્રમ શરૂ કર્યો. સાથીઓને એણે કહ્યું હતું કે ગમે તેટલા પ્રેક્ષકો હોય, પણ કાર્યક્રમ પૂરો ત્રણ કલાકનો જ રજૂ થવો જોઈએ. એ રીતે મહાન સંગીતકાર બ્રાહ્મસે માત્ર એક વ્યક્તિની સન્મુખ ત્રણ કલાકનો કાર્યક્રમ આપ્યો.

જન્મ : ૭ મે, ૧૮૩૩, હમ્બર્ગ, હંગેરી
અવસાન : ૩ એપ્રિલ, ૧૮૯૭, વિયેના



## વસ્ત્રોને નિમંત્રણ

ઇંગ્લૅન્ડના પ્રસિદ્ધ નાટ્યકાર જ્યોર્જ બર્નાર્ડ શૉને પાર્ટીમાં આવવા માટે એમની પરિચિત યુવતીએ ખૂબ આગ્રહ કર્યો. બર્નાર્ડ શૉ અત્યંત વ્યસ્ત હતા. વળી પાર્ટીના સમયે એક અન્ય વ્યક્તિ સાથે એમની મુલાકાત નિશ્ચિત થઈ હતી, આમ છતાં, યુવતીએ જીદે ચડીને બ્રિટનની આ મહાન સર્જક પ્રતિભાને આગ્રહ કર્યો.



મશ્કરા જ્યોર્જ બર્નાર્ડ શોએ પહેલાં તો યુવતીની વાતને હસી કાઢી, પરંતુ યુવતી ટસથી મસ થઈ નહીં. આખરે બર્નાર્ડ શૉને નમતું જોખવું પડ્યું. સાંજે બર્નાર્ડ શૉ ઑફિસેથી સીધેસીધા પાર્ટીમાં પહોંચ્યા. યુવતીએ પહેલાં તો આ મહાન લેખકને ઉમળકાભેર આવકાર આપ્યો, પરંતુ એમનાં મેલાંઘેલાં કપડાં જોઈને અકળાઈ ગઈ.

યુવતીએ કહ્યું, “મિસ્ટર બર્નાર્ડ શૉ, આપ તો ઇંગ્લૅન્ડની ઍટિકેટથી વાકેફ છો. પાર્ટીમાં આવાં કપડાં પહેરીને કોઈ આવે ખરું ?”

બર્નાર્ડ શૉએ સંકોચ સાથે પોતાની ભૂલ સ્વીકારતાં કહ્યું, “માફ કરજો. હું શિષ્ટાચાર ચૂકી ગયો. મારી ભૂલ થઈ ગઈ. હું

હમણાં નવાં વસ્ત્રો પહેરીને આવું છું.”

જ્યોર્જ બર્નાર્ડ શૉ ખૂબ ઝડપથી ઘેર પહોંચ્યા અને નવાં કપડાં પહેરીને પાર્ટીમાં હાજર થયા. પેલી યુવતીએ એમનો ઉમળકાભેર સત્કાર કર્યો અને એમના પોશાક અંગે આનંદ વ્યક્ત કર્યો. પાર્ટીનો રંગ બરાબર જામ્યો હતો. પરસ્પર ટોળટપ્પાં થતાં હતાં અને આઇસક્રીમ ખાતા ખાતા મોજ-મસ્તી ચાલતી હતી.

બર્નાર્ડ શૉએ એક ચમચી આઇસક્રીમ લઈને પોતાનાં કપડાં સામે ધરીને કહ્યું, “મારાં માનવંતાં વસ્ત્રો ! તમે આ આઇસક્રીમને ન્યાય આપો. મારા સુંદર ઇસ્ત્રીવાળા કોટ ! આ આઇસક્રીમના હક્કદાર તમે ને તમે જ છો. તેનો સ્વીકાર કરો.”

પાર્ટીમાં ઉપસ્થિત સહુને આશ્ચર્ય થયું. કોઈએ જ્યોર્જ બર્નાર્ડ શૉને પૂછ્યું પણ ખરું કે “તમે વસ્ત્રોને આઇસક્રીમ ખવડાવવાની વાત કેમ કરો છો ?”

બર્નાર્ડ શૉએ કહ્યું, “જુઓ, આ પાર્ટીમાં વસ્ત્રોને નિમંત્રણ હતું. જ્યોર્જ બર્નાર્ડ શૉ તો આવીને પાછો ગયો. આ વસ્ત્રોને પાર્ટીમાં પ્રવેશ અને આદર-સત્કાર મળ્યા છે, માટે આ આઇસક્રીમ મારાં વસ્ત્રોને ખવડાવું છું.”

બર્નાર્ડ શૉની વાત સાંભળીને પેલી યુવતી તો અકળાઈ ગઈ. એણે ગુસ્સામાં બર્નાર્ડ શૉ સામે જોયું. બર્નાર્ડ શૉ એક પણ અક્ષર બોલ્યા વિના એ યુવતીને ‘આવજો’ કરીને સમારંભની બહાર નીકળી ગયા.

જન્મ : ૨૬ જુલાઈ, ૧૮૫૬, ડબ્લિન, આયર્લૅન્ડ
અવસાન : ૨ નવેમ્બર, ૧૯૫૦, હર્ટફોર્ડશાયર, ઇંગ્લૅન્ડ





# દીવાવાળી દેવી

૧૮૨૦ની ૧૨મી મેએ ઇટાલીના ફ્લોરેન્સ શહેરમાં જન્મેલી નાની બાળકી ફ્લોરેન્સ ગામના પાદરી સાથે ઘોડા પર બેસીને ફરવા નીકળી હતી. પાદરીને રસ્તામાં રોજર નામનો ભરવાડ મળ્યો. પાદરી રોજરથી પરિચિત હતા. આ રોજર જ્યારે જ્યારે ઘરની બહાર નીકળતો, ત્યારે એની સાથે અચૂક એનો કૅપ નામનો વફાદાર કૂતરો હોય જ. પાદરીએ જોયું તો આજે રોજન સાથે કૅપ નહોતો, તેથી સ્વાભાવિક રીતે પૂછ્યું, “રોજર, તારો કૅપ ક્યાં ગયો ? મેં તો તને ક્યારેય કૅપ વિના જોયો નથી.”

રોજરે દુઃખી અવાજે કહ્યું, “કેટલાક તોફાની છોકરાઓએ રોજરને પથ્થર માર્યા. એનો આખો પગ સૂજી ગયો. એ જમીન પર પગ માંડીને ચાલી પણ શકતો નથી. અપાર પીડા થાય છે તેને.”

પાદરીએ કહ્યું, “એની પીડા દૂર કરવા માટે તું ક્યા ઉપચાર કરે છે ?”

રોજરે કહ્યું, “ઉપચાર ? એની દશા એવી છે કે હવે કોઈ ઉપચાર કારગત નીવડે તેમ નથી. બીજી બાજુ એની પીડા પણ

હું જોઈ શકતો નથી, આથી મેં વિચાર કર્યો છે કે એને ગળે દોરડું ભીંસીને એને મારી નાખું, જેથી એની સઘળી પીડાનો તો અંત આવે ને!"

રોજરની આ વાત સાંભળતાં જ નાનકડી ફ્લોરેન્સ છળી ઊઠી. એણે કહ્યું, "અરે ! આવી રીતે વફાદાર કૂતરાને મારી નાખવાનો વિચાર કરતાં તમારો જીવ કેમ ચાલે છે ?"

રોજર કહે, "દીકરી, તને ખબર નથી. એ કૂતરો કેટલી બધી પીડા સહન કરે છે. એ પળે પળે વેદના અનુભવે છે. આવી પીડા કરતાં તો મોત એને માટે વધુ વહાલું ગણાય !"


ફ્લોરેન્સ કહે, "એવું તે હોતું હશે ? ચાલ, હું તારી સાથે આવું છું. હું એની સંભાળ રાખીશ."

નાનકડી ફ્લોરેન્સ રોજરને ઘેર ગઈ અને કૅપને લાગેલો ઘા સાફ કર્યા. એના પગ પર શેક કર્યો. થોડા સમયે કૅપના પગનો સોજો દૂર થયો અને કૅપ ફરી હરતો ફરતો થયો. નાનકડી ફ્લોરેન્સના ઉપચારે કૅપને નવજીવન આપ્યું.

એ સમયે આ નાનકડી ફ્લોરેન્સે નક્કી કર્યું કે મારું સમગ્ર જીવન ઘાયલોની સેવામાં પસાર કરીશ. એણે યુદ્ધપીડિતોની સંભાળ લઈને વિશ્વભરમાં ફ્લોરેન્સ નાઇટિંગેલ તરીકે નામના મેળવી. ૧૮૫૪-૫૬ના ક્રિમિયાના યુદ્ધમાં એની કામગીરીએ બેતાલીસ ટકા યુદ્ધ સૈનિકોના મૃત્યુદરને બે ટકા જેટલો કરી દીધો. રાત્રે ડૉક્ટરો સૂઈ જતા ત્યારે આ "દીવાવાળી દેવી" દીવો લઈને ઘાયલોની શુશ્રૂષા કરતાં હતાં. એમણે નર્સિંગને નવો સામાજિક મોભો આપ્યો અને ૧૯૦૭માં "બ્રિટિશ ઑર્ડર ઑવ મૅરિટ"નો ખિતાબ મેળવનાર પ્રથમ સન્નારી બન્યાં.

જન્મ : ૧૨ મે, ૧૮૨૦, ફ્લોરેન્સ, તુસ્કેની
અવસાન : ૧૩ ઑગસ્ટ, ૧૯૧૦, પાર્ક લેન, લંડન, ઇંગ્લૅન્ડ





# ખેડૂતનો વિશ્વાસ

ઇંગ્લૅન્ડના વિખ્યાત નવલકથાકાર એ. જે. ક્રોનિન વ્યવસાયે ડૉક્ટર હતા, પરંતુ બીમાર પડતાં એક પહાડી વિસ્તારમાં હવાફેર માટે ગયા. આ સમયે એમના મનમાં નવલકથા લખવાનો વિચાર સ્ફુર્યો. હાથમાં પેન લીધી. કલાકો સુધી બેઠા; પરંતુ કાગળ પર એક શબ્દ ઉતારી શક્યા નહીં. મન મક્કમ રાખીને ફરી વાર લખવાનું શરૂ કર્યું અને કલમ વેગપૂર્વક ચાલવા માંડી. પછી તો નવલકથા લખતા જાય, એમાં સુધારો કરતા જાય અને થોડું રદ પણ કરે. લખાણમાં ક્યાંક સુધારો હોય, ક્યાંક રદ કર્યું હોય. આટલી બધી ચૅકચાક જોઈને અંતે એ બધા કાગળો ફાડી નાખે. વળી ફરી નવેસરથી લખવાનું શરૂ કરે.

આમ કરતાં કેટલાય મહિનાઓ વીતી ગયા. અંતે નવલકથાનું સર્જન કર્યું ખરું, પરંતુ પુનઃ પઠન કરતાં વળી એમ થયું કે સઘળી મહેનત વ્યર્થ ! આ નવલકથા તો વાચકને સહેજે આકર્ષે એવી નથી. પારાવાર નિરાશામાં ડૂબેલા ને અકળાયેલા ક્રોનિને નવલકથાના એ કાગળો ઘરની બહાર પડેલા કચરાના ડબ્બામાં ફેંકી દીધા. મન હળવું કરવા માટે લટાર મારવા

નીકળ્યા. રસ્તામાં એક ખેડૂતને રેતાળ જમીન પર ખેતી માટે ખોદકામ કરતા જોયો એટલે ડૉક્ટર ક્રોનિને પૂછ્યું, “અરે ભાઈ ! તું જે જમીન ખેતી માટે ખોદી રહ્યો છે, તે તો સાવ ઉજ્જડ છે. એમાં કશું ઊગે તેમ નથી, તો પછી આટલી બધી મહેનત શું કામ કરે છે ?”


ખેડૂતે કહ્યું, “આપ સાચું કહો છો. મારા પિતા પણ આવો જ વિચાર ધરાવે છે, પરંતુ હું ખેતી કર્યા વિના રહી શકતો નથી, કારણ કે મને પૂરો વિશ્વાસ છે કે કોઈક દિવસ તો હું આ વેરાન જમીનને જરૂર ફળદ્રૂપ બનાવીશ.”

ખેડૂતની વાત સાંભળીને ડૉ. એ. જે. ક્રોનિન વિચારમાં પડ્યા અને મનોમન બોલ્યા, “એક નિરક્ષર ખેડૂતને આટલો બધો વિશ્વાસ છે, તો હું આટલું ભણ્યો-ગણ્યો હોવા છતાં આટલો જલદી નિરાશ થઈને કેમ હાર માની લઉં છું.”

ક્રોનિન ઘેર આવ્યા. ફરી નવલકથા લખવાનું શરૂ કર્યું અને એનું નામ રાખ્યું ‘હેટર્સ કેસલ’. ૧૯૩૧માં પ્રગટ થયેલી આ નવલકથા વિશ્વપ્રસિદ્ધ બની અને એના પરથી ફિલ્મનું પણ નિર્માણ થયું.

જન્મ : ૧૯ જુલાઈ, ૧૮૯૬, કાર્ડ્રોસ, અર્ગ્યેલ, ઇંગ્લૅન્ડ
અવસાન : ૬ જાન્યુઆરી, ૧૯૮૧, મેન્ટરૂક્સ, સ્વિટ્ઝર્લૅન્ડ





## પ્રારંભે પ્રયોગ

વિખ્યાત ભૌતિકશાસ્ત્રી અને રસાયણવિદ્ માઇકલ ફેરડે (૧૭૯૧-૧૮૬૭)એ એમના જીવનનો પ્રારંભ બુક-બાઇન્ડર તરીકે કર્યો હતો. ૨૧ વર્ષની ઉંમરે સુવિખ્યાત અંગ્રેજ રસાયણશાસ્ત્રી સર હમ્ફ્રી ડેવીના મદદનીશ તરીકે એમની નિમણૂક થઈ. અહીં માઇકલ ફેરડેએ વિદ્યુત ચુંબકીય પ્રેરણાના પ્રયોગનું એક પ્રદર્શન યોજ્યું હતું. એમનો આ પ્રયોગ જોવા માટે દેશવિદેશથી અનેક લોકો આવ્યા હતા. આ દર્શકોમાં એક મહિલા પણ સામેલ હતી. એ પોતાના નાના બાળકને લઈને આ પ્રયોગ જોવા માટે આવી હતી.

૧૮૨૧માં માઇકલ ફેરડેએ વિદ્યુત મોટરના સિદ્ધાંતની શોધ કરી હતી. એ પછી બે વર્ષ બાદ ક્લોરિન વાયુનું પ્રવાહીકરણ કરનાર એ પ્રથમ વિજ્ઞાની બન્યા. ત્યારબાદ એમણે વિદ્યુત અને ચુંબકત્વ વચ્ચે આંતરસંબંધ રહેલો છે એ હકીકત સ્થાપિત કરી. કેટલાંક પ્રારંભિક નિરીક્ષણો કર્યાં અને ૧૯૩૧માં વિદ્યુત-ચુંબકીય પ્રેરણની ઘટના શોધી કાઢી, જેમાં ચુંબકીય તીવ્રતામાં ફેરફાર થતાં વિદ્યુતપ્રવાહ ઉદ્ભવતો હોય છે અને આ રીતે એમણે વિદ્યુત ચુંબકીય પ્રેરણ માટેના નિયમો પણ આપ્યા.


એમના આ પ્રારંભિક પ્રયોગને જોઈને એ સ્ત્રી અત્યંત ગુસ્સે થઈ અને માઇકલ ફેરડે પાસે પહોંચી ગઈ. એણે કહ્યું, "તમે આવા પ્રયોગો કરો છો એનો અર્થ શો ? આ પ્રદર્શનોમાં લોકોને ભેગા કરીને તમે સહુને બેવકૂફ બનાવો છો."

માઇકલ ફેરડેએ સ્વસ્થતાથી પેલી સ્ત્રીએ કેડે તેડેલા બાળકને બતાવીને કહ્યું, "જુઓ, જેમ આપનું આ બાળક અત્યારે નાનું છે, એમ મારો પ્રયોગ પણ અત્યારે એક નાના બાળક જેવો છે. આજે આપને આપનું બાળક કશા ઉપયોગમાં આવતું ન હોય તેવું બને. એમ આજે તમને મારો આ પ્રયોગ સામાન્ય લાગે તેમ બને, પરંતુ ભવિષ્યમાં આ પ્રયોગ અત્યંત મહત્ત્વપૂર્ણ સિદ્ધ થઈ શકે છે અને એમાંથી કોઈ મહાન શોધ સર્જાઈ શકે છે."

માઇકલ ફેરડેનો જવાબ સાંભળીને પેલી સ્ત્રી મૌન થઈ ગઈ અને હકીકતમાં સમય જતાં માઇકલ ફેરડેનો આ પ્રયોગ અનેક શોધોનું કારણ બન્યો. એણે સૌપ્રથમ ડાયનેમો બનાવ્યો અને વીજ-વિઘટનના મૂળભૂત સિદ્ધાંતોને વ્યાખ્યાયિત પણ કર્યા.

જન્મ : ૨૨ સપ્ટેમ્બર, ૧૭૯૧ ન્યૂઇંગટન, સરે, ઇંગ્લૅન્ડ
અવસાન : ૨૫ ઑગસ્ટ, ૧૮૬૭ હેમ્પટન કોર્ટ, સરે, ઇંગ્લૅન્ડ





## સૈનિકની જિંદગી

ગ્રેટ બ્રિટનના નૌકાદળના વડા હૉરેશિયો નેલ્સન (૧૭૫૮-૧૮૦૫) પોતાના વિશાળ નૌકાકાફલા સાથે દરિયાઇ સફર ખેડી રહ્યા હતા. માત્ર ૧૨ વર્ષની વયે ઇંગ્લૅન્ડનો નૌકાસેનિક બનનાર નેલ્સન વીસ વર્ષની વયે યુદ્ધજહાજનો કપ્તાન બન્યો. એ પછી સમય જતાં નેપોલિયન બોનાપાર્ટ સાથેનાં દરિયાઈ યુદ્ધોમાં બ્રિટનના નૌકાકાફલાની સફળ આગેવાની સંભાળનાર નૌકાધિપતિ બન્યો.

એક વાર પોતાના નૌકાકાફલા સાથે નેલ્સન દરિયાઈ સફર ખેડતો હતો, ત્યારે એકાએક સામેથી દુશ્મનનાં બે જહાજો એમના તરફ ધસી આવતાં દેખાયાં. એ જહાજો અત્યંત વેગથી આવી રહ્યાં હતાં, તેથી નેલ્સને એના યુદ્ધજહાજને અતિ ઝડપે આગળ વધવા હુકમ કર્યો.

આ સમયે નેલ્સનનો એક સૈનિક જહાજમાંથી દરિયામાં ગબડી પડ્યો. એ જીવ બચાવવા કોશિશ કરતો હતો. હાથ વીંઝીને જહાજ તરફ આવવાના મરણિયા પ્રયાસો કરતો હતો, પરંતુ જહાજની ગતિ રોકી શકાય તેમ નહોતી, કારણ કે સામેથી દુશ્મનનાં જહાજો ત્વરાથી સામે આવી રહ્યાં હતાં.


નૌકાધિપતિ નેલ્સનને આ ઘટનાની જાણ કરવામાં આવી એટલે એણે તત્કાળ આદેશ કર્યો કે જહાજ પાછું લઈને ડૂબતા સૈનિકને કોઈ પણ ભોગે બચાવો. જહાજ પરના એના સાથીઓએ કહ્યું કે આમ કરીશું તો દુશ્મનનાં જહાજો આપણને ઘેરી વળશે અને એક સૈનિકને બચાવવા જતાં આપણે બધા દરિયાઈ સમાધિ પામીશું.

નેલ્સને સમજાવ્યું કે એને માટે પ્રત્યેક સૈનિકનું જીવન અતિ મૂલ્યવાન છે અને તેથી એને આમ દરિયામાં જલસમાધિ લેતો, મરણને હવાલે છોડી શકાય નહીં.

જહાજ પાછું લાવવામાં આવ્યું અને સૈનિકને બચાવવામાં આવ્યો. આથી બન્યું એવું કે દુશ્મનોએ માન્યું કે ઇંગ્લૅન્ડનું જહાજ એમની તરફ એ માટે આવી રહ્યું છે કે એની મદદે ઇંગ્લૅન્ડનાં બીજાં જહાજો આવી રહ્યાં છે, આથી દુશ્મનોએ એમનાં જહાજો પાછાં વાળ્યાં અને સહુને એક સૈનિકની જિંદગી બચાવનાર હૉરેશિયો નેલ્સનની દિલેરીનો પરિચય થયો.

| | |
|---|---|
| જન્મ | : ૨૯ સપ્ટેમ્બર, ૧૭૫૮, બુર્હનામ થોર્પે, ઇંગ્લૅન્ડ |
| અવસાન | : ૨૧ ઑક્ટોબર, ૧૮૦૫, કૅપ ટ્રાફલગર, સ્પેન |





## સર્જકનું સાહસ

પ્રસિદ્ધ નવલકથાકાર, ચિંતક અને નાટ્યકાર લિયો ટૉલ્સ્ટોય (૧૮૨૮થી ૧૯૧૦) કુટુંબની વિશાળ મિલકત સંભાળતા હતા અને સમૃદ્ધ જાગીરદાર તરીકે જીવન જીવતા હતા. એમના વૈભવી જીવનમાં એવું પરિવર્તન આવ્યું કે એકત્રીસ વર્ષની વયે પોતાનાં ખેતરોમાં કામ કરતાં મજૂરનાં બાળકો માટે નિશાળ ખોલવાનો સંકલ્પ કર્યો. એમને સમજાયું કે બીજાના શ્રમ પર જીવવું એ પરાધીનતા અને શોષણરૂપ છે. એમણે સંપૂર્ણ સ્વાવલંબન સ્વીકાર્યું.

૧૮૯૦માં રશિયામાં કારમો દુષ્કાળ પડ્યો. સરકારે આ દુષ્કાળ રાહતના કામ માટે સારી એવી રકમ જુદી ફાળવી. જુદી જુદી યોજનાઓ કરી, પરંતુ એ રકમ દુષ્કાળપીડિતો સુધી પહોંચી નહીં. લાંચખાઉં અમલદારોએ એનાથી પોતાનાં ગજવાં ભર્યાં. ટૉલ્સ્ટોયે આ પરિસ્થિતિ જોઈ અને એણે વિચાર્યું કે સરકારના સઘળા પ્રયત્નો દુષ્કાળપીડિતની વેદના ઓછી કરી શક્યા નથી. હવે માત્ર સરકાર પર મદાર રાખીને બેસી રહેવાથી કશું વળશે નહીં એમ માનીને લિયો ટૉલ્સ્ટોયે દુષ્કાળ પીડિતોને માટે પોતે સ્વતંત્ર યોજના ઘડી. આને માટે ઘણું મોટું ભંડોળ

જરૂરી હતું, એટલે એમણે પોતાની અંગત ઓળખાણનો ઉપયોગ કરીને સારી એવી રકમ એકત્રિત કરી. દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં રસોડાં ઊભાં કર્યાં અને લોકોને માટે રાહતકાર્યો શરૂ કર્યાં.

સતત આંતરમંથન અનુભવતા આ દયાળુ, સંવેદનશીલ સર્જક દુષ્કાળમાં ગરીબોની પરિસ્થિતિ જોઈને ઊંડા વિચારમાં પડી ગયા અને એમને લાગ્યું કે દુષ્કાળપીડિતોની અવદશા એ જમીનદારોના પાપનું ફળ છે. એનો કાયમી અંત લાવવો હોય તો અમીર અને ગરીબ વચ્ચેની પ્રચંડ દીવાલો ભેદવી પડે. વળી સમાનતાના ધોરણે સમાજરચના નહીં થાય તો રશિયા કદી સુખના દિવસો જોઈ શકશે નહીં. આ સર્જક મનોમન વિચારમંથન કરીને પોતાનાં તેજાબી લખાણો દ્વારા પોતાનું હૃદગત પ્રગટ કરીને અટકી જનારા નહોતા. એમણે સ્વજીવનમાં આનો સર્વપ્રથમ પ્રયોગ કર્યો. એમણે નિર્ણય કર્યો કે પોતાનાં પુસ્તકોનો કૉપીરાઇટ રાખવો નહીં, લેખક તરીકેના કશા હક્કો ધરાવવા નહીં.

એ સમયે લિયો ટૉલ્સ્ટોયનું ઘરખર્ચ એમનાં પુસ્તકોની આવક પરથી નભતું હતું, આથી એમની સાહિત્યરસિક પત્ની સોન્યાએ વિરોધ કર્યો. એ કૉપીરાઇટ લઈને સોન્યાએ પોતે પ્રકાશન-સંસ્થા સ્થાપીને ટૉલ્સ્ટોયનાં પુસ્તકોની વિશિષ્ટ આવૃત્તિ બહાર પાડીને અઢળક કમાણી કરી, પરંતુ આવી ઘટનાઓએ ટૉલ્સ્ટોયના જીવનમાં ઊંડો આઘાત જગાવ્યો. એમણે પોતાનાં પુસ્તકોના હક્કો સોનિયાને સોંપ્યા, પરંતુ એની સાથોસાથ કેટલાંક પુસ્તકોની આવક લોકકલ્યાણ માટે વાપરવાનું નક્કી કર્યું અને એમ કર્યું પણ ખરું.

| | |
|---|---|
| જન્મ | : ૯ સપ્ટેમ્બર, ૧૮૨૮, યાસ્નાયા, પોલિયાના, રશિયા |
| અવસાન | : ૨૦ નવેમ્બર, ૧૯૧૦, અસ્ટાપોવ, રશિયા |



# માનવજાતની સેવા

પ્રસિદ્ધ વિજ્ઞાની લૂઈ પાશ્ચરમાં વિજ્ઞાનની અદ્ભુત આંતરસૂઝ સાથે વિશિષ્ટ એવી પ્રાયોગિક નિપુણતા હતી. આ બંને વિરલ બાબતોનો એમનામાં સમન્વય હોવાથી લૂઈ પાશ્ચરે માનવજાત અને ઉદ્યોગો માટે ઘણાં મહત્ત્વનાં ંશોધનો કર્યાં. આ સંશોધનોની પાછળ એમની જિજ્ઞાસાવૃત્તિ રણભૂત હતી. કોઈ પણ વાતને એમ ને એમ સ્વીકારી લેવાને લે છેક એના મૂળમાં જઈને એને વિશે વિચાર કરતા અને ી મૂળભૂત પાયાની વિચારણા દ્વારા એમણે કેટલીય ઉપયોગી ધો કરી.




એ સમયે ફ્રાંસનો રેશમ-ઉદ્યોગ સમગ્ર યુરોપમાં પ્રસિદ્ધ હતો, પરંતુ એ સમગ્ર ઉદ્યોગ ભયમાં આવી પડ્યો. ૧૮૬૨માં રેશમના તાંતણા ઉત્પન્ન કરતા કીડાઓ કોઈ રોગને કારણે મરી જવા લાગ્યા. આને પરિણામે આખો ઉદ્યોગ મૃતપ્રાય થાય અને હજારો લોકો બેરોજગાર થાય એવો ભય ઊભો થયો. આ સમયે ફ્રાંસના વિખ્યાત નવલકથાકાર ઍલેક્ઝાન્ડર ડૂમાએ આ વિજ્ઞાનીને વિનંતી કરી. એમણે કહ્યું કે રેશમના કીડાને થતા રોગનું આપ કારણ શોધી આપો અને ઉદ્યોગને બચાવીને રાષ્ટ્રના અર્થતંત્રને સહાયરૂપ બનો.

સમર્થ સર્જકની આ સ્નેહભરી વિનંતી કુશળ વિજ્ઞાનીએ સ્વીકારી લીધી. આને માટે લૂઈ પાશ્ચર પૅરિસ નગરી છોડીને અલાઇસમાં ગયા. અહીં એમણે સંશોધન શરૂ કર્યું. આ ચેપી રોગ માટે અત્યંત સૂક્ષ્માતિસૂક્ષ્મ જંતુઓ કારણભૂત હતાં.

આવો રોગ જન્માવતા બે જીવાણુઓને લૂઈ પાશ્ચરે શોધી કાઢ્યા. પરિણામે એમણે રેશમના કીડાઓને રોગમુક્ત કર્યા. એ પછી લૂઈ પાશ્ચરે મરઘાનાં બચ્ચાંને થતા ચીકન કૉલેરા નામના રોગનો અભ્યાસ કરીને પ્રતિકારક રસી શોધી. એ પછી ઢોરને થતા એન્થ્રેક્સ નામના રોગનો અભ્યાસ કરી એના નિવારણ માટેની રસી પણ તૈયાર કરી અને છેલ્લે માનવી અને પ્રાણીઓને થતા હડકવા ઉપર સંશોધન કરીને હડકવા સામેની રસી તૈયાર કરી. એમણે એ શોધ્યું કે સામાન્ય સૂક્ષ્મદર્શક યંત્રથી ન દેખાતા વિષાણુ (વાયરસ)ને લીધે આ રોગ થાય છે અને તેથી એ વાયરસનો નાશ કરતી રસી તૈયાર કરી. સૂક્ષ્માતિસૂક્ષ્મ જંતુઓને જિજ્ઞાસાથી જોનારા લૂઈ પાશ્ચરે માનવ અને પ્રાણીનાં જીવન માટે મહત્ત્વની શોધો કરી.

જન્મ : ૨૭ ડિસેમ્બર, ૧૮૨૨, ડોલે, ફ્રાન્સ
અવસાન : ૨૮ સપ્ટેમ્બર, ૧૮૯૫, સેન્ટ ક્લાઉડ, પૅરિસ નજીક, ફ્રાન્સ





## માટીનો માનવી

નાની વયથી જ વૉરન બફેટમાં વેપાર કરવાની અને મળેલી રકમનું ઇન્વેસ્ટમેન્ટ કરવાની તીવ્ર ઇચ્છા રહી, આથી એમણે એમનું પહેલું વેપારી સાહસ ચ્યુઇંગમ અને કોકોકોલા વેચવાનું તથા ઘેર ઘેર અઠવાડિક પત્ર પહોંચાડવાનું કર્યું. વેપારમાં રસ એટલો કે પોતાના દાદાની કરિયાણાની દુકાનમાં પણ એણે કામ કર્યું. નિશાળમાં હતા, ત્યારે અખબારો વેચીને કે પછી ગોલ્ફના દડા કે સ્ટૅમ્પ વેચીને એમણે કમાણી કરવાનો પ્રયત્ન કર્યો.

૧૯૩૦માં જન્મેલા વૉરન બફેટે અગિયાર વર્ષની ઉંમરે પહેલો શૅર ખરીદ્યો અને ૧૪મા વર્ષે તો એમણે એમનું પહેલું ઇન્કમટૅક્સ રિટર્ન ભર્યું. વળી અખબાર વેચવાના રસ્તા પર પોતાની બાઇસિકલ ચલાવીને એ પાંત્રીસ ડૉલર બાદ મેળવતા હતા. આમ નાનપણથી જ વેપારવૃત્તિ અને શૅર લેવાની દિલચસ્પી ધરાવનાર વૉરન બફેટ સમય જતાં વીસમી સદીના સૌથી વધુ સફળ ઇન્વેસ્ટર બન્યા અને બર્કશાયર હૅથવે કંપનીના સૌથી મોટા શૅરહોલ્ડર અને ચૅરમૅન બન્યા. ૧૯૪૭માં વુડ્રો વિલ્સન હાઈસ્કૂલમાંથી વૉરન બફેટ ગ્રૅજ્યુએટ થયા, ત્યારે એની વાર્ષિકીમાં એમના ફોટા સાથે એવી નોંધ હતી કે એને 'ગણિત ખૂબ ગમે છે અને ભવિષ્યમાં

મોટો શૅરબ્રોકર બનશે.’

અને એ વાત પણ સાચી પડી કે હાઈસ્કૂલમાં ગણિતમાં કુશળ એવા વૉરેન બફેટ ચપટી વગાડતાં ગણિતના જવાબો આપી શક્તા, એટલું જ નહીં, પણ જ્યારે કંપનીના નફા કે નુકસાનની વાત કરવાની આવે, ત્યારે ફટાફટ આંકડા બોલીને સહુને સ્તબ્ધ કરી શકે છે.

નફા અને નુકસાનની વિગતોની રજૂઆત કરવી હોય તો સૌથી પહેલાં સહુ કોઈ વૉરેન બફેટ તરફ નજર કરે. જીવનમાં એક પછી એક નાણાકીય રોકાણો કરતા ગયા અને નફાનો સિલસિલો સતત ચાલુ રહ્યો. ૨૦૦૮માં વૉરેન બફેટની કુલ સંપત્તિ ૬૨ અબજ ડૉલર હતી. ફોબ્સે એને દુનિયાની સૌથી વધુ અમીર વ્યક્તિ જાહેર કર્યો, પણ વૉરેન બફેટને પોતાની સફળતા કે સંપત્તિ માટે સહેજે ગુમાન ન હતું.

એ ક્યારેય પ્રાઇવેટ જેટ વિમાનની યાત્રા કરતા નહોતા અને અઢળક ધન હોવા છતાં ૧૯૫૮માં માત્ર ૩૧૫૦૦ ડૉલરમાં ઓમાહામાં ત્રણ બેડરૂમવાળું એક સામાન્ય મકાન ખરીદ્યું. વૉરેન બફેટને દેખાડો કરવો સહેજે પસંદ નથી. એ કોઈ પણ પ્રકારના ધનવૈભવના પ્રદર્શનથી દૂર રહે છે. એ કહે છે કે ‘ભીની માટી પર મંદ મંદ સમીર વહેતો હોય ત્યારે ખુલ્લા પગે ચાલતાં જેટલો આનંદ આવે છે, એટલો આનંદ કીમતી મોટર અને મોંઘાં કપડાંથી આવતો નથી.’

જન્મ : ૩૦ ઑગસ્ટ, ૧૯૩૦, ઓમાહા, નેબરાસ્કા, અમેરિકા





## વહેવું એ જ જીવન

વિયેટનામના રાષ્ટ્રનાયક હો-ચી મિન્હ બાળપણમાં અત્યંત સામાન્ય વિદ્યાર્થી હતા. ગોઠિયાઓ આ ઠોઠ-નિશાળિયાની ખૂબ મજાક કરતા અને શિક્ષકો વર્ગમાં એને વારંવાર ઠપકો આપતા. આ બધાને પરિણામે હો-ચી મિન્હને ખૂબ દુઃખ અને આઘાત થતા. એક સમય એવો આવ્યો કે નિશાળનું નામ પડતાં ભયથી કાંપવા લાગ્યો. પોતે બીજાઓની મજાક બની ગયો છે એ વાત એનાથી સહન થઈ શકતી નહોતી અને એને કારણે એને અભ્યાસ તરફ ભારે અણગમો જાગ્યો. એક સમયે એનો જીવનરસ એવો તો ઊડી ગયો કે એને ભોજનમાં પણ રુચિ રહી નહીં.

આખો દિવસ સૂનમૂન બેસી રહે. કશું કરે નહીં. એનાં માતા-પિતાને પણ ચિંતા થઈ અને એમણે એને સમજાવ્યું પણ ખરું કે “પરીક્ષામાં એકાદ વાર નિષ્ફળતા મળે, તો તેથી શું થયું? એવું તો ઘણાના જીવનમાં બનતું હોય છે. એનાથી અભ્યાસને તિલાંજલી અપાય નહીં. નાપાસ થયો એ વાત ભૂલી જા અને ભવિષ્યનો વિચાર કર.”

માતા-પિતા સાંત્વના આપતાં હોવા છતાં હો-ચી મિન્હને નિરાશા અને માનસિક અશાંતિને કારણે કશું સૂઝતું નહોતું. આ

ગમગીનીમાંથી છુટકારો મેળવવો કઈ રીતે ? અંતે એણે આત્મહત્યા કરવાનો વિચાર કર્યો. અંધારી રાત્રે હો-ચી મિન્હ બૌદ્ધ મઠ પાસેથી પસાર થતો હતો ત્યારે એણે મઠમાંથી આવતા અવાજો સાંભળ્યા. ઉત્સુકતાપૂર્વક એ શું કહે છે એ સાંભળવા માટે હો-ચી મિન્હ મઠની અંદર ગયો, તો એક બૌદ્ધ ભિખ્ખુ પોતાના સાથીઓને કહેતા હતા,


"પાણી મેલું કે ગંદું થતું નથી, એનું કારણ એ છે કે એ સતત વહેતું હોય છે. વહેતા પાણીના માર્ગમાં પણ અનેક અવરોધો આવતા હોય છે. એમ છતાં એ વહેતું રહે છે અને એને પરિણામે એક બિંદુમાંથી ઝરણાંમાં, ઝરણાંમાંથી નદીમાં, નદીમાંથી મહાનદીમાં અને મહાનદીમાંથી એ સમુદ્રમાં સમાય છે. આ રીતે વ્યક્તિનું જીવન પણ વહેતું રહેવું જોઈએ. અટકો નહીં, વહેતા રહો."

વિદ્યાર્થી હો-ચી મિન્હ આ સાંભળીને વિચારમાં પડ્યો. ત્યાં વળી એ ભિખ્ખુનો અવાજ સંભળાયો, "પાણી જેમ અવરોધોને ઓળંગીને આગળ ધપે છે, એ રીતે તમારે પણ અવરોધોને ઓળંગીને આગળ વધવું જોઈએ. વહેવું અને ચાલવું એ જીવન છે. કોઈ અવરોધ આવે અને અટકી જાય તો શું થાય ? તમે જાણો છો કે એક જગાએ સ્થિર થઈ જતું બંધિયાર પાણી લીલ અને સેવાળથી સડીને અતિ મલિન બની જાય છે."

હો-ચી મિન્હના ચિત્તમાં આ શબ્દો ગુંજવા લાગ્યા. એણે ગુમાવેલો આત્મવિશ્વાસ પાછો મેળવ્યો અને નક્કી કર્યું કે હવે ગમે તેટલી નિષ્ફળતાઓ આવે, તો પણ નિરાશ થવું નથી અને આગળ વધવું છે. આમ વિચારીને તે ઘેર પાછો ફર્યો અને સમય જતાં દેશનું નેતૃત્વ સંભાળીને ઉત્તર વિયેટનામના સમર્થ પ્રમુખ થયા અને મહાન ક્રાંતિકારી નેતા તરીકે વિશ્વભરમાં એમની પ્રતિષ્ઠા થઈ.

**જન્મ : ૧૯ મે, ૧૮૯૦, કીમ લેઇન, વિયેટનામ**
**અવસાન : ૨ સપ્ટેમ્બર, ૧૯૬૯, હનોઈ, વિયેટનામ**





# સુવર્ણનું ભોજન

જગવિજેતા થવા નીકળેલા સિકંદરે નાની વયથી જ વિશ્વવિજેતા થવાનાં સ્વપ્નો જોવાની ટેવ કેળવી હતી. એના પિતા અને મેસિડોનિયાના રાજા ફિલિપ-(બીજા)ની યુદ્ધપ્રતિભા, મુત્સદ્દીગીરી અને વ્યવહારુ બુદ્ધિ સિકંદરને વારસામાં મળ્યાં હતાં, તો એ સાથે માતાના ગર્વિષ્ઠ અને આવેશમય સ્વભાવનું તેનામાં મિશ્રણ થયું હતું. આવા સિકંદરે વિરાટ સૈન્ય સાથે એક નગર પર વિજય મેળવવા ચડાઈ કરી, ત્યારે એના આશ્ચર્યનો પાર રહ્યો નહીં. આ નગરમાંથી કોઈ રાજા, સેનાપતિ કે સૈનિકો એની સામે લડવા આવ્યા નહીં. એના ગુપ્તચરોએ તપાસ કરીને કહ્યું કે આ નગરમાં એકે પુરુષ જોવા મળતો નથી. માત્ર સ્ત્રીઓ જ નજરે પડે છે.

સમ્રાટ સિકંદરને સવાલ જાગ્યો કે આવી નિઃશસ્ત્ર સ્ત્રીઓ સાથે યુદ્ધ કઈ રીતે લડી શકાય ? હવે કરવું શું ? એ ઊંડા વિચારમાં ડૂબી ગયો. થોડા સમયે સિકંદરને ભૂખ લાગી એટલે એણે આ મહિલા સમુદાયની અગ્રણી મહિલાને કહ્યું,

"મને સૂઝતું નથી, મારે શું કરવું ? તમારી સાથે લડવું કઈ રીતે ? તમારી સાથે કોઈ શસ્ત્રો પણ નથી ! પરંતુ હાલ તો

મને ખૂબ ભૂખ લાગી છે. થોડું ભોજન આપો. થોડા જ સમયમાં કેટલીક સ્ત્રીઓ થાળીઓ લઈને આવી અને એના પર કપડું ઢાંક્યું હતું. ભૂખ્યો સિકંદર ભોજન માટે આતુર હતો એટલે એણે તરત જ એ થાળી પરનું કપડું હટાવી દીધું, તો આશ્ચર્યચકિત થઈ ગયો. એ થાળીમાં માત્ર સુવર્ણના અલંકારો હતા."


ભૂખથી વ્યાકુળ સિકંદરે કહ્યું, "અરે, આ સુવર્ણના અલંકારોનું હું શું કરું ? એનાથી મારી ભૂખ મટશે ખરી ? અત્યારે તો મારે રોટી જોઈએ."

આ સાંભળીને અગ્રણી મહિલાએ ઉત્તર આપ્યો, "શું તમે સોનું નથી ખાતા ? સુવર્ણના અલંકારોનું ભોજન નથી કરતા ? જો તમે માત્ર રોટી જ ખાતા હો, તો તમે બીજાની રોટી છીનવી લેવા માટે નીકળ્યા ન હોત."

આ સાંભળીને સિકંદર એકાએક ઊભો થઈ ગયો. સૈન્યને કૂચ કરવાનો આદેશ આપ્યો. અને એ નગરના દ્વાર પર તત્ત્વજ્ઞાની ઍરિસ્ટોટલના શિષ્ય સિકંદરે એક શિલાલેખ લખાવડાવ્યો, "આ નગરની મહાન સ્ત્રીઓએ અજ્ઞાની સિકંદરને ખૂબ સારો બોધપાઠ આપ્યો છે."

જન્મ : જુલાઈ, ઈ. સ. પૂર્વે ૩૫૬, પેલ્લા, ગ્રીસ
અવસાન : જૂન, ઈ. સ. પૂર્વે ૩૨૩, બેબિલોન, ઇરાક





# મહાનતાનાં બીજ

અમેરિકાના પ્રખર માનવતાવાદી પ્રમુખ અને ગુલામોના મુક્તિદાતા એવા અબ્રાહમ લિંકનનું બાળપણ અત્યંત ગરીબીમાં વ્યતીત થયું. કુટુંબની અછતભરી સ્થિતિમાં અબ્રાહમ લિંકનનો ઉછેર થયો અને એમને સમગ્ર પરિવાર સાથે ઠેર ઠેર રઝળપાટ કરવો પડ્યો.

બાળપણમાં અબ્રાહમ લિંકન એક પરચૂરણ ચીજ-વસ્તુની દુકાનમાં નોકરી કરતા હતા. ત્યારે એક સ્ત્રી ચા ખરીદવા આવી. અબ્રાહમ લિંકને એને ચા આપી; પરંતુ રાત્રે જ્યારે એ હિસાબ-કિતાબ કરવા બેઠો, ત્યારે ખ્યાલ આવ્યો કે એમણે એ સ્ત્રીએ માગી હતી, એના કરતાં અડધી ચા આપી છે અને પૈસા પૂરેપૂરા લીધા છે. હવે કરવું શું ?

લિંકનને ગભરામણ થઈ. પહેલાં થયું કે એ સ્ત્રી બીજે દિવસે ફરિયાદ કરવા આવશે, ત્યારે એને બાકીની ચા આપી દઈશ. વળી મનમાં વિચાર જાગ્યો કે એ સ્ત્રી ન આવી તો શું? કદાચ છેતરાઈ હોવાથી એ ફરી એની દુકાનમાં આવવાનું ઇચ્છે નહીં, તેવું પણ બને.

એ સ્ત્રીથી લિંકન પરિચિત હોવાથી તરત જ ફાનસ લઈને એના ઘર તરફ નીકળી પડ્યો. એનું ઘર ત્રણ માઈલ દૂર હતું. એણે એના ઘરે જઈને એના બારણે ટકોરા માર્યા. એ સ્ત્રીએ દરવાજો ખોલ્યો, ત્યારે બાળક અબ્રાહમ લિંકને કહ્યું,

"મને માફ કરજો. ભૂલથી મેં તમને જે ચા આપી, તે અડધી આપી હતી. આ બાકીની ચા તમે લઈ લો. ઉતાવળમાં મારાથી આ ભૂલ થઈ ગઈ છે."

બાળકની પ્રમાણિકતા જોઈને એ મહિલા આશ્ચર્ય સાથે આનંદ પામી.

એણે બાળક લિંકનને શાબાશી આપતાં કહ્યું, "બેટા, તું મોટો થઈને જરૂર એક મહાન માનવી બનીશ."

**જન્મ : ૧૨ ફેબ્રુઆરી, ૧૮૦૯, હાર્ડીન કાઉન્ટી, કેન્ટુકી, અમેરિકા**
**અવસાન : ૧૫ એપ્રિલ, ૧૮૬૫, વૉશિંગ્ટન ડી.સી., અમેરિકા**





# અદ્‌ભુત અભિવાદન

સ્ટેશન આઈલૅન્ડ વોર હૉસ્પિટલમાં વિખ્યાત કૉમેડિયન જિમી ડૂરાંટ યુદ્ધમાં ઘાયલ થયેલા સૈનિકોથી ખીચોખીચ ભરેલા ખંડમાં પોતાનો કાર્યક્રમ આપતા હતા. કૉમેડિયન જિમી ડૂરાંટ એ સમયે યુદ્ધના મોરચે અથવા તો યુદ્ધના ઈજાગ્રસ્તોની હૉસ્પિટલમાં જઈને હાસ્ય-કાર્યક્રમો આપતો હતો.

જિમી ડૂરાંટની આ કલા પર સૈનિકો વારી જતા હતા. કેટલાય દિવસોથી યુદ્ધના વાતાવરણમાં રહેલા સૈનિકોનું વિસરાયેલું હાસ્ય ફરી પાછું આવ્યું. બીમાર, ઈજાગ્રસ્ત કે વેદનાગ્રસ્ત સૈનિકો સઘળી યાતના વિસારીને ખડખડાટ હસતા હતા અને એને માણતા હતા.

જિમી ડૂરાંટના કાર્યક્રમનો સમય પૂરો થવા આવ્યો. જિમી ડૂરાંટ એની છેલ્લી રમૂજ કહેતો હતો. એ રમૂજ પૂરી થવા આવી એટલે એણે સૈનિકોની વિદાય લેવા માટે હાથ ઊંચો કર્યો. એવામાં લાકડાની ઘોડીના ટેકા પર એક સૈનિક ઊભો થયો. યુદ્ધમાં એના બંને પગ કપાઈ ગયા હતા. એણે જિમી ડૂરાંટને કહ્યું,

"અમે અમારા જીવનમાં કદી આવો આનંદ માણ્યો

નથી.અમારી એકલવાયી, વેદનાગ્રસ્ત જીવનદશામાં તમે સૂર્યપ્રકાશ લઈને આવ્યા છો, તો થોડો વધુ કાર્યક્રમ આપો એવી અમારી માગણી અને વિનંતી છે.”

બીજા સૈનિકોએ પણ તાલીઓ અને પ્રોત્સાહક અવાજો કરીને કાર્યક્રમ હજી આગળ લંબાવવા કહ્યું. આ સમયે જિમી ડૂરાંટ સાથે રહેલા એમના મિત્રએ ડૂરાંટને નજીક આવીને કાનમાં કહ્યું કે ન્યૂયૉર્ક રેડિયો માટેના બે પ્રોગ્રામનું તમારું રેકોર્ડિંગ હજી બાકી છે. એ રેકોર્ડિંગ આજે રાતે કરવું પડે તેમ છે. તે માટે ન્યૂયૉર્ક પહોંચવું જરૂરી છે. વળી, ન્યૂયૉર્ક જતું જહાજ અહીંથી થોડી જ મિનિટોમાં રવાના થશે.

જિમી ડૂરાંટે પોતાના મિત્રને કહ્યું કે તમે ન્યૂયૉર્ક રેડિયોને ના પાડી દો. મિત્રએ કહ્યું, “ના કહીશું તો ઘણી મોટી રકમ ગુમાવવી પડશે, એનો તને ખ્યાલ તો છે ને ?”


જિમી ડૂરાંટે કહ્યું, ‘રકમ ભલે ગુમાવવી પડે, પણ આવા રસિક શ્રોતાઓ જિંદગીમાં ક્યાં ફરી મળવાના છે ?’

આમ કહીને જિમી ડૂરાંટે યુદ્ધમાં ઈજાગ્રસ્ત બે સૈનિકોને બતાવ્યા. આ બંને સૈનિકોનો એક એક હાથ કપાઈ ગયો હતો. એક સૈનિક એક હાથથી અને બીજો તેના હાથથી એમ બંને ભેગા થઈને તાલી પાડતા હતા અને આનંદ માણતા હતા.

જિમી ડૂરાંટે કહ્યું, “જો, મારી જિંદગીમાં ક્યારેય મેં મારી કલાનું આવું અભિવાદન જોયું નથી.” અને પછી આખી રાત આ વિખ્યાત કૉમેડિયને ઈજાગ્રસ્ત ઘાયલ સૈનિકોને પોતાની રમૂજથી હસાવ્યા.

જન્મ : ૧૦ ફેબ્રુઆરી, ૧૮૯૩, મેનહટન, ન્યૂયૉર્ક સિટી, ન્યૂયૉર્ક, અમેરિકા
અવસાન : ૨૯ જાન્યુઆરી, ૧૯૮૦, સાંતા મોનિકા, કૅલિફૉર્નિયા, અમેરિકા





## પણ તેથી શું?

વિશ્વના પ્રારંભકાળના અગ્રણી મોટરઉત્પાદક અને ઔદ્યોગિક ક્રાંતિના પ્રણેતા હેન્રી ફૉર્ડ (૧૮૬૩-૧૯૪૭) એમના ‘ઍસેમ્બ્લી લાઇન’ પ્લાન્ટ માટે વિશ્વભરમાં જાણીતા બન્યા. મોટર કે સ્કૂટરમાં જ નહીં, પણ ઘડિયાળ, રેડિયો, ટેલિવિઝન, રેફ્રિજરેટરના જથ્થાબંધ ઉત્પાદન માટે હેન્રી ફોર્ડનો સિદ્ધાંત સ્વીકારાયો. આગવી સૂઝ ધરાવનાર ઉદ્યોગવીર તરીકે સમગ્ર વિશ્વમાં એમનું નામ જાણીતું હતું. પ્રત્યેક શુક્રવારે સાંજે ઘેર પાછા ફરે ત્યારે ફૂલવાળાની દુકાનેથી ફૂલ ખરીદે.

વૃદ્ધ ફૂલવાળો આ ઉદ્યોગપતિને આદર આપે. થોડું સ્મિત વેરે અને પછી એમના હાથમાં પુષ્પો આપે.

હેન્રી ફૉર્ડને આ વૃદ્ધ માનવીનો વિનય, શિષ્ટાચાર ખૂબ પસંદ પડતો હતો. તેઓ અચૂક શુક્રવારની સાંજે એને ત્યાં ફૂલ લેવા જતા.

એક દિવસ મહત્ત્વાકાંક્ષી હેન્રી ફૉર્ડને વિચાર આવ્યો કે આ ફૂલવાળાએ એની આવડતનો સાચો અને પૂર્ણ ઉપયોગ કરવો જોઈએ. એણે મનમાં મહત્ત્વાકાંક્ષા સેવવી જોઈએ. ઠેર ઠેર ફૂલની દુકાનો ખોલીને અઢળક કમાણી કરવી જોઈએ.

એક શુક્રવારે સાંજે ફૂલો ખરીદ્યા પછી હેન્રી ફૉર્ડ એ વૃદ્ધ માનવીને પ્રેરણા અને પ્રોત્સાહન આપતા હોય તે ઢબે કહ્યું,

"આપની દુકાન ખૂબ સુંદર છે. ફૂલોની સજાવટ પણ બેનમૂન છે. આટલી સારી દુકાન ચાલે છે તો તમારે એની બીજી બ્રાંચ ખોલવી જોઈએ."

ફૂલવાળાએ નમ્રભાવે કહ્યું, "સાહેબ, જરૂર ખોલું. પણ તેથી શું?"

હેન્રી ફૉર્ડે સતત પ્રગતિશીલ આધુનિક ઉદ્યોગપતિના અંદાજમાં કહ્યું, "અરે ! પછી તો આ આખા ડેટ્રોઈટ વિસ્તારમાં તમારી બોલબાલા થઈ જાય. તમને અઢળક કમાણી થાય. એથી વધુ શું જોઈએ ?"

ફૂલવાળાએ વળી પ્રશ્ન કર્યો, "પણ આ બધું કર્યા પછી શું ?"

"અરે ! પછી આગળ જતાં સમગ્ર અમેરિકામાં તમારું નામ ગાજતું થઈ જશે. ફૂલની વાત આવશે એટલે લોકો તમને યાદ કરશે."

ફૂલવાળાએ પૂછ્યું, "એ પછી ?"


"અરે ! એ પછી તમે આરામથી જીવી શકશો. ઠાઠમાઠથી રહી શકશો."

"એ તો હું આજે પણ કરું છું અને આરામથી જીવું છું. કહો, હવે મારે શું કરવું ?"

ફૂલવાળાનો જવાબ સાંભળીને હેન્રી ફૉર્ડ મૌન થઈ ગયા.

**જન્મ : ૩૦ જુલાઈ, ૧૮૬૩, ગ્રીનફિલ્ડ ટાઉનશિપ, મિશિગન, અમેરિકા**
**અવસાન : ૭ એપ્રિલ, ૧૯૪૭, ફૅર લેન, ડર્બન, મિશિગન, અમેરિકા**





# સારાં કામ કરજે

પ્રસિદ્ધ રશિયન નવલકથાકાર, નાટકકાર અને ચિંતક લિયો નિકોલાયવિચ ટૉલ્સ્ટૉયે (ઈ. સ. ૧૮૨૮થી ૧૯૧૦) જીવનની અડધી સદી પૂરી કરી હોવા છતાં સતત જેની શોધ કરતા હતા તે જીવનનું લક્ષ્ય મળતું નહતું. એમના જીવનમાં ભૌતિક દૃષ્ટિએ બધું જ હતું, કિંતુ ભીતરમાં સાવ ખાલીપો હતો. એમનું શરીર સ્વસ્થ અને મજબૂત હતું. આર્થિક રીતે સધ્ધર હતા, સંતાનસુખ પણ હતું અને સમગ્ર યુરોપમાં સર્જક તરીકે એમની કીર્તિ છવાયેલી હતી. આ બધું હોવા છતાં જીવનલક્ષ્યના અભાવે ચિંતનશીલ લિયો ટૉલ્સ્ટૉયને એમ લાગતું કે પોતે દિશાશૂન્ય જીવન ગાળે છે. જાણે પગ નીચેથી ધરતી સરકી ગઈ હોય અને પોતે અધ્ધર લટકતા હોય તેવું અનુભવતા !

લિયો ટૉલ્સ્ટૉયે તટસ્થદૃષ્ટિએ જીવનનો મર્મ શોધવાનો પ્રયાસ કર્યો. આને માટે ખ્રિસ્તી, હિંદુ, મુસ્લિમ, બૌદ્ધ ધર્મશાસ્ત્રોનું વાચન કર્યું. આમાંથી એક નવીન પ્રકાશની ઝાંખી થઈ. સત્યના એ પ્રકાશને પોતાના જીવનમાં સાર્થક બનાવવા કોશિશ કરવા લાગ્યા. અપાર સમૃદ્ધિમાં આળોટનાર જાગીરદાર

લિયો ટૉલ્સ્ટૉયે જરૂરિયાતો ઘટાડીને સ્વાવલંબી જીવન સ્વીકાર્યું. વૃત્તિઓ અને વાસના પર નિયંત્રણ રાખ્યું. ધૂમ્રપાન અને માંસાહાર ત્યજ્યા. અંગત મિલકત અને જાગીરને છોડવાનું વિચારવા લાગ્યા. લોકોની વેદના જાણવા માટે લાસનાયાથી મૉસ્કો શહેર સુધીનો ૧૩૦ માઈલનો પગપાળા પ્રવાસ કર્યો. એક સમયે લોકોથી અલિપ્ત રહેનારા ધનવાન લિયો ટૉલ્સ્ટૉય લોકોની વચ્ચે જીવવા લાગ્યા. એમની 'વોર ઍન્ડ પીસ' તથા 'ઍના કૅરેનિના' જેવી નવલકથાઓએ સમગ્ર વિશ્વ પર કામણ પાથર્યું, પરંતુ હવે લિયો ટૉલ્સ્ટૉયને એમ લાગ્યું કે એમની લેખનશક્તિનો ઉપયોગ જનતાનો અવાજ રજૂ કરવા માટે કરવો જોઈએ. લિયો ટૉલ્સ્ટૉયે આ માટે હેતુલક્ષી નાટકો લખવાં શરૂ કર્યાં.

૧૮૮૨માં 'કન્ફેશન' લખ્યું, જેમાં એમની સભાનકલા અને કલાત્મક પ્રભુત્વ બંને પ્રગટ થયા. ૧૯૮૯માં 'વોટ ઇઝ આર્ટ'માં કલા ખાતર કલાને જાકારો આપ્યો. એમણે ઉપદેશપ્રધાન અને સત્ત્વપ્રધાન માનવકથાઓ લખી. 'ધ પાવર ઑવ્ ડાર્કનેસ' અને 'ધ ફ્રૂટ્સ ઑવ્ એનલાઇટનમેન્ટ' જેવાં નાટકો લખ્યાં. મૉસ્કોના રંગમંચ પર એ નાટકો સફળતાથી ભજવાયાં, પણ એ જોઈને સરકારી અમલદારોની આંખ ફાટી ગઈ. આવાં નાટકો અંગે રશિયાનો ઝાર ખૂબ ક્રોધે ભરાયો, પરંતુ લિયો ટૉલ્સ્ટૉયની પ્રતિષ્ઠા એટલી બધી હતી કે રાજા જેવો રાજા પણ કંઈ કરી શક્યો નહીં. આ સમયે લિયો ટૉલ્સ્ટૉય સહુને કહેતા, "શરીર આવતીકાલે પડી જશે એમ માની બને તેટલાં સારાં કામ આજે જ કરી લેવાં જોઈએ."

**જન્મ : ૯ સપ્ટેમ્બર, ૧૮૨૮, યાસ્નાયા, પોલિયાના, રશિયા**
**અવસાન : ૨૦ નવેમ્બર, ૧૯૧૦, અસ્ટાપોવ, રશિયા**





## કીચડમાં આનંદ

ચીનનો યુવરાજ એકહથ્થું શાસનમાં માનતો હતો. એને પ્રજાનો અવાજ ગૂંગળાવી નાખવાનો શોખ હતો. સત્તાના મદમાં ડૂબેલો યુવરાજ પોતાના રાજકર્તવ્યને વીસરીને પ્રજા પર જુલમ ગુજારતો હતો.

આ યુવરાજે ચીનના પ્રસિદ્ધ દાર્શનિક ચ્યાંગત્સુની દીર્ઘદૃષ્ટિ અને વિચક્ષણ બુદ્ધિની ઘણી વાતો સાંભળી હતી. યુવરાજને મનોમન થયું કે ચ્યાંગત્સુને રાજધાનીમાં બોલાવીને શાસનકાર્ય સોંપીએ તો એની બુદ્ધિનો ઘણો લાભ મળે.

યુવરાજનો સંદેશવાહક દાર્શનિક ચ્યાંગત્સુ પાસે પહોંચ્યો, ત્યારે એ દાર્શનિક સરોવરના સ્વચ્છ જળમાં રમતી માછલીઓને નિહાળી રહ્યો હતો. સંદેશવાહકે યુવરાજનો સંદેશો આપ્યો અને પોતાની સાથે રાજધાનીમાં આવવા કહ્યું.

ચ્યાંગત્સુ તો એમ ને એમ બેસી રહ્યો અને રમતિયાળ માછલીઓ નિહાળતો રહ્યો. સંદેશવાહકની ધારણા હતી કે એની પાસેથી આવા મહત્ત્વપૂર્ણ સમાચાર સાંભળી ચ્યાંગત્સુ આનંદથી કૂદી પડશે, પરંતુ અહીં તો આવા મોટા સમાચાર સાંભળવા છતાં ચ્યાંગત્સુના ચહેરાની એક રેખા પણ ન

બદલાઈ. સંદેશવાહકે ફરી વાર કહ્યું, તો ફરી વાર પણ એ જ પ્રતિક્રિયા.

ચ્યાંગત્સુએ સંદેશવાહકને કહ્યું, "મેં સાંભળ્યું છે કે તારા રાજ્યમાં એક પવિત્ર કાચબાના મૃત શરીરને હજારો વર્ષથી રાજ્યમંદિરની વેદી પર રાખીને પૂજા કરવામાં આવે છે. હા, તો મને કહે કે એ કાચબાને મરી જઈને પોતાની પૂજા જોવી ગમે કે પછી જીવિત રહીને કીચડમાં પડ્યા રહેવું ને હરવું ફરવું ગમે ?"

સંદેશવાહકે કહ્યું, "કીચડમાં હરવું-ફરવું વધુ ગમે."


ચ્યાંગત્સુ બોલ્યો : "તો તમે હવે સિધાવો. હું પણ મારા કીચડમાં હરતો-ફરતો રહીશ. જે સત્તામાં પ્રજાના પ્રતિનિધિઓ હોય નહીં. જે રાજા પોતાની સત્તાના મદમાં પ્રજાકલ્યાણ વિશે કશું વિચારતો ન હોય અને સદૈવ રાજકર્તવ્યની ઉપેક્ષા કરતો હોય તેની સાથે હું કઈ રીતે કામ કરી શકું ?"

જન્મ : ઈ. સ. પૂર્વે ૩૭૦, મેંગચેંગ કાઉન્ટી, બોહુયો, ચીન
અવસાન : ઈ. સ. પૂર્વે ૨૮૭



# હતાશા ચાલે નહીં

વિખ્યાત વૈજ્ઞાનિક થોમસ આલ્વા એડિસન ગ્રામોફોન બનાવવામાં વ્યસ્ત હતા. એમની પ્રયોગશાળા મેમ્બો પાર્ક (ન્યૂજર્સી)માં હતી. આમાં તેઓ મદદ માટે ઇજનેરો અને ભૌતિકશાસ્ત્રના જાણકારોને



રીએ રાખતા હતા. એવામાં વળી એક મુશ્કેલી ઊભી
. એમની ઇચ્છા સંગીતને ઘેર ઘેર પહોંચાડવાની હતી.
ણે એક મશીન બનાવ્યું હતું એમાંથી હળવા અને ભારે
ો નીકળતા હતા, પરંતુ આમાં એક ટૅક્નિકલ મુશ્કેલી
ી થતાં તેને ઉકેલવાનું કામ એડિસને પોતાના સહાયક
ર્જને સોંપ્યું.

બે વર્ષ સુધી જ્યોર્જે પ્રયોગશાળામાં આ ગૂંચ ઉકેલવાનો પ્રયાસ કર્યો. રાત-દિવસ મથ્યો, પણ સફળતા ન મળી. નિરાશ જ્યોર્જ એડિસન પાસે આવ્યો અને બોલ્યો, "મારાથી આ કામ નહીં થાય. આની પાછળ તમારા હજારો ડૉલર અને મારી જિંદગીનાં બે વર્ષ ખર્ચ્યાં અને છતાં કશું હાથ લાગ્યું નહીં. મશીનને બરાબર બનાવી શક્યો નથી. મારી નિષ્ફળતા મને કોરી ખાય છે. કોઈ બીજાને આ કામ સોંપ્યું

હોત તો એણે સંશોધનથી એનો ઉકેલ શોધી આપ્યો હોત. આપના સહાયક તરીકે મારું રાજીનામું આપવા માગું છું.”

આમ કહીને થોમસ આલ્વા એડિસનના ટેબલ પર જ્યોર્જે પોતાનું રાજીનામું મૂક્યું.

એડિસને એ રાજીનામાનો કાગળ ફાડી નાખતાં કહ્યું, “તમારું રાજીનામું નામંજૂર કરું છું.”

જ્યોર્જે કહ્યું, “હું નિષ્ફળ પુરવાર થયો છું, તેમ છતાં આપ શા માટે મારું રાજીનામું સ્વીકારતા નથી ? બે બે વર્ષની મથામણ છતાં હું આ સમસ્યા ઉકેલી શક્યો નથી તે દીવા જેવી વાત છે.”

થોમસ આલ્વા એડિસને કહ્યું, “જ્યોર્જ, હું માનું છું કે ઈશ્વર આપણને જે કોઈ સમસ્યા આપે છે એનો ઉકેલ એની પાસે હોય છે. કદાચ આજે આપણે એ ઉકેલ ન મેળવી શકીએ, પરંતુ એક દિવસ એવો આવે છે કે જ્યારે એનો ઉકેલ કોઈ ને કોઈ શોધી કાઢે છે. માટે તમે પ્રયોગશાળામાં પાછા જાવ અને એનો ઉકેલ શોધવા થોડો વધુ સમય મહેનત કરો.”

---

| | | |
|---|---|---|
| જન્મ | : | ૧૧ ફેબ્રુઆરી, ૧૮૪૭, મિલાન, ઓહાયો, અમેરિકા |
| અવસાન | : | ૧૮ ઑક્ટોબર, ૧૯૩૧, વૅસ્ટ ઑરેન્જ, ન્યૂજર્સી, અમેરિકા |



# પુરુષાર્થની પ્રતિભા

વિશ્વના પ્રસિદ્ધ રસાયણવિદ્ અને સૂક્ષ્મ જીવાણુશાસ્ત્રી લૂઈ પાશ્ચરે (ઈ. સ. ૧૮૨૨થી ૧૮૯૫) એવાં કેટલાંય સંશોધનો કર્યાં કે જેણે આગવી આંતરસૂઝ અને પ્રાયોગિક નિપુણતા ધરાવતા વૈજ્ઞાનિક તરીકે એમને ખ્યાતિ અપાવી. એમનાં સંશોધનોની પાછળ માનવકલ્યાણનો ઉમદા આશય ...ો હતો. વિજ્ઞાની લૂઈ પાશ્ચર ૧૮૬૩માં લિલે યુનિવર્સિટીના ...જ્ઞાન વિદ્યાશાખાના ડીન બન્યા. ૧૮૬૮માં લૂઈ પાશ્ચર પર ...ાઘાતનો હુમલો થયો. અનેકવિધ ઉપકારક સંશોધનો કરનાર ... પાશ્ચર હવે શું કરશે ? કઈ રીતે એમની પ્રયોગશાળામાં ...ોગો કરી શકશે ? એમનો ડાબો હાથ અને ડાબો પગ હંમેશ માટે નિષ્ક્રિય અને નિરુપયોગી થઈ ગયા હતા. માત્ર એક હાથ અને એક પગથી એમણે રોજિંદાં કાર્યો કરવાનાં હતાં. એમાં પણ પારાવાર મુશ્કેલી પડતી હોવાથી ઘણાએ એમ માન્યું કે લૂઈ પાશ્ચર હવે વૈજ્ઞાનિક સંશોધનો કરી શકશે નહીં. કોઈએ તો એવો અફસોસ પણ વ્યક્ત કર્યો કે આવી મહાન પ્રતિભાની શક્તિ છેંતાલીસ વર્ષની ઉંમરે વિલીન થઈ ગઈ.



પરંતુ લૂઈ પાશ્ચર એમ હાર સ્વીકારે તેવા નહોતા. એમણે

થોડો સમય આરામ લઈને પુનઃ સંશોધનકાર્ય શરૂ કર્યું અને નવેક વર્ષમાં તો ફરી નવાં સંશોધનો લઈને માનવજાતને ઉપયોગી બની રહ્યા. એમણે માનવી અને પ્રાણીને થતા અનેક રોગોનું પૃથક્કરણ કર્યું. મરઘાનાં બચ્ચાંને થતો ચિકન કૉલેરા નામના રોગનો ઊંડો અભ્યાસ કરીને ૧૮૮૦માં એના ઉપાય રૂપે રસીની શોધ કરી. ૧૮૮૧માં પ્રાણીને થતા એન્થ્રેક્સ નામના રોગનાં કારણોનો ઊંડાણપૂર્વક તાગ મેળવીને એના નિવારણની રસી તૈયાર કરી અને ૧૮૮૫ની છઠ્ઠી જુલાઈએ હડકવા સામે જગતના સેંકડો માનવીઓને જીવતદાન આપતી રસી તૈયાર કરી.

એમની આ સિદ્ધિ માનવજાતને માટે કલ્યાણકારી બની. આમ પક્ષાઘાત પછીનાં વીસ વર્ષમાં જમણા હાથ અને જમણા પગની સહાયથી આ મહાન વિજ્ઞાનીએ અદ્ભુત શોધો કરી. હકીકત એ છે કે એમના જીવનનું સર્વોત્તમ સંશોધનકાર્ય એમણે આ વિકલાંગ અવસ્થામાં કર્યું.

જન્મ : ૨૭ ડિસેમ્બર ૧૮૨૨, ડોલે, ફ્રાન્સ
અવસાન : ૨૮ સપ્ટેમ્બર ૧૮૯૫, સેન્ટ ક્લાઉડ, પૅરિસ નજીક





## ડરે તે બીજા

અમેરિકાના ૨૮મા પ્રમુખ વૂડ્રો વિલ્સનને એમના સલાહકારે કહ્યું કે 'અમેરિકાના નૌકાદળે ભવ્ય પરાક્રમ કરીને યશસ્વી વિજય મેળવ્યો છે.' વિખ્યાત બંદર ધરાવતા મેક્સિકોના શહેર વેરા ક્રૂઝ પર અમેરિકાના નૌકાદળે યશસ્વી વિજય મેળવ્યો છે. હવે અમેરિકાના લશ્કરને માટે મેક્સિકો શહેરને નિશાન બનાવીને ધ્વંસ કરવાનું સરળ બન્યું હતું. ચોતરફ અમેરિકાના વિજયની પ્રશંસા થતી હતી.

ઘણા સૈનિકોની કુરબાનીની ઈંટ પર વિજયની ઇમારત રચાય છે, એ રીતે અમેરિકાના નૌકાદળના ઘણા યુવાન સૈનિક આ યુદ્ધમાં માર્યા ગયા અને એમના મૃતદેહોને ન્યૂયૉર્ક લાવવામાં આવતા હતા. ન્યૂયૉર્કમાં એમની રાષ્ટ્રસન્માન સાથે મોટા પાયે અંતિમ યાત્રા યોજી હતી.

અમેરિકાના પ્રમુખ વૂડ્રો વિલ્સને આમાં મુખ્ય શોક પ્રદર્શક તરીકે ભાગ લેવાનું નક્કી કર્યું. પ્રમુખના સલાહકારે એમ કહ્યું કે ચોતરફ વિજયનું વાતાવરણ છે, ત્યારે તમે શા માટે અંતિમ વિધિ શોકગ્રસ્ત કાર્યક્રમમાં જાવ છો ?

અમેરિકાના પ્રમુખ વૂડ્રો વિલ્સને જણાવ્યું, "આ કોઈ

શોકગ્રસ્ત કાર્ય નથી. બલ્કે પ્રજાની ચેતના અને રાષ્ટ્રભક્તિની પરાકાષ્ઠા દર્શાવનારો કાર્યક્રમ છે.”

પ્રમુખના સલાહકારે મુખ્ય વાત પર આવતાં કહ્યું કે અમેરિકા અને મેક્સિકો વચ્ચે ઘણા લાંબા વખતથી યુદ્ધ ચાલે છે ! એ બંને પક્ષોને ખૂબ થકવનારું બન્યું છે. એમાં એવી પણ વાતો ચાલે છે કે અમેરિકન પ્રમુખની હત્યા કરવા માટે ઘણાં કાવતરાંઓ યોજાયાં છે.

આ સાંભળીને વૂડ્રો વિલ્સને કહ્યું કે મારી સામે કાવતરાંઓ ઘડાય છે એ માત્ર અફવા પણ હોઈ શકે.

એક વ્યક્તિએ કહ્યું, “શ્રીમાન પ્રમુખશ્રી, તમે વૉશિંગ્ટન ડી.સી. ન જાઓ તો સારું.”

બીજાએ કહ્યું, “હવે ન્યૂયૉર્ક સલામત રહ્યું નથી.”


જ્યારે પત્રકાર તરીકે આવેલી ત્રીજી વ્યક્તિએ કહ્યું, “અમેરિકા એના પ્રમુખને ગુમાવે તે પોસાય તેમ નથી.”

પ્રમુખ વૂડ્રો વિલ્સને જવાબ આપ્યો, “અમેરિકાને પ્રમુખ વગર ચાલશે, પણ બીકણ કે બાયલો પ્રમુખ નહીં પોસાય.”

અને વૂડ્રો વિલ્સને હકીકતમાં ન્યૂયૉર્ક જઈને પ્રમુખ તરીકે સૈનિકોની અંતિમ વિધિમાં આગેવાની સંભાળી.

**જન્મ : ૨૮ ડિસેમ્બર, ૧૮૫૬, સ્ટેન્ટન, વર્જિનિયા, અમેરિકા**
**અવસાન : ૩ ફેબ્રુઆરી, ૧૯૨૪, વૉશિંગ્ટન ડી.સી., અમેરિકા**





# ઈશ્વરનો વિશ્વાસ

ચાર્લ્સ એન્ડ્રૂઝે કૉલેજનો અભ્યાસ પૂરો કરીને પોતાના સેવાના ક્ષેત્ર તરીકે ઇંગ્લૅન્ડના ગુનાખોરીથી ભરેલા વિસ્તારને પસંદ કર્યો. આ ચાર્લ્સ એન્ડ્રૂઝને ભારતે ‘દીનબંધુ’ એવું ઉપનામ આપ્યું હતું.

આવા ‘દીનબંધુ’ ચાર્લ્સ એન્ડ્રૂઝ તોફાની, વ્યસની અને અનેક અનિષ્ટ પ્રવૃત્તિઓથી બદનામ એવા આ વિસ્તારમાંથી પસાર થતા હતા, ત્યારે એક દારૂડિયો એમને અથડાયો.

દારૂ પીને છાકટા બનીને ડોલતા એ યુવાનને ચાર્લ્સ એન્ડ્રૂઝે કહ્યું,

“અરે ભાઈ ! આવી બૂરી હાલત થાય છે, તો પછી દારૂ શું કામ પીએ છે ? દારૂ પીવાનું છોડી દે.”

દારૂડિયાએ એમની વાતનો ઉપહાસ કરતાં કહ્યું, “શા માટે? એનું કોઈ કારણ ખરું ?”

ચાર્લ્સ એન્ડ્રૂઝ બોલ્યા, “આ દારૂ તો માનવને દાનવ બનાવે છે. એ તારે માટે, તારા કુટુંબ માટે વિનાશક બની રહેશે.”

આટલું કહીને દીનબંધુ એન્ડ્રૂઝે પ્રભુપ્રાર્થના કરી - “હે જિસસ ! તું આને માફ કરજે અને એને તારા આશીર્વાદ આપજે.”

ચાર્લ્સ એન્ડ્રુઝની આ હંમેશની રીત હતી. પહેલાં તેઓ લોકોને વ્યસન કે દુરાચાર છોડવાનું કહેતા અને પછી એવી વ્યક્તિને માટે પ્રભુને પ્રાર્થના કરતા.

ભાન ગુમાવી બેઠેલા દારૂડિયાએ બરાડા પાડતાં કહ્યું, “એય ! તું તદ્દન બેવકૂફ છે. તમે કઈ રીતે એમ વિચારો છો કે એ ઈશ્વર મને માફ કરશે.”

આટલું બોલ્યા પછી દારૂડિયાએ ગુસ્સાભેર કહ્યું, “જુઓ ! એની માફી-બાફી કે આશીર્વાદમાં મને સહેજે રસ નથી. ખાલી માથાકૂટ છોડી દો. મને એનામાં (ઈશ્વરમાં) લેશમાત્ર વિશ્વાસ નથી.”

અપાર અનુકંપા સાથે દીનબંધુ એન્ડ્રુઝે કહ્યું, “મારા મિત્ર ! મારા ભાઈ ! તને પ્રભુમાં વિશ્વાસ હશે કે નહીં હોય, પરંતુ એને તારામાં પૂર્ણ વિશ્વાસ છે. એક દિવસ એવો જરૂર આવશે કે જ્યારે તું દારૂ ત્યજી દઈશ.”


દારૂડિયાએ આશ્ચર્યપૂર્વક પશ્ચાત્તાપ સહિત પૂછ્યું, “શું ઈશ્વરને મારામાં વિશ્વાસ છે ખરો ?”

દીનબંધુ એન્ડ્રુઝે કહ્યું, “જરૂર. હું તને એની ખાતરી આપું છું.”

અને એ દિવસથી એ દારૂડિયાએ દારૂ પીવાનું છોડી દીધું.

જન્મ : ૧૨ ફેબ્રુઆરી, ૧૮૭૧, ઇંગ્લૅન્ડ
અવસાન : ૫ એપ્રિલ, ૧૯૪૦, કૉલકાતા, ભારત





# લાગણીનો સ્પર્શ

માનવતાવાદી મહાપુરુષ અબ્રાહમ લિંકન શહેરના અગ્રણીઓની સભામાં રાજકારણના વિષયોની છણાવટ કરતું પોતાનું સર્વપ્રથમ પ્રવચન આપી રહ્યા હતા. શહેરના પ્રબુદ્ધ શ્રોતાજનો અબ્રાહમ લિંકનના રાજકીય વિચારો આદરપૂર્વક એકાગ્રતાથી સાંભળી રહ્યા હતા.

એવામાં એકાએક લિંકનના પુરાણા વડીલ મિત્ર અને ચાહક એવા એક વૃદ્ધ સભામાં ધસી આવ્યા. એ વયોવૃદ્ધ પોતાના નાનકડા ગામડામાંથી ખ્યાતિ મેળવનારા અબ્રાહમ લિંકનને મળવા આવ્યા હતા. સભાજનોને કોણી મારી-મારીને ખસેડતા આ વૃદ્ધ છેક મંચની નજીક આવ્યા. મંચ પાસે ઊભા રહીને એણે લિંકન સાથે હસ્તધનૂન કરવા માટે હાથ લાંબા કર્યા અને જોરથી બોલ્યા,

“કેમ છે ! એબી ?”

ગામડાના વૃદ્ધજને લિંકનને એના ટૂંકા નામે બોલાવ્યો અને એ એટલા જોરથી બોલાવ્યો કે લિંકનના રાજકીય વિષય પરના વક્તવ્યના શબ્દો દબાઈ ગયા.

લિંકને પોતાનું ભાષણ અટકાવીને તથા મંચ આગળ આવીને

નમીને, પેલા વૃદ્ધજનને કહ્યું, “તમે કેમ છો ? અંકલ જિમી.”

આમ કહીને લિંકન એ વહાલભેર મળવા આવેલા વૃદ્ધજનને મંચ પર લાવ્યો અને પોતે જે ખુરશીમાં બેઠા હતા, એ ખુરશીમાં એમને બેસાડ્યા. લિંકનની ખુરશીની બંને બાજુ જિલ્લાના અગ્રણી નેતાઓ બેઠા હતા. વૃદ્ધ ગ્રામજને એ બંને વચ્ચે સ્થાન લીધું અને લિંકને પોતાનું પ્રવચન આગળ ચલાવ્યું.

ગામડામાંથી આવેલા જિમીને પ્રવચન શું હોય છે એની કંઈ ખબર નહોતી, સભા કોને કહેવાય એની કશી સમજ નહોતી. એને તો આસપાસ બધું ચિત્રવિચિત્ર લાગતું હતું. થોડી વારમાં એ અકળાઈ ઊભો થયો. અને લિંકન પાસે જઈને એકાએક પૂછ્યું,

“અરે, એબી. માફ કરજે. હું તને એ પૂછવાનું તો ભૂલી ગયો કે મેરી કેમ છે ? તારાં સંતાનોના પણ ખુશીખબર મેં પૂછ્યા નહીં.”

સહેજે અકળાયા વિના અબ્રાહમ લિંકને કહ્યું,

“એ બધા આનંદમાં છે, અંકલ જિમી.”

આટલું કહીને લિંકને સહેજ હસીને પોતાનું વક્તવ્ય આગળ ચાલુ રાખ્યું. એ પછીના લિંકનના વક્તવ્યના શબ્દોમાં અને અવાજમાં માનવહૃદયને સ્પર્શવાની વધુ ક્ષમતા પ્રગટ થઈ !

પ્રતિકૂળ પરિસ્થિતિમાં સ્વસ્થ રહેનાર માનવીઓ વિરલ હોય છે, પરંતુ એમની એ સ્વસ્થતા એમના જીવનની એક વિશેષ ઊંચાઈને પ્રગટ કરતી હોય છે.

જન્મ : ૧૨ ફેબ્રુઆરી, ૧૮૦૯, હોજેનવિલે, કેન્ટુકી રાજ્ય, અમેરિકા
અવસાન : ૧૫ એપ્રિલ, ૧૮૬૫, વૉશિંગ્ટન ડી.સી., અમેરિકા





## બગીચો કે જંગલ

અંગ્રેજી ભાષાના એક ઉત્તમ કવિ, વિવેચક અને ફિલસૂફ સૅમ્યુઅલ ટેલર કોલરિજ (ઈ. સ. ૧૭૭૨થી ૧૮૩૪)ના પિતા દેવળના પાદરી હતા. અંગ્રેજ કવિઓમાં આ લયલુબ્ધ કવિની રચનાઓ લોકકંઠે ગુંજતી હતી.

કવિ કોલરિજની મુલાકાતે આવેલા મિત્રએ કહ્યું કે તેઓ બાળકોને મૂલ્યલક્ષી અને ધાર્મિક શિક્ષણ આપવાની પ્રથાના પ્રખર વિરોધી છે.

એક સમયે પાદરી બનવાના ઉદ્દેશથી ઈ. સ. ૧૭૯૧માં કેમ્બ્રિજની જિસસ કૉલેજમાં દાખલ થનાર કોલરિજે પૂછ્યું,

“બાળકોને મૂલ્યલક્ષી અને ધાર્મિક શિક્ષણ નહીં આપવું જોઈએ એની પાછળ તમારો તર્ક શો છે ?”

મિત્રએ કહ્યું, “આમાં ક્યાં કોઈ તર્ક કે લૉજિકની વાત છે? આ તો સામાન્ય બુદ્ધિની વાત છે. બાળકોની બુદ્ધિ પરિપક્વ હોતી નથી. એવાં બાળકો પર ધાર્મિક વિચારો લાદવામાં આવે તો તેઓ સારા-નરસાનો ભેદ કરી શકતા નથી. પરિપક્વ બુદ્ધિવાળા છોકરાઓ જ ધાર્મિક શિક્ષણને યોગ્ય રીતે સમજી

શકશે."

કોલરિજ કહે, "બાળકોને આવું શિક્ષણ આપીને એનું જીવનઘડતર કરવામાં તમને વાંધો શો છે ?"

મિત્રએ કહ્યું, "આ તો બાળકોની સ્વતંત્રતા પર તરાપ મારી ગણાય. આને હું એક પ્રકારની માનસિક જોહુકમી માનું છું, સમજ્યા?"


કોલરિજ પ્રત્યુત્તર આપવાને બદલે મિત્રને બગીચામાં લઈ ગયા. એમનો મિત્ર બેહાલ બગીચાને જોઈને બૂમ પાડી ઊઠ્યો, "અરે, આ તો બગીચો છે કે જંગલ ? કેટલાં બધાં ઝાડીઝાંખરાં પડ્યાં છે. કેટલા નકામા છોડ ઊગ્યા છે. આને તમે બગીચો કહો છો?"

કોલરીજે કહ્યું, "જુઓ, હું બગીચાની સ્વતંત્રતામાં માનું છું. એના પર કશું આક્રમણ કરતો નથી. વૃક્ષ, વેલ કે ઘાસને જ્યાં અને જેમ ઊગવું હોય તેમ ઊગવા દઉં છું. એને પરિણામે આ બગીચો તમને જંગલ જેવો લાગ્યો. સ્વતંત્રતાનું પરિણામ જોયું ને !"

પેલા મિત્રને સત્ય સમજાયું અને બોલી ઊઠ્યો, "સાચી વાત, મૂલ્યલક્ષી શિક્ષણથી બાળકોનું જીવનઘડતર કરવું જોઈએ, જેથી આ જગતના બાગમાં સરસ રીતે અંકુરિત થઈને તેઓ ઊગી શકે અને મનપ્રસન્ન થાય તેમ ફૂલી-ફાલી શકે."

જન્મ : ૨૧ ઑક્ટોબર, ૧૭૭૨, ઓટ્ટેરી, સેંટ મેરી, ઇંગ્લૅન્ડ
અવસાન : ૨૫ જુલાઈ, ૧૮૩૪, હાઇગેટ, ઇંગ્લૅન્ડ





## એટલી જ પ્રાર્થના

બોસ્ટન શહેરમાં એક વિરલ સમારોહ યોજાયો હતો. ભૂતપૂર્વ "ફર્સ્ટ લેડી ઑફ અમેરિકા" જેક્વેલિન કેનેડી બોસ્ટનની જ્હોન કેનેડી લાઇબ્રેરીમાં ઉપસ્થિત હતી. સમારંભ હતો ન્યૂજર્સીના ગવર્નર જિમ ફ્લોરિયા પ્રમુખ જ્હોન કેનેડીની સ્મૃતિમાં અપાતો 'પ્રોફાઇલ ઈન કરેજ' ઍવૉર્ડ આપવાનો.

જ્હોન કેનેડીના અવસાન પછી ગ્રીક માલેતુજાર ઓનાસિસને પરણેલી અને વૈધવ્ય પામેલી જેક્વેલિન આ સમયે અત્યંત વ્યથિત હતી. વહેતી થયેલી વાત સાચી હોય તો એનું કોરી ખાતું એકલવાયાપણું એને માટે કૅન્સરના જીવલેણ રોગમાં પરિણમ્યું છે.

આ પ્રસંગે જેક્વેલિન કેનેડી અને એનો પુત્ર જ્હોન કેનેડી (જુનિયર) એકબીજાની બાજુમાં બેઠા હતા. જેક્વેલીન સાથે એના પુત્રએ એક શબ્દ પૂરતો પણ વાર્તાલાપ કર્યો નહીં. જેક્વેલિને એને સામે ચાલીને બોલાવવા કોશિશ કરી, તો જ્હોને પોતાનું મુખ ફેરવી લીધું. પુત્ર પોતાની સાથે બોલવાનો ઇન્કાર કરે અને પુત્રી મળવાનો ઇનકાર કરે એ અનુભવે આ સમારંભમાં જ

જેક્વેલિન કેનેડી ભાંગી પડી. ધ્રુસકે ધ્રુસકે રડતાં એ બોલી ઊઠી,


"હા. આમાં વાંક મારો જ છે. મેં આંખ મીંચીને ધન અને મોજશોખ પાછળ આંધળી દોટ મૂકી હતી. પૈસો હોય તો જગત જખ મારે છે એમ માનીને વૃદ્ધ ઓનાસિસને પરણી. ઓનાસિસે જર-ઝવેરાત અને સમૃદ્ધિનો વરસાદ વરસાવ્યો, પણ એ સમૃદ્ધિથી તો હું સંતુષ્ટ થવાને બદલે સતત સળગતી રહી. મને ખબર પડી કે આ તો ઝાંઝવાનાં નીર કરતાંય વધારે ભ્રામક અને છેતરામણું છે."

આ જેક્વેલિન ઓનાસીસે પોતાની સખી એમીલી સ્ટુઅર્ટનને લખેલા પત્રમાં પોતાની હૃદય વેદના ઠાલવતાં લખ્યું, "અત્યારે હું સાવ નિરાશ, હતાશ અને વ્યથાથી ભરપૂર છું. મારા પુત્ર કે મારાં પોતીકાં જનો મારાં નથી. હું લાંબા વખત સુધી માથું પકડીને બેસી રહું છું અને વિચારું છું હું શું પામી ?

"હે સખી ! મારા વતી પ્રભુને પ્રાર્થના કરે તો એટલું કહેજે કે ધનકુબેર બનવા ચાહતી હું સાવ ખાલી હાથે તારી પાસે આવી છું. હે કરુણાના સાગર ! તેનો તું સ્વીકાર કરજે. કોઈ પણ મેક-અપ વગર, કોઈ પણ ઠાઠ વગર, પત્રકારો, પ્રસિદ્ધિ કે તસવીરકારોના કાફલા વગર તારી સમીપ આવી છું. આજે જેવી છું તેવી મને તું અપનાવજે."

જન્મ : ૨૮ જુલાઈ, ૧૯૨૯, સાઉથમ્પ્ટન, ન્યૂયૉર્ક, અમેરિકા
અવસાન : ૧૯ મે, ૧૯૯૪, મેનહટન, ન્યૂયૉર્ક સિટી, ન્યૂયૉર્ક, અમેરિકા





# હું રહી ન શકું

અમેરિકાના વિખ્યાત ઉપપ્રમુખ થોમસ જેફરસન લાંબી મુસાફરી બાદ થાકેલા અને મેલાં-ઘેલાં સામાન્ય વસ્ત્રો સાથે બાલ્ટીમોર શહેરની એક વિખ્યાત હોટલમાં પ્રવેશ્યા. લાંબા પ્રવાસને કારણે એમનાં કપડાં અસ્વચ્છ થયાં હતાં અને એમનો દેખાવ કોઈ મેલા-ઘેલા ગામડિયા જેવો લાગતો હતો.

બાલ્ટીમોર શહેરની હોટલમાં આવીને થોમસ જેફરસને હોટલના માલિકને પૂછ્યું, "ભાઈ ! તમે મારા માટે કોઈ ઊતરવાની સગવડ કરી શકશો ખરા ? હોટલનો કોઈ કમરો ખાલી છે કે જેથી તમે મને આપી શકો ?"

મેલાઘેલાં વસ્ત્રો જોઈને હોટલના માલિકે પ્રવાસીઓનું પત્રક જોવાને બદલે થોમસ જેફરસનને સીધેસીધી ના જ પાડી દીધી અને કહ્યું, "હોટલમાં ક્યાંય એકે ય કમરો ખાલી નથી."

થોમસ જેફરસને ફરી વિનંતી કરી ત્યારે પિત્તો ગુમાવીને હોટલના માલિકે કહ્યું, 'તમને એક વાર તો કહ્યું કે અહીં તમારે માટે કોઈ જગા નથી. બરાબર સાંભળી લો. તમારા જેવા મેલાઘેલા ગામડિયા માટે આ હોટલમાં કોઈ સ્થાન નથી.'

અમેરિકાના ઉપપ્રમુખ થોમસ જેફરસને શાંતિથી વિદાય લીધી. થોડી વારે એ હોટલમાં હોટલ-માલિકનો મિત્ર દાખલ થયો અને હોટલ માલિકને કહ્યું, "અરે દોસ્ત ! પેલા મેલાઘેલા દેખાતા ઘોડેસવારને ઓળખ્યો ખરો ? જે હમણાં જ અહીંથી નીકળીને બહાર ગયા."

હોટલમાલિકે કહ્યું, "આવા ગામડિયાઓની હું પરવા કરતો નથી. કોણ હતો એ ?"

"અરે ! એ બીજા કોઈ નહીં, પણ અમેરિકાના ઉપપ્રમુખ થોમસ જેફરસન હતા."

આ સાંભળતાં જ હોટલનો માલિક એની ખુરશીમાંથી ઊભો થઈને દોડ્યો. તત્કાળ એમની શોધ માટે બહાર નીકળ્યો. એક અન્ય હોટલમાં થોમસ જેફરસને ઉતારો લીધો હતો.

હોટલમાલિકે કહ્યું, "સાહેબ ! મને માફ કરો. મારાથી અક્ષમ્ય ભૂલ થઈ ગઈ છે. આપ પાછા ચાલો. મારી હોટલનો સારામાં સારો સ્યૂટ આપને આપીશ."


થોમસ જેફરસને કહ્યું, "ના ભાઈ, હવે એ શક્ય નથી."

હોટલમાલિકે કહ્યું, "સાહેબ ! આપને માટે શું અશક્ય હોય ? ચાલો, ચાલો, મારી ભૂલને દરગુજર કરીને ચાલો."

થોમસ જેફરસને કહ્યું, "જો, જે હોટલમાં મેલાઘેલા ગામડિયાને સ્થાન ન હોય, એ હોટલમાં અમેરિકાના ઉપપ્રમુખ રહી શકે નહીં."

જન્મ : ૧૩ એપ્રિલ, ૧૭૪૩, શૅડવેલ, વર્જિનિયા, અમેરિકા
અવસાન : ૪ જુલાઈ, ૧૮૨૬, ચાર્લોટ્સ વિલે, વર્જિનિયા, અમેરિકા





# કેસનો ઉકેલ

અમેરિકાના માનવતાવાદી પ્રમુખ અબ્રાહમ લિંકને એમની કારકિર્દીનો પ્રારંભ વકીલાતના વ્યવસાયથી કર્યો હતો. એક વાર વકીલ લિંકન પાસે એક વ્યક્તિ ધૂંવાંપૂંવાં થતી આવી અને એણે કહ્યું,

'મારે એક વ્યક્તિ સામે કેસ માંડવો છે. એને સીધો દોર કરી નાખવો છે. મારી પાસેથી ઉછીનાં લીધેલાં નાણાં એ પરત આપતો નથી.'

લિંકને વાતને સ્પષ્ટ કરતાં કહ્યું, 'તમે એમ કહેવા માગો છો કે તમે એને અમુક રકમ લોન રૂપે આપી હતી અને હવે એ પાછી વાળતો નથી. ખરુ ને ?'

પેલી વ્યક્તિએ ઉત્સાહભેર ઊછળતાં કહ્યું, 'બસ, આ જ વાત છે. કેસનો મુદ્દો પણ આટલો જ છે.'

લિંકને જરા ગંભીર બનીને પૂછ્યું, 'તમે એને કેટલી રકમ લોન રૂપે આપી છે ? પાંચસો કે હજાર ડૉલર આપ્યા છે ?'

દાવો દાખલ કરવા આવેલી વ્યક્તિ થોડી અચકાઈ. એણે થોડા દબાતા અવાજે કહ્યું, 'જુઓ, રકમ બહુ મહત્ત્વની નથી.

પણ લોન એટલે લોન. આપેલી સમયમર્યાદામાં પાછી વાળવી જોઈએ ને ?'

અબ્રાહમ લિંકને ફરી કેટલી રકમ આપી છે તે પૂછ્યું, ત્યારે પેલી વ્યક્તિએ કહ્યું, 'જુઓ, રકમ તો માત્ર અઢી ડૉલરની છે. પણ ગમે તેટલી ઓછી રકમની લોન હોય, પણ એ લોન પાછી વાળવી તે કર્તવ્ય ગણાય. ખરું ને ? રકમનું મહત્ત્વ નથી, પણ એને બરાબર પદાર્થપાઠ આપવો તે અગત્યનું છે.'

અબ્રાહમ લિંકને કહ્યું, 'તમને એ તો ખ્યાલ છે ને કે મારી ફી દસ ડૉલર છે. તમારે આ કેસ માટે એટલી ફી આપવી પડશે.'

'હા, તમારી ફી આપવા તૈયાર છું. કંઈક એવું કરો કે જિંદગીભર એને બરાબર સબક મળી જાય.'

અબ્રાહમ લિંકને પેલી વ્યક્તિ પાસેથી દસ ડૉલરની ફી લીધી. જેના પર દાવો દાખલ કરવાનો હતો એને પાંચ ડૉલર મોકલ્યા. સાથે જણાવ્યું કે આમાંથી અઢી ડૉલર ઉછીના લીધા છે એને ચૂકવી દેજે અને બાકીના અઢી ડૉલર તારી પાસે રાખજે. બાકીના પાંચ ડૉલર અબ્રાહમ લિંકને પોતાની ફી પેટે રાખ્યા. આ રીતે લિંકને બંને પક્ષને સંતુષ્ટ કર્યા.

જન્મ : ૧૨ ફેબ્રુઆરી, ૧૮૦૯, હોજેનવિલે, કેન્ટુકી રાજ્ય, અમેરિકા
અવસાન : ૧૫ એપ્રિલ, ૧૮૬૫, વૉશિંગ્ટન ડી.સી., અમેરિકા